
ઑગસ્ટ
૧૯૪૭
૨૮૪



કુમાર

આઠે પ્હોર ફુંફાડા કરતો જાગ્રત રહે ભુજંગી
સાવદ રહેજે પહેરો દેજે એમ નહિ રહીએ ઊંઘી
ઝંડા સ્વરાજની રાત્રી
રહો તુજ ઝાલર રણઝણતી
. . . . મેઘાણી

આવતી કાલનાં
નાગરિકોનું
માસિક

તંત્રી
બચુભાઈ રાવત

સંસ્થાપક · રવિશંકર રાવળ

પ્રસ્થાનવેળાએ

ચિત્રકાર • કનુ દેસાઇ

(કલાકારના આગામી પ્રકાશન 'રંગચિત્રો ભાગ-૩'માંથી : કલાકારના સૌજન્યથી)



કુમાર

ઑગસ્ટ ૧૯૪૭ — અંક ૨૮૪

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત.
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ.૭; પરદેશમાં રૂ.૯-૦-૦ અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ કંપની,
મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ, અમદાવાદ.



અંદાજી આંકડા

પાકિસ્તાનનું ક્ષેત્રફળ આશરે સવાબે લાખ(૨,૩૧,૬૨૨) ચોરસ માઇલ; કુલ વસતિ આશરે ૭ કરોડની (૬.૮૭, ૭૭,૯૩૪); હિંદ આશરે ૬ા લાખ (૬૩૦૬૫૧) ચોરસ માઈલક્ષેત્રફળ ને આશરે ૨૨ાા કરોડ(૨૨,૬૯,૮૯,૭૫૩) વસતિ;આમ પાકિસ્તાન, હિંદ કરતાં ત્રીજા ભાગનું થાય છે. દેશી રાજ્યો હિંદથી યે વધુ–૬ાા લાખ ચોરસ માઇલનો પ્રદેશ અને ૯ કરોડની જનસંખ્યા ધરાવે છે.

આઝાદ હિંદ


પણ અધકચરું

જે દિવસે આ અંક બહાર પડશે, બરાબર તે જ દિવસે, ૧૫મી ઑગસ્ટે, આપણો આ વિરાટ દેશ આઝાદ થયો હશે.

પણ એ આઝાદી અધૂરી–અધકચરી હશે: અનેક કારણે મુખ્ય તો એ કે આજ સુધી એક ને અખંડ 'હિંદ'ને નામે ઓળખાતા આ મહાન ખંડનાં અમુક અંગ કપાઇને 'પાકિસ્તાન'ના નામથી તેનું એક જુદું સાંસ્થાનિક રાષ્ટ્ર બન્યું હશે. વળી, બાકી રહેલા ખંડિત ખંડનો પણ અમુક ભાગ અગાઉની માફક જ દેશી રાજ્યોની(તેમાંના મોટા ભાગનાં રાજ્યો હિંદી સંઘ સાથે મળી ગયાં હશે તો પણ તેમની) હકુમતની છાયા નીચે આવરેલો રહ્યાં હશે; અને અમુક રાજ્યો જેમનો નિર્ણય હજી બહાર નથી પડયો તેમની 'સાર્વભૌમ' હકુમત વળી આ દેશના ત્રીજા પ્રકારનાં અંગો પર પ્રવર્તતી હશે આમ, આઝાદી આવી છે, પણ અધૂરી. ગુલામીની રાત વીતી છે, પણ, આ અંકમાંના એક કાવ્યમાં કહ્યું છે તે પ્રમાણે 'વાદળે વહાણું' વાયું છે. છતાં વહાણું તો વાયું જ છે; આપણે તેનું સ્વાગત કરીએ અને પ્રકાશમાન પ્રભાત માટેનો સર્વતોમુખી પુરુષાર્થ કરીએ.

આ ઉપરનો નકશો ૧૫મી ઑગસ્ટના એ આઝાદીના દિવસે હિંદ કેવું હશે તેનો ખ્યાલ આપશે. એમાં પશ્ચિમ પંજાબ ને પૂર્વ બંગાળના જે ભાગ 'પાકિસ્તાનમાં જોડાવાના છે તેની સરહદની રેખા હજી ચોક્કસ અંકિત થઈ નથી; પાકિસ્તાન પ્રદેશ ત્રાંસી લીટીઓથી છાએલો બતાવ્યો છે તેમાં સરહદપ્રાંતના અનિશ્ચિત ભાગ પર આછી લીટીઓ દર્શાવી છે; અને દેશી રાજ્યોમાં પણ જેમનો નિર્ણય હજી બહાર નથી પડયો તેમનામાં ઘેરાં ટપકાં બતાવ્યાં છે બાકીનાં હિંદી સંઘમાં જોડાએલાં રાજ્યોનો પ્રદેશ આછાં ટપકાંથી દર્શાવેલો છે. શેષ સફેદ ભાગ સ્વાયત્ત હિંદી સંઘનો છે.

હિંદ અને પાકિસ્તાન બે ભાગ તો પડયા છે; પણ તે એક જ શરીરના હોવાથી તેમને ઘણી બાબતોમાં એકબીજા પર આધાર રાખ્યા સિવાય છુટકો નથી. કાપડ, શણ, ખાંડ, લોખંડ, સિમેન્ટ, કાગળ, કાચ ઈત્યાદિનાં લગભગ બધાં જ કારખાનાંઓ તથા કોલસો, લોખંડ, મૅંગેનીઝ વગેરે ઘણાખરા ખનિજ પદાર્થોની ખાણો હિંદ જ ધરાવતું હોવા છતાં તેને અનાજની બાબતમાં પાકિસ્તાન ઉપર આધાર રાખવો પડશે, કેમકે અનાજનું મોટા પાયા પર ઉત્પાદન કરતા પ્રાંતો પંજાબ, સિંધ અને બંગાળ પાકિસ્તાનમાં આવેલા છે. વળી પાકિસ્તાન અનાજ ઉપરાંત રૂ, કાચું શણ ઇત્યાદિ બાબતમાં પણ સ્વયંપૂર્ણ છે. છતાં તેને કાપડ ને સાંચા આદિ તૈયાર વસ્તુઓ માટે તથા ખનિજ પદાર્થ માટે તો હિંદ પર આધાર રાખવો પડશે. ઉપરાંત, આ ખંડની કુદરતી સીમાઓ પણ એવી છે કે સંરક્ષણના પ્રશ્ન પર પણ બંનેએ સાથે મળીને જ કાર્ય કરવું પડશે.



जयोऽस्तु !

· પૃથ્વી ·

जयोऽस्तु विजये! જયે! વિજય હો સદા તાહરો!
પ્રલંબ નિશિ અંત, આ ઉદયભાનુ વ્યોમે ચઢ્યો!
પદે કમલ અર્પીએ, તવ લલાટ આ કુંકુમ,
શિરે મુકુટ સ્થાપીએ પરમ હીરકોનો શુભ.

અહો ઝળહળે ધજા ગિરિશિરેથી ઉત્તુંગ શી!
દિશેદિશ ભરી રહી અમર તાહરી શૃંગશ્રી.
હવે જગતનેત્ર મુગ્ધ મુખ તારું પેખી રહો,
સમસ્ત મનુજાતિકર્ણ ઋત-ગાન તારું રહો.

સદૈવ; જનની શુભે! અમૃતની રહી તું નિધિ,
સદૈવ તવ અંતરે સ્ફુરતી ઈશની સંનિધિ,
ધરા–મનુજ–સ્વર્ગ–દિવ્ય ચિતિ એમ સોપાન કૈં
ચડી યુગયુગોમહીં તું જગને ય ત્યાં જા લઈ.

નમોઽસ્તુ, વરદે! મહા મધુર હે જગન્માતર!
ઉદાર સ્મિત તારું આ જગ રચો સુધાસોવર.

સુન્દરમ્

સ્વાતંત્ર્ય-જન્મ અંગે લખાએલું શ્રી સુન્દરમ્‌નું આ સૉનેટ પ્રકટ કરતી વખતે, આ જ સ્વાતંત્ર્યકૂચ શરૂ થઈ તે વેળા એમનું 'કુમાર'માંનું પહેલું સૉનેટ યાદ આવે છે; અને આ નીચે તે પણ પ્રકટ કરીએ છીએ.

જવાન દિલ! ક્યાં તું ઓ? નવયુગીય આહ્વાનનાં
ગડે ડડડ દુંદુભિ, રણતુરી સ્વરે કારમે
ભરે દશ દિશા: 'ચઢો સપુત સજ્જ થઈ શત્રુને,
મરો, પગ ડગો ન હાં! સમય' આખરનો ખરે!'

ચઢ્યા સુભટ કાંઇ તો ય રણયજ્ઞ આ પૂર્ણ ના,
જવાન! જશ ખાટવો તવ નસીબ જાણે લખ્યો!
જ્વલંત દિલજ્યોતિ, શુદ્ધ રુધિરે, ભર્યાં ગૌરવે
બઢો કદમ કૂચમાં, વિજય પાસ હૂકે ખરે!

ખરે, વિજય પાસ; આ અબઘડી પડ્યાં શત્રુ જ્યાં
ચઢ્યા નવજવાનિયા અડગ, ધીર ને સંયમી,
દરેક કૃતનિશ્ચયી, દિલ સ્વતંત્રતાને ભરી,
અમોઘ ધરી શસ્ત્ર એ વિજયપંથ દળ ઊમટ્યું!

ધસ્યું દળ સમુદ્રવારિ ગહને લહ્યાં કૌતુકો;
ખરે! વિજય પાસ, આ અબઘડી પડ્યો શત્રુ તો!

૧૫મી ઑગસ્ટે

· અનુષ્ટુપ ·

નમું હું જનની! આજે નમું હું તુજને ફરી,
પ્રાણની શક્તિનાં પાણી,–
પ્રજ્ઞાનાં ફૂલ પુષ્પ, ને
હૈયાના ભાવનાં કંકુ કેરી તે અંજલિ ધરી
નમું હું જનની! આજે નમું હું તુજને ફરી.

આજ સંગ્રામને અંતે ઊગે છે જયનો દિન.
લીલી આઘરાણી, વ્યોમે છંટાતી કેસરી પ્રભા;
પલ્લવે પલ્લવે, પંખી કેરી પાંખે, દિશાભરી
આજ ઉદ્‌ગીથની ગુંજે નવ્ય ઉત્થાનની ઋચા.
ત્યારેયે ક્ષણ તો મારાં બાંધવોને સ્મરી લઉં:
રાહુના બંધમાં બંધાએલી તે ચંદિરા સમી
તને, ઘેરા થકી પાછી આણવા નિત્ય ઝૂઝતાં
—જે માગે જિંદગી ધરી
અરિના ખડ્‌ગની તાતી ધારને ખંડિતા કરી.

એમનાં લોહીની ઉષ્મા, તમન્ના ધ્યેયસિદ્ધિની!
કાંટાળા વગડામાંથી કાઢીને માર્ગ દુસ્તર
તરીને સિંધુ, ને
ઉલ્લંઘી અદ્રિ જે ઊભા છાતીની સરસા દઢ–
જોયાં ના રાતદિ, ઝીલી અગ્નિકે બર્ફની ઝડી
અન્યને જિંદગી દેવા જે માગે મૃત્યુની ઘડી
ઊજવી આત્મના ઊંડા ઉલ્લાસે; શૃંગને શિરે
વ્યોમશોભા સમો રોપ્યો આ પણે ધ્વજ ઉન્નત
એમની પ્રાપ્તિનાં આજે અમે તો ધન્ય વારસ.
નમું હું સૌ શહીદોને, જે મણે યજ્ઞના બલિ
બનીને શ્રાવણી માસે મુક્તિની વર્ષણા કરી.

મંદિરે મંદિરે વાજે શંખોનો મંગલ ધ્વનિ,
દુંદુભિનાદ, ને નાના લોકના જયઘોષથી
દિશાના બંધ તૂટતાં;
કોટિધા દીપમાલાથી ઝગાતા સૌ નિહારિકા.
વ્હાલું જે કૈં હતું તે સૌ
અને જેને કદી કીધું અવજ્ઞાથી તિરસ્કૃત
તે ય તે
મુક્તિની આ હવામાંહીં નવો પ્રેમ જગાવતું.
આજ તો હું મને યે કો
અજાણી લાગણી કેરા સ્પર્શે જાણે ચઢી રહું.

ઝૂઝા'ની ડોક જે, તેના છટાથી કેશ ઊડતા.
મૂંગા જે હોઠ રે તેનાં અંકાશે ગીત ગુંજતાં,
અંધારાં ભરતી આંખે ભર્ગનાં તેજ ફૂટતાં,
આગ શો પ્રાણવાયુ આ છાતીમાંહીં રમી રહ્યો
હુંકારે એહના બ્રહ્માંડોમાં શા કંપ ઊઠતા!

અમારા કાર્યનો આંહીં અંત ના...
સર્વના શ્રેયની લાંબી યાત્રા કેરા પ્રયાણનો
થતો પ્રારંભ તેનો આ રૂડો છે પર્વનો દિન

દેહનાં ભિન્ન અંગો સૌ ચિત્તના તંત્રથી છૂટી
પોતાને અન્યના ભોગે જાણે કે પોષવા ચહે–
તેમ આ પૃથ્વીને ખંડે ખંડે સૌ આથડે પ્રજા.
મેધા કેરા નિયંત્રણે
સર્વને એકબીજાના સુમેળે વર્તતા કરી,
–પ્રત્યેકે અંગના મેળે દેહ, ને દેહથી વળી–
અમારે રચવું પ્રેમે મ્હોરેલા વિશ્વ-કુળને.

અમારા સંઘની ઊડે પતાકા વ્યોમવ્યોમમાં:
લીલો છે વસુધા કેરા પ્રેમનો રંગ જે મહીં,
સર્વની શાન્તિનો શ્વેત, કેસરી ત્યાગનો, અને
મધ્યમાં સોહતું પેલું ચક્ર છે ચક્રવર્તીનું.
અમારી ભાવનાઓને નિગૂઢી શક્તિઓ તણું
યાત્રાને પગલે પગલે મળી રે'જો મહાબલ.

તારી આશિષને ચહી,
પ્રાણની શક્તિનાં પાણી,
પ્રજ્ઞાનાં કુંદ પુષ્પ, ને
હૈયાના ભાવનાં કંકુ કેરી તે અંજલિ ધરી
નમું હું જનની ! આજે નમું હું તુજને ફરી.

રાજેન્દ્ર શાહ

વાદળે વહાણું
[૧૫મી ઑગસ્ટ: '૪૭]

· મંદાક્રાન્તા-સ્રગ્ધરા ·

જાગૃતિમાં જખમ, લબકારા સહી નિંદમાં યે
ઓવારી દે સકલ નિજનું ઝંખતા'તા જનો જે
ઊગી ઊગી ઘન તમસ ભેદી ઉષા એ જ ઊગી !
વીતી રાત્રી અતીવ કપરી દોઢ સૈકાની દીર્ઘ !
ચૂરા કીધા નિજ કરતણાં કંકણોના વધૂએ,
કેલૈયાશા કુંવર બતરીશા ધરી દીધા માતે,
બાપે બેટા—જિરણ વયનો એક આધારમાત્ર,
બ્હેને બંધુ—અરપણ કર્યું જેહથી જે બન્યું તે.
આજે સૌ એ સમરપણનું ધન્ય સાફલ્યટાણું,
ત્યારે શાને ધુમસધુસરૂં વાદળે વાય વ્હાણું ?
આંખો ચોળી જનગણ જુએ, જોઈ ઊંજેશ આછા
ઊછાળા રે ઉરઉમળકાના પડી જાય પાછા.
ને સૌથી યે અધિક ગરવાં તો ય કારુણ્યઘેરાં
ચક્ષુ પેલાં દુરબળ છતાં આભની પાર જોતાં;
અંધારાંનાં ગરલ વસમાં પી અનાસક્ત ઊભો
શંભુ જેવો અચલ તપસી મોખરે મેદનીને—
અંગુલીથી બતાવે અસલ ઝલક જે દૂર આવે લપાતી,
જોતી નૈરાશ્ય છાંડી ક્ષિતિજપટ ભણી મેદની મીટ માંડી.

બાલમુકુન્દ દવે

[વાદળઘેર્યા થતા સૂર્યોદયને આપણે 'વાદળે વહાણું' કહીએ છીએ. આપણો આઝાદી સૂર્ય પણ દોઢ સૈકાના અંધકાર પછી એવો વાદળઘેર્યો જ ઊગ્યો ! બધી વિષમતાઓ ઘોળીને પણ મુક્તિની અસલ ઉષા તરફ જનતાને દોરી જવાનો ભગીરથ પુરુષાર્થ કરી રહેલા ગાંધીજીનો નિર્દેશ છેલ્લી બે લીટીમાં છે.]

સ્વાતંત્ર્ય આવ્યું છે ત્યારે

મનન

સ્વતંત્રતા ! એ એક શબ્દને ખાતર પ્રત્યેક દેશના કેટકેટલા બત્રીસ લક્ષણાઓએ પ્રાણ પાથર્યાં છે ! આપણા દેશે પણ તેને માટે કેવી અખંડ તપશ્ચર્યા કરી છે, કેવાં અનંત કષ્ટો સહ્યાં છે ? આજે એ સર્વનું મહાન ફળ મળ્યું છે.

પણ સ્વાતંત્ર્ય આવ્યું એટલે હવે સુખ–સમૃદ્ધિ આવી ગઈ છે, એમ રખે માનીએ; અને સ્વાતંત્ર્ય એટલે સ્વચ્છંદીપણે વર્તવાની છૂટ પણ નહિ. સ્વાતંત્ર્ય એટલે તો જવાબદારી–મહાન જવાબદારી. સ્વાતંત્ર્યનો જે અમૂલ્ય ખજાનો આપણને મળ્યો છે તેનું રક્ષણ કરવા આપણે દરેકે હવે ખડે પગે તૈયાર રહેવું પડશે. 'પહેલાં દેશનું હિત પછી વ્યક્તિનું હિત' એ સિદ્ધાંત આપણે અપનાવવો પડશે. ઉત્સાહની ગરમીમાં તાત્કાલિક બલિદાનો ઘણી વાર સરલ હોય છે, પણ ઠંડી તાકાત વડે આપવાનો ભોગ કપરો હોય છે. દેશની હાક પડતાં ગરમ બલિદાનો દેવા જેમ બહાર પડતા તેમ હવે ભીષણ કામગીરીની ઠંડી તાકાત બતાવવા બહાર પડવું પડશે.

કોઇ પણ રાષ્ટ્રનું સ્વાતંત્ર્યમંદિર મજબૂત રીતે ટકી રહેવા ચાર પાયાના સ્તંભો અચલ હોવા જોઇએ: સ્વદેશાભિમાન, શિસ્ત, ચારિત્ર્ય અને ત્યાગ. આપણા આ ચાર સ્તંભો આપણે મજબૂત બનાવીએ જેથી, આપણું સ્વાતંત્ર્યમંદિર यावच्चंद्रदिवाकरौ ગૌરવથી ઊભું રહી શકે. આપણા પ્રત્યેકમાં એ દરેક ગુણ કાંચનશુદ્ધ રીતે ખીલ્યો હશે તો જ આપણું રાષ્ટ્ર સુદૃઢ રીતે ઊભું રહી શકશે. મહાન ઘૂઘવતો સાગર અંતે તો એકએક નાના ટીપાનો સમૂહ જ છે; એમ એક-એક વ્યક્તિના શુદ્ધ બલના સમૂહમાંથી જ સમર્થ રાષ્ટ્ર બની રહેશે.

સ્વાતંત્ર્ય આવ્યું એટલે આપણું કાર્ય પૂરું થયું છે એવી ગફલતમાં રખે રહીએ ઉલટું હવે જ આપણું ખરું ને ભીષણ કાર્ય શરૂ થાય છે. એ સ્વાતંત્ર્યને શોભાવવા, એને લાયક બનવા તથા એને ટકાવવા હવે તો અગાઉ કરતાં પણ અનેકગણાં પરિશ્રમ અને તપશ્ચર્યા કરવાં પડશે. કંઇક અંશે ૧૯૧૮માં ક્રાંતિ પછી રશિયાની જે સ્થિતિ હતી તેવી જ સ્થિતિ આજે આપણી છે. આપણા આ વિશાળ સીમાઓવાળા ઘરનો વહીવટ આપણે જ કુશળતાથી તથા કુનેહથી ચલાવવાનો છે. તે વહીવટ સરળતાથી ચાલે તે માટે હજારો લાયકાતવાળા માણસોની જરૂર છે. દરેકેદરેક ક્ષેત્રમાં કામોના ડુંગર પડ્યા છે વહીવટીતંત્ર ને ધારાકીય ફરજો, લશ્કર ને ખેતીવાડી, ગ્રામોદ્યોગ ને યંત્રોદ્યોગ, શિક્ષણ ને સમાજસુધાર, નહેરો ને વહાણવટું, પ્રત્યેક ક્ષેત્રમાં હજારોની બુદ્ધિશક્તિની આજે જરૂર છે. એ માટે જરૂરી આવડત, અભ્યાસ, કુનેહ તથા કર્તવ્યબુદ્ધિ ખીલવવાં પડશે. એ રીતે સ્વરાજ્યનો બોજો ઉપાડવા આપણે આપણા ખભા મજબૂત નહિ બનાવીએ તો તે બોજો આપણને જ કચડી નાખશે.

આ જે હિંદ નાગું ભૂખ્યું છે. કરોડો લોકોને બે ટંક પૂરું ખાવાનું મળતું નથી, ને લજ્જા-રક્ષણ માટે કાપડનો ટુકડો મળતો નથી. હજારો માણસો કોઈ પણ જાતના વૈદકીય ઉપચાર પામ્યા સિવાય જ મૃત્યુ પામે છે. દેશની જે ઊગતી પ્રજાનાં હાડ નાનપણથી જ બંધાવાં જોઇએ તેને ઘી-દૂધનાં દર્શન પણ થતાં નથી. ખેડૂત દેવા નીચે દબાએલો છે, વેપારી સ્વાર્થમાં રચ્યોપચ્યો છે અને આમ પ્રજા વહેમ તથા કુરૂઢિઓમાં ઘેરાઈ નિ:સત્વ, નિર્વીર્ય બની ગઇ છે. શહેરો સ્વાર્થનાં ને ગામડાં કાવાદાવાનાં ધામ બની રહ્યાં છે. નવયુવાનોમાં સ્થિર, શાંત આસનબદ્ધ કાર્ય કરી બતાવવાની તપસ્યા કે ઠંડી તાકાત નથી. આખો દેશ એક બાજુએ દૈન્ય અને દુ:ખથી તથા બીજી બાજુ સ્વાર્થ અને પ્રપંચથી ખદબદી રહ્યો છે. આ છે આજના હિંદનું ચિત્ર. એ ચિત્ર ભૂંસી નાખીને તેના પર ચારિત્ર્યના તેજ ને પરિશ્રમના પ્રવાહીથી સર્જેલા તેજસ્વી રંગો વડે દેદિપ્યમાન ભારતનું ચિત્ર આપણે સર્જવાનું છે. આવો, આપણે ખભે ખભા મિલાવીને એ મહાન કાર્યમાં પ્રવૃત્ત થઇએ.

દેશના જુવાનોને આજે જ ખરી હાકલ પડી છે. આવેલી સ્વતંત્રતાનો એ સંદેશ છે—સાદ છે.

સ્વાતંત્ર્યના શહીદો

[૧] મંગળ પાંડે

સ્વરાજ્યનું સુફળ ચાખવાના આ સુભગ દિને, તેને ખાતર થએલાં સેંકડોનાં બલિદાન, હજારોના ત્યાગ ને લાખોની વેદનાઓને આપણે ન ભૂલીએ. સ્વાતંત્ર્યવૃક્ષનું બી પ્રથમ ૧૮૫૭માં વવાયા પછી અસંખ્ય શહીદોએ પોતાના જે ધગધગતા લોહીના સીંચનથી તે વૃક્ષને વિકસાવ્યું તેથી જ આપણને આજે તેનું અમૃતફળ ચાખવા મળ્યું છે. માતૃભૂમિને આઝાદ કરવાના એકમાત્ર ધ્યેયથી પ્રેરિત થઈ, લાભાલાભ કે હારજીતની લેશમાત્ર પરવા વિના જે શહીદોએ પોતાનું જીવનસર્વસ્વ માતૃભૂમિને ખોળે સમર્પી દીધું તેમની સ્મૃતિમાં તેમના પરિચયો આ વિભાગમાં ક્રમશઃ અપાશે. સ્વાતંત્ર્યયુદ્ધમાં પ્રથમ આહૂતિ અપાએલા મંગળ પાંડેથી તેની શરૂઆત અહીં થાય છે.

અંગ્રેજોનાં ધૂંસરીમાંથી મુક્ત થવાનો હિંદે જે પહેલો સંગઠિત પ્રયત્ન કર્યો તેને અંગ્રેજ ઇતિહાસકારોએ 'બળવા'ના તિરસ્કરણીય નામે ઓળખાવ્યો છે; પણ ખરું જોતાં ગુમાવેલી આઝાદી પાછી મેળવવાની ભાવનાથી પ્રેરાએલા લોકોનું તે સ્વાતંત્ર્યયુદ્ધ હતું. નાનાસાહેબ, મૌલવી અહમદશાહ, રાજા કુંવરસિંહ ને વઝીરઅલી નખીખાન આદિ નેતાઓએ તેની યોજના એવી વ્યવસ્થિતરીતે તથા ગુપ્તપણે કરી હતી કે અંગ્રેજોને છેલ્લી ઘડી સુધી તેની ગંધ પણ આવી નહોતી. તેઓ તો એવા ખ્યાલમાં હતા કે ચરબીવાળી કારતુસોને લીધે સૈનિકોમાં થોડોક અસંતોષ છે, પણ કારતૂસો તો નિમિત્ત હતું. તેની પાછળ તો ગએલું સ્વાતંત્ર્ય પાછું મેળવવાની તમન્નાનો જ્વાળામુખી ધીકતો હતો. આ જ્વાળામુખીનો પ્રથમ સ્ફોટ થયો શહીદ મંગળ પાંડેમાં.

મંગળ પાંડે જન્મે બ્રાહ્મણ હતો ને બંગાળમાં બરાકપુર ખાતેની ૩૪મી પલટનમાં સૈનિક હતો. વઝીરઅલી નખીખાન આગળ આ આખી પલટને સ્વાતંત્ર્યયુદ્ધમાં જોડાવાના સોગંદ લીધા હતા. અંગ્રેજોએ જ્યારે ૧૯મી પલટન પર ચરબીવાળી કારતૂસો પહેલી વાપરવાનો અખતરો કરવાનો નિર્ણય કર્યો ત્યારે દેશદાઝવાળી આ ૩૪મી પલટનના સૈનિકોને ૧૯મી પલટનમાં આઝાદીનો આતશ ફેલાવવા મોકલવામાં આવ્યા હતા. આથી એ પલટનને જ્યારે ચરબીવાળી કારતૂસો વાપરવાની ફરજ પાડવામાં આવી ત્યારે તેમણે સ્પષ્ટ ના સંભળાવી દીધી અને જો બળજબરી કરવામાં આવશે તો સામનો કરવામાં પણ પોતે પાછા નહિ પડે એમ સ્પષ્ટ સુણાવી દીધું. 'કાળા' સૈનિકોની આવી હિંમત તથા ધૃષ્ટતાથી અંગ્રેજો ધૂંવાંપૂંવાં થઇ ગયા, પણ તે વખતે અપમાન ગળી જવા સિવાય બીજો કોઇ માર્ગ નહોતો, કેમકે સિપાહીઓને કાબુમાં રાખવા માટે આખા બંગાળમાં તે વખતે એક પણ ગોરી પલટન નહોતી. આ મુશ્કેલી દૂર કરવા ૧૮૫૭ના માર્ચની શરૂઆતમાં બ્રહ્મદેશથી તેમણે એક ગોરી પલટન બોલાવી ને ૧૯મી પલટનનાં હથિયારો ખૂંચવી લઇ તેને વિખેરી નાખવાનો વિચાર કર્યો.

આ વાતની ખબર ૩૪મી પલટનને પડતાં વેંત જ તે ઉશ્કેરાઈ ગઇ ૧૯મી પલટનમાંના પોતાના ભાઇઓનું આવું અપમાન સહી લેવા તે તૈયાર નહોતી. વિપ્લવના નેતાઓએ આખી યોજના પાકી થવા આવે ત્યાં સુધી હજુ એક મહિનો રાહ જોવા તેમને આગ્રહપૂર્વક સમજાવ્યા; પણ પોતાના જ ભાઇઓને હથિયાર ઉતરાવી નોકરીમાંથી હાંકી કાઢે એ વિચારે મંગળ પાંડેને બેચેન બનાવી મૂક્યો અને તેણે તે જ દિવસે યુદ્ધ શરૂ કરવાનો આગ્રહ કર્યો; પણ જ્યારે તેણે જોયું કે નેતાઓ તેની માગણી સ્વીકારે તેમ નહોતા ત્યારે તે ભાવનાશીલ યુવકનું અંતર સળગી ઊઠ્યું.

૧૮૫૭ના માર્ચની ૨૯મીએ ૩૪મી પલટનને મેદાનમાં 'ફૉલ ઈન' કરાવવામાં આવતાં જ મંગળ પાંડે પોતાની બંદુક ભરીને પલટનની આગળ કૂદી આવીને જુસ્સાદાર શબ્દોમાં પોતાની પલટનને યુદ્ધ શરૂ કરવા એલાન કરવા લાગ્યો પલટનનો ઉપરી સાર્જન્ટ મેજર હ્યુસન આ જોતાં જ રાતોપીળો થઈ ગયો. તેણે સિપાહીઓને આ 'બળવાખોર'ને કેદ કરવાનો હુકમ કર્યો, પરંતુ એક પણ સૈનિક આગળ આવ્યો નહિ. ત્યાં તો મંગળ પાંડેએ ગોળી છોડી હ્યુસનને ઢાળી દીધો. તરત લેફ્ટેનન્ટ બધ દોડી આવ્યો; પણ પાંડેની બીજી ગોળીએ તેના ઘોડાનો ભોગ લીધો ને ઘોડો તથા સવાર બંને જમીન પર ગબડી પડ્યા. પાંડે હવે પોતાની ખાલી થએલી બંદુક ફરી ભરવા લાગ્યો હતો એ લાગ જોઈ બધે સત્વર ઊભા થઇ પાંડે સામે બંદુક તાકી, પણ એ બહાદુર સૈનિક તરત તલવાર ખેંચી લેફ્ટેનન્ટ બધ સામે ધસ્યો. બધે ગોળી છોડી, પણ તે પાંડેના કાન પાસેથી પસાર થઈ ગઈ અને બીજી જ ક્ષણે પાંડેની તલવારે લેફ્ટેનન્ટ બધને ઠાર કર્યો.

દૂરથી બીજા એક અંગ્રેજ અફસરે આ જોતાં તેણે ત્યાંથી જ પાંડે તરફ બંદુક તાકી, પણ એ ગોળી છોડે તે પહેલાં તો પાસે ઊભેલા સૈનિકે પોતાની બંદુકના ફટકાથી તેની ખોપરી ફોડી નાખી પૂરો કરી દીધો. આ જોઈ ચોથો અંગ્રેજ ઑફિસર કર્નલ વ્હીલર ત્યાં દોડતો આવ્યો અને તેણે સિપાહીઓને મંગળ પાંડેને કેદ પકડવાનું ફરમાન કર્યું; પણ સિપાહીઓ તો ગર્જના કરી ઊઠ્યા કે 'એ પવિત્ર બ્રાહ્મણના વાળને પણ અમે અડકીશું નહિ.' જમીન પર વહેતું અંગ્રેજ લોહી અને સિપાહીઓમાં થએલું આ નવું પરિવર્તન જોઇ કર્નલ વ્હીલર ગભરાયો અને જનરલ હીઅર્સના બંગલા તરફ નાઠો.

પરેડ ગ્રાઉન્ડ પર હવે દેશી સિપાહીઓ અને મંગળ પાંડે એકલા જ રહ્યા. ફરી પાંડે સર્વ સૈનિકોને બંડ કરવાનું એલાન કરવા લાગ્યો, પણ નેતાઓએ એક મહિનો થોભી જવાનો કડક આદેશ આપેલો હોવાથી તેઓ કંઈ કરી શકે તેમ નહોતા. એટલામાં જનરલ હીઅર્સ કેટલાક ગોરા સિપાહીઓને લઇને ત્યાં આવી પહોંચ્યો. જ્યારે મંગળ પાંડેએ જોયું કે પોતે હવે ચોક્કસ ફિરંગીઓને હાથ પડશે, ત્યારે દુશ્મનના હાથમાં સપડાવા કરતાં મરવું બહેતર ગણી તેણે પોતાની બંદુક પોતા પર જ ચલાવી. પણ તે માત્ર ઘાયલ જ થયો. તરત તેને ઑસ્પિટલમાં મોકલવામાં આવ્યો.

થોડા દિવસ પછી લશ્કરી અદાલત સમક્ષ મંગળ પાંડેનો કેસ ચાલ્યો. તેની પાસેથી 'કાવતરાખોરો'નાં નામ કઢાવવા અંગ્રેજોએ ખૂબ ધમપછાડા કર્યા, પણ તે નરપુંગવે એક પણ નામ આપ્યું નહિ. તેણે એ પણ સ્પષ્ટ કર્યું કે તેણે જે અંગ્રેજ અમલદારોને ઠાર કર્યા હતા તેમની સામે તેને વ્યક્તિગત દ્વેષ કંઈ પણ નહોતો. માત્ર એક ઉચ્ચ ભાવનાથી પ્રેરિત થઇને જ તેણે એ કાર્ય કર્યું હતું. અંતે, દેશભક્તિ માટે શહીદોને પરદેશી સરકાર તરફથી જે બક્ષિસ મળે છે તે જ મંગળ પાંડેને મળી. તેને ફાંસીની શિક્ષા થઇ.

૧૮૫૭ની ૮મી એપ્રિલે લશ્કરના કડક પહેરા વચ્ચે મંગળ પાંડેને ફાંસીના મંચ તરફ લઈ જવામાં આવ્યો. નિશ્ચયભરી ચાલે પાંડે મંચ ઉપર ચડ્યો. ફરી પૂછતાં તેણે દૃઢતાથી જાહેર કર્યું કે પ્રાણ જશે તોપણ તે પોતાના સહકારીઓનાં નામ આપશે નહિ. તરત ફાંસીનો

ડિકન્સની પેઠે દેવ જેવી સહાનુભૂતિથી મહારાષ્ટ્રનું હૃદય આલેખનાર

હરિ નારાયણ આપ્ટે

શેકસ્પીઅરનો ઉદય અંગ્રેજી સાહિત્યનો એક ચમત્કાર ગણાય છે. ધાર્મિક નાટકોનો અસ્ત થઇ લૌકિક (secular) નાટકોનો પ્રારંભ થતો હતો, નાટકકારોએ જુદાજુદા લેખનપ્રયોગો કરવાની શરૂઆત કરી હતી, ત્યાં શેકસ્પીઅર જેવા શ્રેષ્ઠ નાટકકારનો જન્મ આશ્ચર્યમાં ગણાય એમાં નવાઈ શી? જ્યાં કળાનું પૂર્ણ સ્વરૂપ દેખાયું ન હતું ત્યાં એના જેવો વિચક્ષણ નાટકકાર નાટકો લખી જાય છે; અને એની પછીના લોકો 'આ શી રીતે બન્યું હશે?' એવો સવાલ હજી પણ પૂછ્યા કરે છે, એનાં નાટકોનું રહસ્ય સમજવા મથે છે, થોડુંઘણું સમજે છે અને કબૂલ કરે છે કે એના જેવો નાટકકાર જગતે આજસુધી દીઠો નથી, ભવિષ્યમાં દેખશે એમ લાગતું નથી.

મરાઠી સાહિત્યના શ્રેષ્ઠ નવલકથાકાર શ્રી હરિ નારાયણ આપટેનો ઉદય એવો જ એક ચમત્કાર છે. અંગ્રેજી રાજ્યની શરૂઆત પછી ગદ્યલેખન તરફ લોકોની પ્રવૃત્તિ ઢળવા માંડી. શરૂઆતનું ઘણુંખરૂં ગદ્ય અંગ્રેજીનું રૂપાંતર હતું. પહેલી મરાઠી નવલકથા 'મુક્તામાલા' ૧૮૫૦ માં બહાર પડી. ત્યાર પછી 'મંજુઘોષા', 'વસન્તકોકિલા' એવી નવલકથાઓ પ્રકટ થઇ. એમાં ઘણે ભાગે કોઇ રંગીલા રાજકુંવર અને સૌંદર્યસંપન્ન કુંવરીના પ્રેમનાં વર્ણનો હતાં. સામાજિક નવલકથાઓ તો લખાતી જ ન હતી. એવા અરસામાં 'પુણે-વૈભવ' સાપ્તાહિકમાં ૧૮૮૫ના એક અંકમાં 'મધલી સ્થિતિ' ('મધ્યમ વર્ગ')માંની નવલકથાનાં બે પ્રકરણો પ્રકટ થયાં. કથા ક્રમશઃ પ્રકટ થવાની હતી. મથાળે કે છેડે લેખકનું નામ ન હતું. પરંતુ એ બે પ્રકરણોએ લોકોમાં એટલો તો રસ જગાડ્યો કે એના લેખક કોણ હશે એ વિષે મહારાષ્ટ્રમાં બધે ઉત્સુક ચર્ચા થવા માંડી, કેમકે એ પ્રકરણોમાં મહારાષ્ટ્રના એક પ્રખર નવલકથાકાર જડ્યો હતો. લેખકની ઈચ્છા હતી કે નામ પ્રકટ ન થવું જોઇએ. પણ કંઇક ગોટાળો થઇ ગયો અને 'કેસરી'એ જાહેર કર્યું કે આ કથાનો લેખક હરિ નારાયણ આપટે નામનો યુવાન છે

એ દિવસથી મરાઠી સાહિત્યનો 'હરિભાઉ યુગ' બેઠો. એ વાતને આજે સાઠ વર્ષ વીતી ગયાં છે, પણ મહારાષ્ટ્રનો શ્રેષ્ઠ નવલકથાકાર કોણ એ વિષે બે મત રહ્યા નથી. કોઇપણ વિવેચક—પછી એ કોઈ પણ સંપ્રદાય (school)નો હોય—કહેવાનો જ કે 'મહારાષ્ટ્રના શ્રેષ્ઠ નવલકથાકાર સ્વ. હરિ નારાયણ આપટે જ હતા અને છે,' અને એમના મૃત્યુ પછી—अनामिका सार्थवती बभूव !

હરિભાઉના પિતા નારાયણ ચિમણાજી આપટે (જેઓ મિત્રોમાં 'નાનાસાહેબ' તરીકે ઓળખાતા) સાધારણ સ્થિતિના સરકારી નોકર હતા. કુટુંબ ખૂબ બહોળું હતું, પણ એમાં કમાનાર માણસો બે જ હતા: નાનાસાહેબ અને એમના મોટા ભાઇ અણ્ણાસાહેબ—મહાદેવ ચિમણાજી આપટે. અણ્ણાસાહેબ જાણીતા વકીલ હતા, પછી જજ થયા, પણ કુટુંબને સંભાળવાનું કામ એમને ગમતું ન હતું. કુટુંબ એક જ ઠેકાણે રહેતું. અણ્ણાસાહેબ બધાને મદદ કરતા. એમનો મિજાજ જરા ગરમ હતો. એક વાર એ ક્યાંક કામસર પગપાળા જ બહાર જવા ઊપડ્યા ત્યારે વિધવા બહેને કહ્યું, 'ભાઇ, તારા જેવો મોટો અધિકાર ધરાવતો માણસ હવે ગાડી રાખે તો શોભે.' ભાઈ ચીડાયા. ગુસ્સામાં બોલ્યા: 'તમારા જેવી ગાડીઓ ઘરમાં છે ત્યાં સુધી મારાથી બીજી ગાડી શી રીતે રખાય?' બહેનને આ શબ્દોએ આઘાત કર્યો. આખો દિવસ એણે રડ્યા કર્યું. રાતના ખાધું નહિ. નાનાસાહેબ આવ્યા ત્યારે એમને કાને વાત આવી. એ પણ દુઃખી થયા. મનમાં નિશ્ચય કર્યો, બીજે જ દિવસે નવું ઘર જોઇ આવ્યા અને ભાઇથી જુદા થયા. પણ મુંબાઇના ખર્ચાળ જીવનમાં આખુ કુટુંબ વધારે દિવસ રહી શકે એમ ન હતું, એટલે બધાને પૂના મૂકી આવ્યા. આ બધું ૧૮૭૮ માં બન્યું. ત્યારે હરિભાઉની ઉંમર ચૌદ વર્ષની હતી.

હરિ નાનાસાહેબનો પહેલો પુત્ર. ૧૮૬૪ની ૮મી માર્ચે એનો જન્મ થયો. માંડ ચાર વર્ષની ઉંમર થઈ હશે ત્યાં માતાનું મૃત્યુ થયું. એ જમાનામાં માવિહોણા છોકરાને પિતા લે કે રમાડે એ અમર્યાદ ગણાતું, એટલે હરિના કાકા અણ્ણાસાહેબ અને કાકી પાર્વતીબાઇએ એને ઉછેર્યો. પરંતુ ભત્રીજાને પોતાને હાથે જનોઇ અપાય એવી હોંશીલી કાકીની એટલી ઈચ્છા પણ પાર ન પડી અને ૧૮૭૨ના ડિસેંબરમાં પાર્વતીબાઈ પણ મરણ પામ્યાં.

પૂનાની હાઈસ્કૂલમાં હરિ દાખલ તો થયો, પણ ત્યાંનું વાતાવરણ એને ફાવતું નહિ. ત્યાં દોઢ વરસ વીત્યું એટલામાં વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરે સરકારી નોકરીમાંથી રાજીનામું આપી રાષ્ટ્રીય નિશાળ સ્થાપવાનો નિર્ધાર કર્યાની વાત એણે સાંભળી. આથી તેના આનંદનો પાર ન રહ્યો. એ અને એના જેવા બીજા રાષ્ટ્રીય વૃત્તિના વિદ્યાર્થીઓ તો સપ્ટેમ્બરથી જ નિશાળ છોડી બેઠા અને રોજ વિષ્ણુશાસ્ત્રીને ઘેર જઇ પૂછતા કે શાળા ક્યારે ઊઘડે છે. અંતે ૧ લી જાન્યુઆરી ૧૮૮૦ના રોજ 'ન્યૂ ઈંગ્લિશ સ્કૂલ' શરૂ થઈ ને હરિભાઉ છેક સુધી ત્યાં જ રહ્યા.

એ 'સ્કૂલ'ના શિક્ષકોનાં નામ વાંચીએ છીએ ત્યારે એ વખતના વિદ્યાર્થીઓનાં ભાગ્યનો થોડો ખ્યાલ આવે છે. ચિપળૂણકર અને આગરકર અંગ્રેજી શીખવતા; ટિળક ગણિત શીખવતા—(મોઢે જ; પાટિયાનો ઉપયોગ કોઈ દિવસ કરતા નહિ!) ઇતિહાસ આગરકરનો વિષય હતો. અને સંસ્કૃત માટે નંદર્ગીકરશાસ્ત્રી, આગળ જતાં ઇતિહાસકાર, નાટકકાર અને કવિ તરીકે જાણીતા થયા તે વાસુદેવશાસ્ત્રી ખેર, અને નાની ઉંમરમાં પોતાની વિદ્વત્તા બતાવી સંસ્કૃત-અંગ્રેજી કોશ પોતાના સ્મારક તરીકે મૂકી જનાર તથા ફર્ગ્યુસન કૉલેજના પ્રથમ પ્રિન્સિપાલ થવાનું માન મેળવનાર વામન શિવરામ આપટે હતા. આવા શિક્ષકોનો આદર્શ વિદ્યાર્થીઓ સામે હતો ત્યાં વિદ્યાર્થીઓ નબળા કેમ નીવડે? ચિપળૂણકરને નિબંધકાર તરીકે એમના વિદ્યાર્થીઓ સારી રીતે ઓળખતા હતા ને એમના જ્વલંત સ્વદેશાભિમાનની એમના મન પર એટલી બધી અસર થઇ ગઈ કે ઘણાએ તો કોઇ દિવસ સરકારી નોકરી કરીશું નહિ એવી પ્રતિજ્ઞા કરી. એવા વિદ્યાર્થીઓમાં હરિભાઉ પણ હતા.

આ સ્કૂલમાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વિશાળ ક્ષેત્ર મળતું. હરિભાઉએ એનો બરોબર લાભ ઉઠાવ્યો. એમણે ત્યાં ઘણા નવલકથાકારો ને કવિઓના ગ્રંથો વાંચ્યા. સાહિત્યનો શોખ તો એમને પહેલાંથી જ હતો. એમને ઘેર આવતા શાસ્ત્રી સાથે એમણે સંસ્કૃત કાવ્યો તેમજ નાટકો વાંચ્યાં હતાં. એને પરિણામે એમની રસિકતાનો સારો એવો વિકાસ થયો હતો. ઘણીવાર એમ બનતું કે અંગ્રેજી

ત્યાંના પહેલા, અને આજ સુધી एकमेवद्वितीयम् રહેલા નવલકથાકાર

કાવ્યનો કે સંસ્કૃત શ્લોકનો અર્થ શિક્ષક એક રીતે બતાવતા ત્યારે હરિભાઉને એમાં બીજી જ વ્યંજના જડતી! શિક્ષકો પણ ખરેખર વિદ્વાન હતા, એટલે તેઓ શિષ્ય પાસેથી સૂચના મેળવવામાં ઓછું આણતા નહિ.

બધા શિક્ષકો પર આમ હરિભાઉએ પોતાની પ્રતિભાની સારી છાપ પાડી હતી, પણ ગણિતમાં એમની બુદ્ધિ જરા યે ચાલતી નહિ! ૧૮૮૨ની મૅટ્રિકની પૂર્વપરીક્ષા (પ્રીલિમિનરી)માં ગણિતમાં એમને પાંચ જ માર્ક મળ્યા એટલે પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા નહિ.

૧૮૮૨નું એ વર્ષ ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ માટે પણ ખરાબ નીવડ્યું. ૧૫મી માર્ચે વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર એકાએક માંદા પડ્યા અને ૧૭મીએ મૃત્યુ પામ્યા. એમના જેવા લોકવીર પુરુષના જવાથી આખા પુના અને મહારાષ્ટ્ર પર વિષાદની લાગણી ફરી વળી.

હરિભાઉ વિષ્ણુશાસ્ત્રીને આદર્શ તરીકે પૂજતા. ને એમના જેવા સાહિત્યકાર થવાનાં સ્વપ્નાં સેવતા. એમને અત્યંત દુઃખ થયું. સેંકડો વિદ્યાર્થીઓ સ્મશાનયાત્રામાં જોડાયા. ત્યાંથી પાછા આવતાં હરિભાઉને કાવ્ય સ્ફૂર્યું અને બેત્રણ દિવસની અથાગ મહેનત કરી એ પૂરું કર્યું. એમના મિત્ર દત્તો પંત જોશીએ પ્રસ્તાવના લખી ને વિષ્ણુશાસ્ત્રીના મૃત્યુ પછી દસમે દિવસે તો કાવ્ય છપાઇને બહાર પડ્યું. ઉપર કર્તાનું નામ છાપેલું ન



જે સ્થાન અંગ્રેજી સાહિત્યમાં ડિકન્સનું છે, બંગાળી ભાષામાં બંકિમચન્દ્રનું છે અને ગુજરાતીમાં ગોવર્ધનરામનું છે તે જ સ્થાન–એકલું ને અજોડ નવલકથાકારનું–મરાઠી ભાષામાં હરિ નારાયણ આપટેનું છે. તેમનો જન્મ તો થયો હતો વરાડમાં, પણ બાળપણ વીત્યું મુંબાઇની ફણસવાડીમાં અને શિક્ષણ લીધું પૂનામાં. પૂના તે ગયા ત્યારે મહારાષ્ટ્રના રાજકીય, સાહિત્યિક તેમજ શૈક્ષણિક ક્ષેત્રમાં એક નૂતન તેજનો સંચાર થયો હતો. વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર, લો૰ બાળગંગાધર ટિળક, પ્રો. આગરકર ઇત્યાદિ જુવાન કાર્યકર્તાઓ દેશદાઝથી પ્રેરાઇને મહારાષ્ટ્રના પ્રત્યેક ક્ષેત્રમાં નવું જ વાતાવરણ ઊભું કરતા હતા. તેઓએ સ્થાપેલી 'ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ'માં હરિભાઉનું શિક્ષણ થવાથી તેમના કુમળા મન પર દેશભક્તિ અને ચારિત્ર્યની તેજસ્વિતાના ઉચ્ચ સંસ્કારો પડ્યા. અંગ્રેજી ચોથા ધોરણમાં હતા ત્યારે જ તેમણે એક અંગ્રેજી નવલકથાનો મરાઠીમાં અનુવાદ કરેલો વળી વિદ્યાર્થી અવસ્થામાં જ તેમણે પ્રો. આગરકરે લખેલા 'વિકારવિલસિત' (હૅમ્લેટનું ભાષાંતર) નામના પુસ્તક પર આડત્રીસ પાનાંનો ટીકાત્મક લેખ લખેલો.

પણ તે પ્રખ્યાત થયા તે તો તેમની 'મધલી સ્થિતિ' નામની નવલકથાને લીધે. કૉલેજમાં ભણતા હતા તે વખતે માત્ર ૨૧ વર્ષની ઉમરે તેમણે લખેલી આ નવલકથા જ્યારે 'પુણે-વૈભવ'માં ક્રમશઃ પ્રસિદ્ધ થવા માંડી ત્યારે વિદ્વાનો સુદ્ધાંએ તેના વસ્તુની નવીનતા તથા શૈલીની મૌલિકતા માટે પ્રશંસા કરી હતી. સામાન્ય વાચકોમાં તો તેનો બીજો હપ્તો ક્યારે પ્રસિદ્ધ થાય અને ક્યારે વાંચીએ એવી ઉત્સુકતા ઉત્પન્ન થઇ હતી.

નવલકથા લખવા પાછળ તેમનો હેતુ હતો લોકશિક્ષણનો; અને આ કાર્ય મોટા પાયા પર થઇ શકે તે માટે ૧૮૯૦માં તેમણે 'કરમણૂક' નામનું અઠવાડિક શરૂ કર્યું. માત્ર ૨૬ વર્ષની વયે તેમણે શરૂ કરેલા આ પત્રનો આધુનિક મરાઠી સાહિત્યના ઘડતર પાછળ મોટો હિસ્સો રહેલો છે. હરિભાઉની ત્રણ સિવાય બધી નવલકથાઓ આ જ પત્રમાં પ્રસિદ્ધ થવા ઉપરાંત મહાકવિ ભાસનાં નાટકોનું સૌપહેલું મરાઠી ભાષાંતર પણ તેમાં જ પ્રસિદ્ધ થયું હતું. ૨૮ વર્ષ સુધી એકધારીરીતે 'કરમણૂક' ચલાવીને તેમણે સ્વભાષા ને સ્વદેશની ઉત્કૃષ્ટ સેવા કરી છે. નવલકથા સિવાય સેંકડો નાનીમોટી વાર્તાઓ, નિબંધો, ચરિત્રો, કવિતાઓ તથા નાટકો તેમણે તેમાં લખ્યાં છે. પણ પોતાના ઉચ્ચ ધ્યેયની બાદબાકી કરે તેવું એક પણ લખાણ તેમણે 'કરમણૂક'માં આવવા દીધું નથી. લોકોનાં હૃદયમાંથી ગાઢ અંધકારનો નાશ કરી ત્યાં કર્તવ્યની જ્યોત પ્રજ્વલિત કરવાનું તથા એક વિશિષ્ટ વિચારસરણીનો તેજસ્વી પ્રકાશ તેમને આપવાનું લક્ષ્ય આંખ સામે રાખીને જ તેમણે પા સદી સુધી તે પત્ર ચલાવેલું.

'કરમણૂક' સિવાય બીજે પણ તેમણે ઘણું લખ્યું છે. 'જ્ઞાનપ્રકાશ' દૈનિક થયા પછી કેટલોક વખત તેનાં સંપાદકીય સૂત્રો તેમની પાસે હતાં. આગરકરના 'સુધારક' સાપ્તાહિકનું પુનરુજ્જીવન કર્યા પછી તેમાં ઘણા વિચારપ્રવર્તક લેખો તેમણે લખ્યા હતા. માત્ર મૅટ્રિક પાસ થએલા આ વિચક્ષણ સાહિત્યકાર તેમની અગાધ વિદ્વત્તાને કારણે મુંબાઇ યુનિવર્સિટીમાં એમ. એ માં મરાઠીના દસ વર્ષ સુધી પરીક્ષક નીમાયા હતા ને વિલ્સન કાઇલોલૉજિકલ લેક્ચરર તરીકે તેમણે ૧૯૧૫માં 'Marathi, its sources and development' એ વિષય પર છ વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં હતાં.

પણ તેમણે જે આ વિશાળ લેખનપ્રવૃત્તિ કરી તે પૈસા કે કીર્તિ માટે જરા પણ નહિ. લોકશિક્ષણ એ જ તેમનું લક્ષ્ય હતું. કીર્તિ તો તેમની પાછળ દોડતી આવી અને મહારાષ્ટ્રના શ્રેષ્ઠ નવલકથાકારનો તેજસ્વી મુકુટ તેમના મસ્તક ઉપર તેણે ચડાવ્યો. પણ જેમ કીર્તિ આવી મળી તેમ લક્ષ્મી આવી નહિ; અને આયુષ્યના છેવટના ભાગમાં તો આર્થિક સંકડામણને લીધે તે ખૂબ જ ત્રાસી ગયા હતા. કૌટુંબિક સુખ પણ વિધિએ તેમના નસીબમાં ઝાઝું લખ્યું નહોતું. બાળપણમાં પ્રેમમૂર્તિ માતા મૃત્યુ પામી, યુવાવસ્થામાં પ્રથમ પત્ની તથા ત્રણ પુત્રીઓ ચાલી ગઈ, બીજી સ્ત્રીથી થએલી પ્રાણથી યે પ્યારી પુત્રી પણ દુષ્ટ દૈવે ઝૂંટવી લીધી અને છેવટે પોતાના પ્રિય મિત્ર ગોપાળ કૃષ્ણ ગોખલે પણ દેવલોક પામ્યા. આમ ઉપરાઉપરી એક પછી એક આઘાતો તેમના પર થતાં તેમનું શરીર ધીમે ધીમે ઘસાતું ચાલ્યું અને આખરે ૧૯૧૯ના ૪થી માર્ચે જલોદરના વ્યાધિથી આ પ્રતિભાશાળી સાહિત્યકારનું મૃત્યુ થયું. (સંપાદકીય)

હતું, પણ લોકોને ખબર પડતાં વાર ન લાગી. સ્કૂલમાં શોકપ્રદર્શન કરવા માટે સભા મળી ત્યાં શ્રી આગરકરે પોતાના ભાષણમાં આ કાવ્યમાંથી કેટલીક લીટીઓ વાંચી સંભળાવી. વિષ્ણુશાસ્ત્રી મહાન પુરુષ હતા એટલે આ વિલાપિકાની જોતજોતાંમાં બે આવૃત્તિઓ ખપી ગઇ. જુલાઈ મહિનામાં ટિળક અને આગરકર એક બદનક્ષી કેસમાં સપડાયા. એમના પર કામ ચાલ્યું. સારા વિદ્યાર્થીઓએ નિશાળમાં જવાનું માંડી વાળ્યું ને બધે ફરી ભાષણો આપી 'બચાવ ફંડ' ભેગું કરવાની શરૂઆત કરી. આપટે તો એમાં હોય જ. ટિળક તથા આગરકરને ચાર મહિનાની સજા કરવામાં આવી. વિદ્યાર્થીઓ માટે આ આઘાત મહાન હતો. અભ્યાસ પરથી એમનું મન ઊઠી ગયું.

બીજે વર્ષે—૧૮૮૩માં હરિભાઉ મૅટ્રિકની પરીક્ષામાં બેઠા અને પોતાની કોઇ પણ આશા ન હોવા છતાં પાસ થયા. ત્યાર પહેલાં બીજી એક વાત બની ગઈ હતી. ૧૮૭૩માં એમના જનોઇ પ્રસંગે દામોદર વિશ્વનાથ ગોખલે વકીલનાં પત્નીને હરિભાઉ ગમી ગયા. એમણે ત્યાં જ હરિભાઉ સાથે પોતાની પુત્રી મથુરાનું સગપણ નક્કી કર્યું; અને ૧૮૭૯માં–એ ચોથી અંગ્રેજી ભણતા હતા ત્યારે–૧૬મી મેએ એમનું લગ્ન થઇ ગએલું.

મૅટ્રિક પાસ કરીને હરિભાઉ ડેક્કન કૉલેજમાં દાખલ થયા. કૉલેજ છેક યેરવડા.પાસે (એટલે શહેરથી ચાર-પાંચ માઈલ દૂર) આવેલી હોવાથી ગામમાં રહીને રોજ કૉલેજમાં જવું ફાવે તેમ ન હતું, એટલે હરિભાઉ વસતિગૃહમાં જ રહેતા અને શનિ-રવિવારે ઘેર આવી સોમવારે પાછા જતા. કૉલેજમાં સારા શિક્ષકોના સંપર્કમાં એમણે સાહિત્યનો ખૂબ અભ્યાસ કર્યો. એમના માનીતા ડિકન્સ ને મિલના ગ્રંથો વાંચ્યા. એમના ઘડતરમાં આ બે લેખકોનો ફાળો મોટો છે. આમ હરિભાઉ પોતાના વિષયમાં પ્રગતિ સાધી રહ્યા હતા. પણ એમનો દુશ્મન ગણિત એમને છોડે એવો ન હતો. પ્રથમ વર્ષની પરીક્ષામાં તેઓ નાપાસ થયા. એવામાં ૧૮૮૫માં ફર્ગ્યુસન કૉલેજ શરૂ થઈ, એટલે હરિભાઉ એમાં દાખલ થયા. ત્યાં જૂના મિત્રો અને ગુરુઓ મળ્યા અને એક વર્ષ આનંદમાં ગયું. પણ ત્યાં યે હરિભાઉ બીજી વાર પ્રથમ વર્ષમાં નાપાસ થયા! યુનિવર્સિટીની પરીક્ષામાં પોતે પાસ થઈ શકવાના જ નથી એવી એમને હવે ખાત્રી થઇ ચૂકી હતી. પણ અણ્ણાસાહેબના દબાણથી ફરી ડેક્કન કૉલેજમાં જોડાયા. ગણિત પાછળ એ તનમનથી મચી પડતા પણ અંતે હારી જતા! તેઓ કહેતા: 'ગણિતમાં અગણિત મુશ્કેલીઓ છે!' પાસ થવાનું એમના નસીબમાં લખાયું જ ન હતું. અંતે ત્રીજી વાર નપાસ થઇ ઘેર બેઠા અને બહારના વિદ્યાર્થી તરીકે ફરી બે વર્ષ પરીક્ષામાં બેઠા, તેમાં યે નાપાસ જ થયા. આમ કૉલેજને પાંચ વર્ષનો ભોગ આપી હરિભાઉ બહાર આવ્યા ત્યારે સાહિત્યકાર તરીકે તો પંકાઇ ગયા હતા. વિદ્યાર્થી તરીકે એમણે યુનિવર્સિટીને આમ રામરામ કર્યા; પણ ભવિષ્યકાળમાં એ જ યુનિવર્સિટી એમને મોટું માન આપવાની છે એવું એમને એ વખતે કોઇ ભવિષ્ય ભાખનારે કહ્યું હોત તો એ વાત એમના માનવામાં યે આવત?

હરિભાઉએ નવલકથા લખવાની શરૂઆત કેમ કરી એનો ઇતિહાસ પણ જાણવા જેવો છે. એ જમાનામાં રેનૉલ્ડ્ઝની નવલકથાઓ હિંદમાં ખૂબ વંચાતી. આજે અંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં રેનૉલ્ડ્ઝનું નામનિશાન જડતું નથી; છતાં પણ એની નવલકથાઓની હજારો નકલો હજી ખપે છે. હિંદની ઘણી ભાષાઓમાં એના અનુવાદ થયા છે. Mysteries of the Court of London (લંડનના રાજદરબારનાં રહસ્ય) નામની એની નવલકથા હરિભાઉને એટલી ગમી ગઈ કે એમણે તરત જ પહેલાં બે પ્રકરણોનો અનુવાદ કરી નાખ્યો! મિત્રોને એ સારો લાગ્યો અને પ્રકાશકની શોધ શરૂ થઇ. 'પુણે-વૈભવ'ના તંત્રી એ ક્રમશઃ પ્રકટ કરવા તૈયાર થયા. જે લેખકને કોઇપણ આજે માન આપતું નથી. જેની કથાઓમાં સાહિત્યના ગુણ બહુ થોડા છે (બાબાવાક્ય તરીકે આ ટાંકતો નથી; મેં રેનૉલ્ડ્ઝની કંઈ નહિ તો વીસ મોટી નવલકથાઓ વાંચી છે.) એવા લેખકની કથાનો અનુવાદ કરવા હરિભાઉ પ્રેરાયા એમાં આપણને આશ્ચર્ય થાય તો તે સ્વાભાવિક જ ગણાય. પણ ભાગ્ય એટલું કે હરિભાઉની પ્રતિભા પરભૃત રહેવા સર્જાઈ ન હતી. પુનામાં એ વખતે એક વ્યસની માણસ હતો, જે રેનૉલ્ડ્ઝની કથાના એક પાત્રને મળતો આવતો હતો. આ સામ્ય જોઇ હરિભાઉએ અંગ્રેજી કથાને ખૂણે મૂકી દીધી અને પાંચ પ્રકરણ પછી, પોતે મહારાષ્ટ્રીય સમાજનું જે નિરીક્ષણ કર્યું હતું એનો જ સ્વતંત્ર સાર નવલકથામાં ઊતરવા લાગ્યો. જેમજેમ સાપ્તાહિકમાં એનાં પ્રકરણો પ્રકટ થતાં ગયાં તેમતેમ ગ્રાહકોની સંખ્યા વધતી ગઈ અને આ લેખની શરૂઆતમાં જણાવી છે એ પરિસ્થિતિ નિર્માણ થઈ.

પ્રથમ વર્ષની પરીક્ષામાં પાંચ વાર નાપાસ થયેલા હરિભાઉને કોઇ નોકરીની આશા ન હતી. પણ નિર્વાહ માટે કાંઈક કરવાની તો જરૂર હતી જ. અણ્ણાસાહેબ લાખો રૂપિયા કમાતા હતા. પણ હરિભાઉ એમને સારીરીતે ઓળખતા હતા, એટલે એમની પાસે યાચના કરે એમ હતું જ નહિ. વળી ગુરુજનોનો આદર્શ આંખ આગળ રાખી સરકારી નોકરી ન કરવાના હરિભાઉએ સોગંદ લીધા હતા. એમને તો સાહિત્યની સેવા કરવી હતી. શરૂઆતમાં એમની કથાઓ એમના મિત્ર કાનિટકરના 'મનોરંજન' માસિકમાં (જેની સાથે આગળ જતાં હરિભાઉનું માનીતું 'નિબંધચંદ્રિકા' માસિક જોડી દેવામાં આવ્યું) પ્રકટ થઈ. એ માસિક બંધ થતાં પોતાનું પત્ર કાઢવાની કલ્પના હરિભાઉને સૂઝી. અણ્ણાસાહેબ ચીડાયા. 'તું એવા ધંધામાં પડીશ તો મારી મિલ્કતમાંથી તને એક પાઈ પણ નહિ મળે' એમ ભત્રીજાને જણાવ્યું અને 'તમારી મિલ્કતમાંથી એક પાઇ પણ મને મળે એવી અપેક્ષા મેં કદી પણ કરી નથી!' એવો વિનયથી જવાબ વાળી એમણે ૧૮૯૦માં 'કરમણૂક' સાપ્તાહિક શરૂ કર્યું. એમાં એમની ઘણીખરી નવલકથાઓ પ્રકટ થઈ; અને ૧૯૧૭માં હરિભાઉએ જીવનનો અસ્ત નજીક આવતો જોઈ પોતાને હાથે એ સંકેલી લીધું ત્યાં સુધી, એટલે કે સત્તાવીસ વર્ષ સુધી, એ સાપ્તાહિક મહારાષ્ટ્રમાં અજોડ રહ્યું.

હરિભાઉનાં પત્ની મથુતાઇ પરણ્યાં ત્યારે નિરક્ષર હતાં. હરિભાઉની ઇચ્છા હતી કે એ ભણે તો સારૂં. સ્ત્રીઓ ભણે તો તો પ્રલયકાળ આવી જાય એવી માન્યતા ઘરની વડીલ સ્ત્રીઓ ધરાવતી! પણ ગમે તેમ કરી હરિભાઉને પત્નીને સાક્ષર બનાવવી હતી. શનિ–રવિવારે તેઓ હૉસ્ટેલમાંથી ઘેર આવતા અને એને અક્ષર–પરિચય કરાવતા. પણ આખું અઠવાડિયું કૉલેજમાં રહી બીજા શનિવારે એ પાછા આવતા ત્યારે જોતા કે એને ઘરકામના બોજાને લીધે અભ્યાસ કરવાની બિલકુલ ફુરસદ મળી નથી, એટલું જ નહિ પણ શીખવાડેલું બધું એ ભૂલી ગઈ છે. આખરે થાકી જઇ હરિભાઉને આ પ્રયત્ન મૂકી દેવા પડયા. ૧૮૯૧માં સુવાવડ પછી મથુતાઇ મરણ પામ્યાં. હરિભાઉને મોટો આઘાત લાગ્યો. પત્નીને સુખ આપવાનાં સ્વપ્ન એ સેવતા હતા ત્યાં જ એકાએક એનું અવસાન થયું.

હરિભાઉ ભાવનાશીલ હતા. એમની જગ્યાએ બીજો હોત તો તરત જ બીજી વાર પરણત અને લોકોને પણ એમાં નવાઇ યે ન લાગત, કેમકે તેઓ હજી જુવાન હતા લોકોને હવે જોવું હતું કે નવલ-

કથાઓમાં સુધારાઓનો પુરસ્કાર કરનાર આ આગરકરના અનુયાયી હવે વિધવા જોડે પુનર્લગ્ન કરે છે કે દસ વર્ષની કુમારીને પરણે છે! પણ હરિભાઉને બેમાંથી કશું કરવું ન હતું. એમને સમાજસેવા કરવી હતી. શોકનો ભાર હળવો કરવા તેઓ મહાબળેશ્વર ગયા. ત્યાં ન્યાયમૂર્તિ રાનડે એમને મળ્યા. બીજીવાર પરણવા વિચાર હોય તો રાનડે સારી છોકરીનું નામ સૂચવવા તૈયાર હતા. પણ હરિભાઉએ અનિચ્છા દર્શાવી, એટલે વાત ત્યાં જ અટકી. પણ આ વાત ત્યાં અટકવાની ન હતી. ઘરના લોકોનો આગ્રહ શરૂ થયો. કન્યાઓ જોવાની શરૂઆત થઇ. હરિભાઉ એકના બે થયા નહિ. કુટુંબમાં ત્રાગાં વધ્યાં. બધા કુટુંબીજનોએ એમની જોડે બોલવાનું બંધ કરી દીધું. જિંદગી અસહ્ય થઈ. એટલામાં એમનાં દાદી માંદાં પડયાં. હરિભાઉને મરણ-પથારી પાસે બોલાવી એમણે કહ્યું, 'બેટા, તું પરણે તો મને સદ્ગતિ મળે. મને વચન આપ કે પરણીશ.' સ્વજનો પ્રત્યે કર્તવ્ય ને પોતાના આચારવિચારની પ્રામાણિકતા—શું પસંદ કરવું? હરિભાઉએ કડવો ઘૂંટડો ગળી લીધો. કહ્યું: 'તમારે ખાતર પરણીશ.'

૧૮૯૨માં પરણ્યા. વરપક્ષ તરફથી કોઈ જ હાજર ન હતું. એમને મન આ શોકનો સમારંભ હતો. પરણ્યા પછી પણ પત્ની પ્રત્યેની ફરજ ભૂલ્યા. એની ઉપેક્ષા કરી. ગૃહસ્થ હોવા છતાં સંન્યાસીનું જીવન ગાળવા માંડયા. બ્રહ્મચર્ય અખંડ રાખ્યું. પત્નીને દુઃખ થતું હશે એ વિચાર આખરે મનમાં આવ્યો ત્યારે પશ્ચાત્તાપદગ્ધ હૃદયથી ભૂલ સુધારવાનો પ્રયત્ન શરૂ કર્યો. બીજી વારની પત્ની રમા લખીવાંચી શકતી. સમજુ હતી. પોતાના પતિનું મન સમજી શકતી. એણે પોતાની રીતે પ્રયત્ન શરૂ કર્યા. આખરે હરિભાઉને સુખ મળ્યું. ૧૯૦૬માં આ સુખની પરમાવધિ થઈ. હરિભાઉ પોતાનું કર્તવ્ય સમજી સંસારના માર્ગ પર આવ્યા હતા. એમની પ્રિય કન્યા શાંતાનો જન્મ આ વર્ષમાં થયો.

અણ્ણાસાહેબ હવે વૃદ્ધ થયા હતા. એમની ધાર્મિક વૃત્તિ હવે ઊછળી આવી. આખી જિંદગી સુધારક રહ્યા ને બધા ધંધા કર્યા! પણ આખરે પસ્તાયા ને કુટુંબ તથા સમાજ માટે કાંઈક કરવાના કોડ જાગ્યા. સંસ્કૃત ગ્રંથોનો સંગ્રહ, અભ્યાસ ને પ્રકાશન થાય એ ખાતર રૂપિયા દોઢ લાખને ખર્ચે એમણે પુનાની હવે જાણીતી થએલી 'આનંદાશ્રમ' સંસ્થા સ્થાપી એમાં પોતાની મિલકત આપી દીધી ને હરિભાઉને એના વ્યવસ્થાપક નીમ્યા. આ જ તેમના જીવનનિર્વાહ માટે કમાણીનું સાધન. તે માટે તેમને માસિક ફક્ત ૫૦ રૂપિયા મળતા. 'આનંદાશ્રમ' સંસ્કૃત ગ્રંથમાળાનો 'સર્વદર્શન સંગ્રહ' એ સંસ્કૃત ગ્રંથ તેમણે સંપાદન કર્યો છે.


૧૯૦૬ થી ૧૯૧૩ સુધીનાં સાત વર્ષનો કાળ હરિભાઉના જીવનનો સૌથી સુખી સમય નીવડયો. એમના જેવો નવલકથાકાર મહારાષ્ટ્રમાં ન હતો. દરેક સાર્વજનિક કાર્યમાં એ આગળપડતો ભાગ લેતા. ૨૦ વર્ષ સુધી એ પુનાની મ્યુનિસિપાલિટીમાં હતા અને ત્રણ વર્ષ તેના પ્રમુખ પણ હતા. એ કામમાં એમની કેટલી શક્તિઓનો વ્યય થયો હશે એ વિચાર આવે છે ત્યારે લાગે છે કે એ કામમાં તેઓ પડયા ન હોત તો! ૧૯૧૨માં તે સાહિત્યસંમેલનના પ્રમુખ તરીકે ચુંટાયા. જે યુનિવર્સિટીની પ્રથમ વર્ષની પરીક્ષામાં તેઓ પાંચ વાર નિષ્ફળ નીવડયા એ જ યુનિવર્સિટીએ પોતાની છેલ્લી સર્વોચ્ચ પરીક્ષા એમ. એ. માટે એમને પરીક્ષક નીમી એમનું સન્માન કર્યું. યુનિવર્સિટીનાં વિખ્યાત વિલ્સન વ્યાખ્યાનો આપવાનું બહુમાન પણ એમને આપવામાં આવ્યું. આમ સાર્વજનિક જીવનમાં સર્વ પ્રકારે એમનો મધ્યાહ્ન તપવા લાગ્યો.

પણ વિધિએ હવે એમની જીવનબાજી પલટી નાખી. ૧૯૧૩માં ૧૯મી ફેબ્રુઆરીએ એમની પુત્રી શાંતાનું અચાનક અવસાન થયું. એથી હરિભાઉના જીવનના આનંદનો કાયમને માટે નાશ થઈ ગયો અને એ આઘાતની અસર આખર સુધી ટકી. બે વરસ બાદ ૧૯૧૫માં બીજા બે મહાન આઘાત થયા. એ વર્ષમાં એમના પિતા નાનાસાહેબ ગુજરી ગયા; અને તે જ વર્ષમાં એમના પરમ મિત્ર ગોપાળ કૃષ્ણ ગોખલે ૧૯મી ફેબ્રુઆરીએ અવસાન પામ્યા.

ચાર વરસ પછી ૧૯૧૯માં હરિભાઉ માંદા હતા ત્યારે ૧૯મી ફેબ્રુઆરીએ એમણે એ પ્રસંગનું જે વર્ણન કરેલું તે વર્ણવતાં એમના એક ચરિત્રકાર લખે છે: 'હરિભાઉની છેલ્લી માંદગીમાં ૧૯મી ફેબ્રુઆરીનો દિવસ ઊગ્યો. એ આખો દિવસ તેઓ ખિન્ન અને ઉદાસ રહ્યા. ઘરનાં લોકોએ ધાર્યું કે શરીરની અસ્વસ્થતાને લીધે આમ બનતું હશે. પણ બીજે દિવસે એમણે એ ખિન્નતાનું કારણ જણાવ્યું. એમણે કહ્યું: ૧૯મી ફેબ્રુઆરી મારા જીવનમાં અત્યંત દુઃખનો દિવસ છે, કારણ કે સાત વર્ષ પહેલાં મારી એકની એક કન્યા અને ચાર વર્ષ પહેલાં મારા અત્યંત પરમ મિત્ર તે જ દિવસે મૃત્યુ પામ્યા. આટલું બોલી એમણે આંખ મીંચી લીધી. પ્રકૃતિ બહુ ક્ષીણ થઈ ગઇ હતી. કેટલીક વાર સ્તબ્ધ રહ્યા. કદાચ ગોખલેના મૃત્યુનો પ્રસંગ એમની નજર આગળથી પસાર થતો હોય એમ અમને લાગ્યું. ફરી આંખો ઉઘાડી તેમણે કહ્યું: 'ગોપાળરાવ ગયા તે દિવસે હું આખો દિવસ એમને ઘેર જ હતો. છેક સાંજે ઘેર આવ્યો. ત્યાં રાતના દસ વાગે સંદેશો આવ્યો કે ગોપાળરાવ અત્યવસ્થ છે. એક મિત્ર—વામનરાવ પટવર્ધન—ને લઇ તરત જ એમને ત્યાં ગયો. ગોપાળરાવ આરામખુરશી પર હતા. એમની છેલ્લી ઘડી હતી. સૌ ગમગીન બની ઊભા હતા. હું એમની પાસે ગયો એટલે એમણે આંખો ઉઘાડી મારી સામે જોયું, હાથ જોડયા, સ્મિત કર્યું અને કહ્યું: હરિભાઉ, જાઉં છું. બસ, થઈ રહ્યું. જાણે મારી જ રાહ જોઇ બેઠા હતા.... આ વાકયો બોલતી વખતે હરિભાઉનાં નેત્રમાં આંસુ ભરાઇ આવ્યાં. ફરી થોડી વાર તેઓ શાંત રહ્યા અને એક દીર્ઘ નિઃશ્વાસ મૂકી બોલ્યા, I lost two dear persons yesterday. I thought I would be the third to follow them.'

હરિભાઉના જીવનમાં લક્ષ્મી-સરસ્વતીએ નિસર્ગભિન્નાસ્પદ રહી હમેશનો વ્યવહાર ચાલુ રાખ્યો હતો. સ્કૉટ અને હરિભાઉના છેલ્લા દિવસોમાં ઘણું સામ્ય છે. ૧૯૧૭માં જ 'કરમણૂક' એમણે સંકેલી લીધું હતું. શાન્તાના મૃત્યુ પછી લેખન કરવાનું તો મન જ થતું ન હતું. બંગાળમાં એક નવી રેલવે કંપની નીકળવાની હતી અને એમના એક મિત્રનું એમાં હિત હતું, એટલે જીંદગીના છેલ્લા વર્ષમાં હરિભાઉને યોગક્ષેમ માટે એ કંપનીના શેર વેચવા ફરવું પડેલું! 'કરમણૂક'-માંથી તથા પોતાની નવલકથાઓમાંથી તેમને બિલકુલ આવક થઇ નહિ. ઉલટું, કરજનો બોજો વધ્યો. તેમના પરમ મિત્ર ભારતસેવક ગોપાળ કૃષ્ણ ગોખલેજીની 'સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા' સોસાએટીએ જો તેમના ઋણવિમોચનની અને કુટુંબના આજીવન નિર્વાહની વ્યવસ્થા ન કરી આપી હોત તો જીવનની છેલ્લી ક્ષણો સુધી તેમની યાતનાઓ વધ્યા જ કરી હોત. ૧૯૧૯ની ૩જી માર્ચે તો એમની તબિયત ખૂબ જ બગડી ગઇ. એવી જ દશામાં એમને મુંબાઇથી પુના લાવવામાં આવ્યા. સ્ટેશન પર મોટર આવી ન હતી, એટલે ડોળીમાં નાખી એમને ઘેર લઇ જવામાં આવ્યા. ઘર નજીક આવ્યા ત્યાં લોહીની એક ઉલટી થઈ. ઘેર પહોંચ્યા ત્યાં સુધી બીજી બે ઉલ-

(અનુસંધાન પૃ. ૨૪૭મે)



આંખ મળી એટલે પાંખ મળી

'૪૨ની લડત વેળા હું જેલમાંથી કેમ છટકી આવ્યો

લેખક

વાસુદેવ ભટ્ટ

હું જેલમાંથી કેવી રીતે નાસી આવ્યો એ સવાલ જ્યારે ખૂબ હઠપૂર્વક પૂછવામાં આવતો ત્યારે તેમાંથી ઝટ છૂટવા, નાનપણમાં સાંભળેલા એક જોડકણામાં થોડો ફેરફાર કરી હું નીચે પ્રમાણે જવાબ દેતો:

જાજરૂમાંથી ધોકો લીધો, ધોકાનો મેં ઘોડો કીધો;
ઘોડો ઉચક્યો હપ હપ, અમે સરક્યા ચપ ચપ;
ચપ ચપ કરતી લીધી ચાલ, વચ્ચે આવી ગઈ દીવાલ;
દીવાલ પછી ઊંચો કોટ, કોટ કૂદીને મૂકી દોટ;
સૌના મનને મોહી રહ્યો, ચર્ચિલ બેઠો જોઈ રહ્યો.

* * *

જેલની ઑફિસમાં તપાસણી થયા બાદ અંદરનો ઝાંપો ઉઘાડી સાંજના ૬ વાગ્યે અમને જ્યારે જેલમાં પહેલવહેલા દાખલ કર્યા ત્યારે ત્યાં જે સુંદર, શાંત, સ્વચ્છ વાતાવરણ જોયું તેથી જાણે એક જાતનો આઘાત થયો! સાંજનો શીળો પ્રકાશ લીમડાનાં ઝાડ અને જેલના સ્વચ્છ રસ્તા તથા દીવાલો ઉપર પથરાઈ જે પ્રફુલ્લ વાતાવરણ ઊભું કરતો હતો તે વાતાવરણ, આપોઆપ, બહારના વાતાવરણનો વિરોધ દર્શાવતું દિલના કોઇ એવા સ્થાન પર જઇ અફળાયું કે જાણે સમસ્ત જાત એકદમ બૂમ પાડી ઊઠી: 'અહીં નથી રહેવું!'

'૪૨ ના ઑક્ટોબરના એ ઉગ્ર દિવસોમાં અમદાવાદમાં પ્રવૃત્તિઓ અને તેના પ્રત્યાઘાતોથી જે જબ્બર આંદોલનો ઊઠતાં હતાં તેણે દિલમાં ઉત્સાહ અને ગરમીનું, આનંદ અને શક્તિનું એક એવું સ્થાન જમાવ્યું હતું કે તે છોડીને જેલના એ શાંત વાતાવરણમાં આરામ કરવો એ એક જાતનો આપઘાત લાગ્યો. પોલીસના હાથમાં જ આવવાની જ્યાં વૃત્તિ નહોતી, ત્યાં જેલમાં રહેવાની ઇચ્છા તો ક્યાંથી જ થાય? અને તેથી જ જાણે કે ક્યાંક અંદરઅંદરથી એક અવાજ આવ્યો: 'અહીં નથી રહેવું!'

જેલમાંથી હું કેવી રીતે નાસી આવ્યો એ પ્રશ્નની પાછળ જ્યારે તેની યુક્તિ જાણવાની ઈચ્છા હોય છે ત્યારે હું કહું છું કે 'આંખ મળે એટલે તરત પાંખ મળે!' ચકલીનું બચ્ચું આંધળું હોય છે ત્યાં સુધી ઊડતાં નથી જ શીખી શકતું અને ખરેખર, જેલમાંથી હું નાસી આવ્યો તેની પાછળનું મોટામાં મોટું બળ એ જ છે: 'અહીં નથી રહેવું!'

હવે જે વિગતો રજૂ કરી છે તેમાં કદાચ સૌને વધુ રસ પડશે. પણ સાચી વાત તો એ છે કે એ બધી, મોખરે ચાલતા એક વણઝારાની પાછળ દોરાતી ઊંટની હારમાળા જ માત્ર છે. જે દિલે જેલમાં નહિ રહેવાનું નક્કી કર્યું તે શું એ નિર્ણયનો અમલ કરવાના રસ્તા મને ના બતાવે?

રોજ બપોરે જ્યારે બીજા બધા આરામ કરતા ત્યારે હું કોઈ ને કોઈ બહાને છોટા ચક્કરની પહેલા નંબરની બૅરૅકમાંથી બહાર નીકળી પડતો. વૉર્ડરને સમજાવવામાં ખાસ મુશ્કેલી ન પડતી; અને બપોરની એ રોનમાં ફરતાં બેએક દિવસમાં તો મેં જેલનાં બધાં સ્થાનો જાણી લીધાં. નાસવાની દૃષ્ટિએ અગત્યનાં સ્થાન અને તેનાં માપ વગેરે પણ ગણતરીમાં આવી ગયાં. ફાંસીખોલી પાસેના ભાગ માટે જેલના પોલીસોને રાતના સમયે લાગતો ભય, નવી બંધાતી કાચી બૅરૅક અંગે મજૂરો તથા મોટર-ખટારાની થતી આવજા, તેનો પડેલો સામાન, ઇસ્પિતાલ તથા રંગશાળા વચ્ચેનો પશ્ચિમ દિશાની ભીંતનો ભાગ, કોઈની બિસ્તરો બાંધવાની કે કપડાં સૂકવવાની દોરી, પેશાબખાનાં ને જાજરૂનાં ટબ, એમ જુદીજુદી જગ્યાઓ ને વસ્તુઓ નાસવા માટેની યોજનામાં પોતપોતાનું સ્થાન નક્કી કરવા માંડી.

પોલીસો સાથે સીધી જ વાતચીત કરીને અથવા બીજા કોઇ પાસેથી સાંભળીને, રાતની ચોકીની વ્યવસ્થા, ચોકીદારનાં સાધનો, તેની સત્તાઓ, તેમની રીત વગેરે જાણી લીધું અને આઠદસ દિવસમાં તો મનમાં ને મનમાં આખી યોજના તૈયાર થઈ ગઈ.

યોજના તૈયાર થઇ એટલે એ વિચાર થઈ પડ્યો કે હું નાસી જાઉં તે પછી મારો બિસ્તરો, ચોપડીઓ વગેરે પડી રહે તેનું શું? એ સરકારના હાથમાં જાય એવી ઈચ્છા નહોતી અને તેથી આપણામાંથી કોઇને એ સોંપવી જ રહી. જેલનિવાસના એ આઠદસ દિવસમાં જે ઓળખાણો થએલી તે પૈકી ભાઈ રામભાઈ પટેલ ઉપર વિશ્વાસ રાખવાનું યોગ્ય લાગ્યું અને તેથી મેં એકવાર તેમને મારી યોજના જણાવી અને પછી પૂછ્યું, કે બોલો તમારી શી સલાહ છે? જવાબમાં તેમણે જણાવ્યું કે હું પણ સાથે આવીશ!—ચાલો, એ પણ સારૂં! એક થકી દો ભલા!!

એટલે તો પછી, આખી યોજના પાછી બે જણની દૃષ્ટિથી ફરી તપાસવાની થઇ. આ દરમિયાન બીજા એક ભાઇએ અમારી આ યોજનામાં સારો રસ લીધો અને અમને છેક છેવટ સુધી સક્રિય રીતે સારી મદદ કરી. બે જણ માટેની એ બીજી યોજના તૈયાર થઈ ગઇ તે દરમિયાન મારા એક જૂના મિત્ર જેલમાં ભરતી થયા. એટલે પછી મેં તેમને મારો ઈરાદો જણાવી મારા ગયા પછી મારો સામાન વગેરે કબજે કરી લેવાની બાબત સમજાવી અને સોંપી.

હું ૨૧મી ઑક્ટોબરે પકડાયો હતો અને ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં બધી જ તૈયારી થઈ ગઈ. અમે નવમી ડિસેમ્બરે (આઝાદીની નવમીના સ્મરણમાં) નાસવાનું નક્કી કર્યું. તે પછીના રવિવારે નાટકચેટકનો કાર્યક્રમ રાખવાનો હતો અને તેની તૈયારીઓ ચાલતી હતી. આ તૈયારીઓએ પણ અમને ઠીકઠીક મદદ કરી.

આઠમી ડિસેમ્બર આવી યોજના ઉપર છેવટનો હાથ લગાવવાનો હતો. નાટકની તૈયારી માટે છોટા ચક્કરની ચાર નંબરની બૅરૅકમાં તો જવું જ પડ્યુ હતું!—કારણ કે ત્યાંથી જ પશ્ચિમ દિશાની દીવાલ નજીકમાં નજીક પડતી હતી. રાતના બધા સૂઈ ગયા ત્યારે હોજ પાસેના પીપળા પર અમે ચડ્યા. એ પીપળા પર ભૂત તો રહેતાં જ હશે; નહિતર ભૂત જેવા અમે તેની પર ક્યાંથી?! પીપળા પર ચડી, ચક્કરની આઠ ફૂટની અને બહારની સોળ ફૂટની દીવાલો વચ્ચેની ચોકીની વ્યવસ્થા અને કાર્યક્રમ બરાબર પ્રત્યક્ષ કરી લીધાં. એ ભાગમાંથી એક વાર ચોકીદાર પસાર થઈ ગયા પછી ફરીથી પંદર-વીસ મિનિટ પહેલાં તો કોઈ આવતું નહોતું. એક બાજુ ઇસ્પિતાલ અને બીજી બાજુ રંગશાળા ઉપર પહેરેગીરો બેસી રહેતા કે ચાલુ ફરતા. તેમનાથી જરા ચેતતા રહેવાનું હતું. પણ એવી આશા તો ન જ રાખી શકાય કે સરકાર બધી પોલીસને પોતપોતાને ઘેર મોકલી નીરાંતે આરામ કરવા દે! અને સોળ ફૂટની દીવાલની બહાર ચોકીની શી વ્યવસ્થા હતી તે તો માલિકને ખબર.

નવમીની સવાર થઈ. જેલમાં ધ્વજવંદનનો કાર્યક્રમ રખાયો હતો. જેલ-સત્તાવાળાઓએ આંખ આડા કાન કર્યાનું અને આપણા સત્તાવાળાઓએ એ બહાને પણ એક રાષ્ટ્રીય કાર્યક્રમ ઊજવવાનું નક્કી કર્યું હશે. તે ગમે તેમ, પણ તે કાર્યક્રમ થયો: પૂરો થયો અને કોઇએ મને પૂછ્યું: 'બસ? આજ તો નવમી; અને છતાં આ એકજ કાર્યક્રમ?'

મેં કહ્યું: 'બીજો છે ને!'

'ક્યારે?—બપોરે?'

'હોય?—એ તો રાતના!' એણે માન્યું કે મેં મશ્કરી કરી!!

સાંજ પડી. માગશર મહીનાની સુદ બીજ હતી. બીજની ચંદ્રકળા આથમી ન આથમી ત્યાં તો શિયાળાની ઠંડીની દવા તરીકે ઘણાએ પોતપોતાનાં બિછાનાંનો આશરો લીધો. અમે ઊપડ્યા અમારી ચોથા નંબરની બૅરૅકમાં. ત્યાં આવતા રવિવારનાં નાટકો માટે સંવાદો અને સંગીતનો તથા નૃત્ય અને નાટિકાનો કાર્યક્રમ ઘડાવા માંડ્યો. એ પત્યો ત્યારે બધે શાંતિનું સામ્રાજ્ય શરૂ થઇ ગયું હતું. અને અમે અમારા નાટકની શરૂઆત કરી.

યોજના તો પૂરેપૂરી વિગતમાં તૈયાર હતી. ક્યાં કપડાં પહેરવાં, ક્યાં સાથે લેવાં, તે ક્યાં રાખવાં, બીજી કઈકઈ ચીજો સાથે રાખવી, પહેલાં કોણે જવું, પછી કોણે જવું, ચોકીદાર આવી ચડે તો શું કરવું, તે બીએ તો શું કરવું, કેવી જાતની સીટી કે સિસકાર શાને માટે કરવા, કોને કયા નામથી બોલાવવા વગેરે અગાઉથી સમજી લીધેલું હતું જ.


યોજનાનો અમલ આમ તો બપોરથી જ શરૂ થઈ ગયો હતો. એક ભાઇ પાસે બિસ્તરો બાંધવાની લાંબી, મજબૂત દોરી હતી. તેની ઉપર એ પોતાનાં કપડાં સૂકવતા. એ દોરડા વડે હું બંધાઇ જાઉં, છતાં હાઉદીનીની માફક જાદુ-યુક્તિ કરીને હું તેમાંથી એકદમ છૂટી જઇ શકું છું એવો પ્રયોગ કરી બતાવવાના નિમિત્તે એ દોરડું અમારી સેવામાં હાજર થઇ ચૂક્યું હતું વેશપલટાનાં કપડાં પણ નાટકના અંગ રૂપે મળી ચૂક્યાં હતાં. રાતના બાર વાગ્યે બધા ઊંઘતા હતા ત્યારે અમે ત્યાંના જાજરૂમાં પેઠા. જાજરૂની સંખ્યામાં વધારો કરતાં કાચાં જાજરૂ જેલવાળાએ બંધાવ્યાં હતાં; અને તેનાં બારણાં હજી તૈયાર નહિ થયાં હોવાથી ઉપર એક લાંબો વાંસ બાંધી, તેની ઉપર કંતાન લટકાવી જાજરૂ પર અંતરપટ ઉતાર્યાં હતા. ગાંઠો છોડી-તોડી વાંસ અલગ કર્યો. તેની જગ્યાએ કાથીની એક દોરી બાંધી (કે જે પાછી, કોઈનાં કપડાં સૂકવવાના કામમાંથી મુક્તિ મેળવી આ મહાન કાર્યના અંગરૂપ બની હતી!) અને તેની ઉપર પેલાં કંતાન અસલ પ્રમાણે લટકાવી દીધાં, જેથી કોઈને વાંસની ગેરહાજરી જણાય નહિ.

આ વાંસ, તેની ઉપર લાકડીનો એક આડો ટુકડો અને તેને છેઃ પેલું હાઉદીનીનું જાદુઈ દોરડું! વાહ! કોઇ જાદુઇ જંત્ર જ તૈયાર થઇ ગયું ને શું? પછી થયો વેશપલટો. નિશ્ચિત થઈ સુકાતાં, મિત્રોનાં જેલકપડાંએ અમારાં અંગને કોઇ ગુનેગારના સ્વાંગમાં સજ્યાં અને અમે શું, ખરેખર ગુનેહગાર નહોતા? વધારાનાં કપડાં, બૅટરી, ચપ્પુ, ચંપલ ને અન્ય સામાને શરીર પર સ્વસ્થાન લીધું; અનેઅમે પ્રસ્થાન કીધું. બરાબર અઢીનો ટકોરો પડ્યો અને સોળ ફીટની દીવાલ પરથી ચોકીદારના પડછાયાએ પસાર થઈ અમને સરકવાનો સંકેત કર્યો.

તૈયાર થએલું પેલું જંત્ર ઊંચકી અમે આઠ ફૂટની દીવાલ પાસે આવ્યા. આ દીવાલ તો, જરાજરામાં નાનાં છોકરાં પણ ઓળંગી જતાં અને પેલી બાજુ ગએલો ટેનિસબૉલ કે વૉલીબૉલ લાવતા. એટલે એ દીવાલ તો મુશ્કેલી વિના પસાર કરી ગયા. એ દીવાલ પછી પચાસેક ફૂટની ખુલ્લી જગ્યા પસાર કરીએ ત્યારે સોળ ફૂટની દીવાલ આવે. અમારી એક બાજુએ ઈસ્પિતાલમાં કોઈ ચોકીદાર હાથમાં ફાનસ હલાવતો ફરી રહ્યા હતો. બીજી બાજુએ રંગશાળાનો ચોકીદાર નવી બૅરૅક બાજુ એક તાપણી સળગાવી શિયાળાની ઠંડીમાં જરા હૂંફ મેળવી રહ્યો હતો. એ બન્ને બાજુથી બચવા અમે એકબીજાની પાછળ દેડકાં માફક ચાલવા માંડ્યું. એક જણાએ આગળને છેડેથી આમ રૂ જંત્ર પકડ્યું હતું, બીજાએ પાછળના છેડેથી. મોટી દીવાલ પાસે આવી, ચારે બાજુ નજર ફેરવી, અમે અમારા અઢાર ફૂટ ઊંચા એ તોતીંગ ઘોડા-જંત્રને ઊભો કરી, જેલની દીવાલ પર ટેકવ્યો. અને પછી તેને આધારે લટકતી દોરી પર વાંદરાની માફક ચડવા માંડ્યું.

એક જણે દીવાલ પર પહોંચી બીજી બાજુ નજર કરી. ત્યાં ન મળે ચોકીદાર કે ન મળે ચોકીદારનો પડછાયો! તેણે ઉપરથી સંકેત કર્યો અને બીજા બંદરે ચડવા માંડ્યું. તેણે પોતાના પગે એક લાંબી દોરી બાંધી તેનો બીજો છેડો પેલા ઘોડાના નીચલે છેડે બાંધેલો હતો. તેના ઉપર આવી ગયા પછી બન્ને જણા સામસામા બેસી ગયા. શો એ વખતનો આનંદ! બીક ફીક તો શોધી પણ ન જડે. જાણે હાથીની પીઠ પર બેઠેલા બે બાદશાહોનાં દિલમાં એ વખતે કોઇ ઑર જ ગરમી હતી.

હવે બન્ને બાદશાહો એકબીજાથી દૂર સરક્યા. બીજા બાદશાહે (અનુસંધાન પૃ. ૨૩૪મે)


અમારું જંત્ર



નિરાલા

ઘણીવાર માનવીમાં પણ વિરલ એવી વફાદારી પ્રાણીમાં હોય છે

લેખક
પ્રો. ભાઈલાલ પ્ર. કોઠારી એમ.એ.

'ક્યાં હવે સા'બ, ડયૂટી હો ગઈ કયા ?'

'જી હાં. કયા આપકા ખાનાબાના હો ચુકા ?'

'જી હાં. સબકુછ હો ચુકા. આ જાઇએ ન !'

આટલા ટૂંકા વાર્તાલાપ પછી જ રાતના નવ વાગ્યા બાદ મારી ને કૅપ્ટન મંગલસિંહની રોજની બેઠક જામતી. રાતના બાર-એક વાગ્યે જ્યારે હું મારા મકાને પાછો ફરું ત્યારે વીમા એજન્ટ તરીકેના મારા રોજના એકધારા કામકાજમાંથી મને કોઇ અજબ જેવી રાહત કૅપ્ટનની જાતજાતની યુદ્ધ વિષેની વાતોથી મળતી.

૧૯૪૨ની સાલ હતી. એ પહેલાં મુંબાઇથી હું તાજો જ ત્યાંની શાખાનો એજંટ નિમાયો હતો. વીસ વરસની નોકરી પછી કામમાં મારે માટે નવું તો કશું હતું જ નહિ. બાકીનાં આઠદસ વર્ષ કાઢી નાખું એટલે પછી આરામ. આવા ખ્યાલથી મેં આ બદલી રંગૂન જેટલા દૂરના સ્થળે લડાઈના વખતમાં થઇ છતાં પણ વાંધો ઉઠાવ્યો ન હતો. પણ મારા વસવાટ પછી તો એ બધાં સ્થળો જાપાની આક્રમણના કારણે ખૂબ બિહામણાં બની ગયાં હતાં.

કૅપ્ટન મંગળસિંહની સરદારી નીચે ગુરખા રેજિમેન્ટ કામ કરતી હતી. જાપાની હુમલાખોરો સામે થવાની એ લોકોની હિંમતનાં વખાણ કરતાં એ થાકતા નહિ. મેં એમને એક વાર હસતાંહસતાં કહ્યું, 'કૅપ્ટનસા'બ, એ તો રોજનું છે. લડવું, શુરાતન બતાવવું એ કાંઇ એમને માટે અસામાન્ય વાત નથી. એમાં તમે નવું શું કહો છો?'

મારા આ સવાલથી એમને ચોટ લાગી. મને કહે, 'હવે સા'બ, યે સબ બાતેં આપ હરરોજ ઑફિસમેં બૈઠ કર દસ્તખત કર દેતે હો ઐસી આસાની સે નહીં કી જાતી. આપ એક દફે મેરે સાથ ચલના; ફિર આપકો પતા ચલેગા કિ ઈસ મૌતકા અંજામ કિસ ઢંગકા હોતા હૈ.'

મેં કહ્યું, 'મારા જેવા બ્રાહ્મણોનું એ તમારા દંગલમાં કામ નહિ. તમે કહો છો તે હું માનું છું, બસ ?'

કૅપ્ટન સાહેબ મારો જવાબ સાંભળી જોરથી હસી પડયા અને બોલ્યા, 'ફિર તો હવે સા'બ, તુમ્હેં યે સબ બહાદુરી કી બાતેં સૂનની હી હોગી.' પછી તો કૅપ્ટન મંગળસિંહ પાસેથી એ રેજિમેન્ટના શુરાતનની જાતજાતની વાતો હું સાંભળતો અને આશ્ચર્ય પામતો.

કૅપ્ટન મંગળસિંહ રાત્રે બંગલા પર કેવળ એક જ માણસને રાખતા પણ એમનો સાચો રખેવાળ તો એમનો કૂતરો હતો. ઘેરા ભગવા રંગનો, એના જાતભાઇઓ કરતાં અસાધારણ ઊંચાઈવાળો એ શિકારી કૂતરો, અમે વાતો કરીએ એ દરમિયાન બંગલાના મોટા કૉમ્પાઉન્ડમાં આંટા માર્યા કરે. હું જાઉં એટલે મારી પાછળ કૅપ્ટન સાહેબનો પહાડી બુલંદ અવાજ સંભળાય: 'નિરાલા !'

એ સાંભળતાં જ નિરાલા આખા કૉમ્પાઉન્ડમાં જ્યાં હોય ત્યાંથી જાણે કોઈ શિકારની પાછળ ન દોડતો હોય એટલી ઝડપથી કૅપ્ટન પાસે આવી એની તોફાની આંખો નચાવી રહે. કૅપ્ટન પણ જાણે પોતાના દીકરાને લાડ ન કરતા હોય એમ એને ખૂબ પ્રેમપૂર્વક પંપાળી છેવટે કહે, 'દેખો બેટા, અબ તો હમ સો જાયેંગે. ઠીક હૈ ન ?'

જવાબમાં જાણે પોતાની ફરજનો હવાલો સંભાળી ન લેતો હોય તેમ નિરાલા 'એટેન્શન'ની સ્થિતિમાં ઊભો રહે ને પછી એની રોજની બેઠક પર સ્થાન લઇ લે. પછી તો આખી રાત કોઇની તાકાત નહિ કે કૉમ્પાઉન્ડમાં પેસવાની હિંમત કરે.

આ કૂતરાનું મને પણ એક કુતૂહલ હતું. એક વાર મેં કૅપ્ટનને પૂછ્યું, 'સરદારજી, આ કૂતરો તમે ક્યાંથી લાવ્યા ? મને તો એ કૂતરો નહિ પણ જાણે તમારે પૂર્વજન્મનો કોઈ નિકટનો સ્નેહી ન હોય તેવો લાગે છે. તમારી પાછળ તો એ ગાંડો જ રહે છે.'

કૅપ્ટન મારા સહવાસથી હવે તો ગુજરાતી બોલતા પણ થઇ ગયા હતા. તેમણે કહ્યું, 'તમારી વાત બિલકુલ સાચી છે. પણ મને પણ એ ક્યાં ઓછો વહાલો છે ? આજથી ત્રણ વરસ પહેલાં હું મારી પત્ની સાથે આબુ કેન્ટોન્મેન્ટમાં રહેતો હતો. રોજ સાંજે અમે લાંબે સુધી ફરવા જતાં. એક વાર એક મહાત્મા તરતની વસાવેલી ગુફામાં અમે પ્રવેશ્યાં, ત્યાં તો તમે જેની વાત કરો છો એ નિરાલા ગુસ્સે થઇને અમારા ઉપર ધસી આવ્યો. પણ એટલામાં, જાણે ગુફાને જ વાચા ન આવી હોય એમ, એક ઘેરો પ્રતાપી અવાજ સંભળાયો: 'નિરાલા !' અને બીજી જ ક્ષણે એ ચુપચાપ પાછો ચાલ્યો ગયો. અમે અંદર જઇ એ મહાત્માનાં દર્શન કર્યાં અને એમની વાતચિતથી અમને ખૂબ આનંદ થયો. પછી તો અમારો કાર્યક્રમ જ એ થઈ પડ્યો કે મારી ડયૂટી ન હોય ત્યારે અમારે મળવું જ. નિરાલાને પણ અમારા તરફ ખૂબ આકર્ષણ હતું અમારા આવવાની રોજ સાંજે એ પ્રતીક્ષા કરે અને અમને જોતાં જ હર્ષથી પૂંછડી પટપટાવતો અમારી સામે આવી અમારું સ્વાગત કરે.

એવામાં એકાએક આ યુદ્ધ ફાટી નીકળ્યું ને મારી પણ બદલી થઈ. મહાત્માજી પણ કોઇ બીજા સ્થળે જવાનું વિચારતા હતા. તેમણે જ મને સૂચવ્યું કે મારે નિરાલાને લઇ જવો. ત્યારથી એ મારી સાથે છે. એનાં પગલાં પછી મને બીજે વર્ષે પુત્રપ્રાપ્તિ થઈ; આજે એ ત્રણ વર્ષનો છે. નિરાલાની અને એની ખૂબ દોસ્તી જામી છે. પણ મારા તરફનું એનું મમત્વ તો એથી ય વિશેષ છે. માટે તો આવા દિવસોમાં પણ એને ઘેર ન રાખતાં હું અહીં લઇ આવ્યો છું.'

લડાઇનો મામલો દિનપ્રતિદિન જોર પકડતો જતો હતો. જાપાનીઓનો કેર વધતો જતો હતો. રંગૂનની ગુજરાતી વસતી તો ક્યારની ય ધોળા કે કાળા રસ્તે પોબારા ગણી ગઈ હતી. માત્ર હું જ જાતે એકલો હોવાથી કાંઈક નફકરા જીવે આવામાં ય પડી રહ્યો હતો. કૅપ્ટનના સહવાસની થોડી હૂંફ પણ હતી. પણ છેલ્લા અઠવાડિયાના વિનાશતાંડવે તો મારાં પણ હાંજા ગગડાવી નાખ્યાં હતાં. કૅપ્ટને મને પણ ગર્ભિત સૂચન કર્યું હતું કે હવે લાંબો સમય મારે એ સ્થળે ન રહેવું.

મેં મારી ઑફિસ આટોપી લીધી અને એક બે દિવસમાં જ રંગૂન છોડવાની તૈયારી કરી.

એ રવિવાર હતો. કૅપ્ટન આજ છેલ્લા વીસ કલાકથી પાછા ફર્યા ન હતા. એમની ગેરહાજરીથી નિરાલા ક્યારનો ય અસ્વસ્થ થઈ આમતેમ આંટા માર્યા કરતો હતો. હવે તો એને મારી સાથે પણ દોસ્તી થઇ હતી. મેં એને બૂમ મારી, 'નિરાલા !'

ઘડીભર એની આંખમાં રોજની ચમક આવી. પણ એ બૂમ તો મારી હતી એ સમજતાં જ પાછો એ એની મૂળ સ્થિતિમાં ધીરે પગલે મારી પાસે આવી ઊભો. એની પીઠે હેતથી હાથ ફેરવતાં પણ મારી નજર કૅપ્ટનના આવવાના રસ્તા પર હતી. નિરાલા અને હું બંને એકાએક એ રસ્તાના એક દૃશ્ય તરફ મીટ માંડી રહ્યા.

પોતે જેને રોજ જાતે હાંકીને આવતા તે જીપ મોટર તો એ જ હતી, પણ આજે એનો હાંકનાર જુદો હતો. અંદર માણસો પણ વધારે હતા. મને કુશંકા થઈ કે જરૂર કાંઈક બન્યું હશે.

પણ મારા કરતાં યે પેલા જાની દોસ્તને તો ક્યારની ય ફાળ પડી હતી. મોટર અટકતાં જ એ તો મારી પાસેથી કૂદી ઉપર ચડી ગયો.

કૅપ્ટન સાહેબને ગોળી વાગી હતી. એમની સ્થિતિ ગંભીર હતી. મિલિટરી ડૉક્ટરે ગોળી તો કાઢી હતી, પરંતુ તે પૂર્વે ઘામાંથી ખૂબ લોહી વહી જવાથી એ ખૂબ જ અશક્ત બની ગયા હતા.

નિરાલાએ તરત જ એમના ખાટલાનો હવાલો લીધો. ખાટલા પાસેથી નિરાલાને દૂર કરવાની કોઈની હિંમત ન હતી.

બીજે દિવસે સવારે એ કાંઈક ભાનમાં આવ્યા આંખ ઉઘાડતાં સામે જ રડતા નિરાલાને જોઈ એમના મુખ પર આછું દિલગીરીનું સ્મિત અને આંખમાં આંસુ આવ્યાં.

પણ આ સ્થિતિ ય લાંબો સમય ટકી નહિ. અશક્તિના કારણે કૅપ્ટને ફરી ભાન ખોયું અને પછી તો એ સ્થિતિ છેવટ સુધી રહી. બપોરના ચાર વાગે એ સૌને છોડી ગયા.

અમારા સૌની આંખમાં આંસુ હતાં. પણ નિરાલાની સ્થિતિ તો એથી પણ અસહ્ય હતી. અમે તો પરસ્પરની સાથે થોડી વાત કરીને પણ કાંઇક શાતા અનુભવવાનો પ્રયત્ન કરતા હતા; પણ આ તો હવે 'અટૂલો અને અનાશ્રય' બન્યો હતો. એની વેદના કોણ સમજે ?

અમારી સૌની સાથે એ પણ સ્મશાનભૂમિ સુધી આવ્યો. ભડભડતી ચિતા જોઈ એની આંખ સખત બની ગઇ. મોડી રાતે એ અમારી સાથે ઉતારા પર આવ્યો.

કૅપ્ટનનો પલંગ હમેશાં બહારના છજામાં પથરાતો. આજે એ હજી એમ જ હતો. રાતના બાર થયા હતા. નિરાલાને કશું ખવડાવવાના મારા બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. સૂના પલંગને જોઈ સખત બનેલી એની આંખ ફરી વહેતી હતી.

બાર વાગ્યા. કૅપ્ટનનો એ સૂવાનો વખત હતો. આજે પણ જાણે એ એવી તૈયારી કરી હમણાં પોતાને બોલાવશે એવી આશામાં નિરાલા સ્થિર ઊભો હતો—જાણે રખેને પોતાનાથી એ બૂમ ચૂકી જવાય,—એ આશંકાથી.

ટાવરની મોડી ચાલની ઘડિયાળમાં ધીરેથી બાર ટકોરા પડ્યા. નિરાલા રોજની જેમ પલંગ પાસે જઇ 'ઍટેન્શન'ની સ્થિતિમાં ઊભો અને પછી પોતાની જગ્યાએ જઇને બેઠો.

બે દિવસ સુધી તેણે આ જ ક્રમ સાચવ્યો. ન તો એણે નોકરને એ પલંગ ખસેડવા દીધો, ન તો પોતે પોતાની જગ્યા છોડી. હું તો એની મમતા પર ક્ષણેક્ષણે આશ્ચર્ય પામતો હતો અને મિત્રના મૃત્યુમાં એને મારાથી સવાયો સહભાગી ગણી એની પીઠ ઠોકી મૂંગું આશ્વાસન આપતો હતો.

પણ એ આશ્વાસનનો ય મને જવાબ ક્યાં મળતો હતો ? એના જેટલો અધિકારી હું ક્યાં હતો ?

ત્રીજા દિવસના સવાર સુધી દુઃખ અને ભૂખ સામે એ ઝૂઝ્યો. અમે સૌએ એના જીવવાની આશા છોડી દીધી ચોથા દિવસની સવારે મેં જોયું તો એ પણ એના દોસ્તીના પંથે હતો.

મારી આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. મૈત્રીમાં પણ નિરાલા સાચે જ નિરાલો હતો.

આંખ મળી એટલે પાંખ મળી

(અનુસંધાન પૃ. ૨૩૨થી ચાલુ) પોતાના પગવાળી દોરી ખેંચવા માંડી એટલે ઘોડાનો નીચલો છેડો ઉપર ખેંચાવા માંડ્યો અને ધીમે ધીમે આખો ઘોડો દીવાલ પર આડો આવી ગયો. પછી દીવાલ કુદાવીને એ દોરી સરકવા દીધી ને જેલની બહારની બાજુએ, એક કૂવાની નજદીકમાં ઘોડાએ પોતાનો પગ ટેકવ્યો. જેમ ઉપર ચડ્યા હતા તેમ બન્ને બાદશાહો વારાફરતી નીચે ઊતર્યા,–પૂરી શાંતિથી.

મરેલી સરકારના મુડદાની માફક એ ઘોડાને બન્ને જણે ખભે લીધો અને આગળ વધવા માંડ્યું. વિચાર તો થયો કે એ ઘોડાને છેક અમદાવાદ ભેગો કરવો! પણ એ બે ગાંડા માણસને એ અંધારી રાતે અને અજાણી વાટે એમ કરવામાં ડહાપણ ના લાગ્યું. થોડે દૂર જઈ જેલનાં જ ખેતરોમાં ઊગેલાં ઊંચાં ઘાસમાં એ ઘોડાને લાંબો સુવાડી દીધો, પણ તેની સાથેની પેલી લાંબી, મજબૂત દોરી—અમારી મુક્તિમાળને મૂકી જતાં જીવ ન-ચાલ્યો ! નીરાંતે ઊભા રહી ગાંઠ પછી ગાંઠ છોડી એ દોરીને છૂટી કરી લીધી અને ગોળ ગોળ વીંટી થેલીમાં સહીસલામત ગોઠવી !

નાની દીવાલ પાસે આવ્યા ત્યાંથી માંડીને આ બધી ક્રિયા ૧૫-મિનિટમાં તો પૂરી કરીને આ જોડી જેલનાં ખેતરો અને કોતરો ખૂંદતી થઈ ગઈ. અહીં કૂતરું ભસે, તો ત્યાં ચોકીદાર દેખાય, તો પણે કોતર દેખાય, તો વળી આ બાજુ એમ કરતાંકરતાં જેલની હદ છોડી, હરિજન આશ્રમની પાછળ થઈ, ચંદ્રભાગા નદીને કાંઠે બન્ને જણ અટક્યા અને ત્યાં કાર્યક્રમની છેલ્લી વિધિ પતાવી.

જેલનાં જાડાં અને લીટીવાળાં કપડાં શરીર પરથી દૂર કર્યાં. પંચાંગ કહેતું હશે કે એ શિયાળો હતો; પણ એ બે દિલમાં જે અગ્નિ હતો તે તેમને ક્યાંથી તેની જાણ થવા દે ? જેલનાં કપડાં ચંદ્રભાગા નદીનાં પાણીમાં બરાબર ઊંડાં દાટ્યાં, અને પાસે રાખેલાં વધારાનાં કપડાં શરીરે ચડાવી રાતના રખડુ રાજાઓનો સ્વાંગ સજ્યો.


અને પછી અંધારામાં અથડાતી, રખડાવી એ બે જુવાન દિલોને આઝાદીના આતશે સવારના છ વાગ્યે અમદાવાદમાં એક મિત્રના આંગણે બિલકુલ સહીસલામત ખડા કરી દીધા.

કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી લેખમાળા

સ્થાપત્ય


શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના મૂળ પરથી અનુવાદક
સૌ. શ્રી અપર્ણાબેન ત્રિવેદી

૩–મકાનોની આકાશરેખા—Sky-line




સ્થાપત્યનું રચેલું મકાન પણ ઘણુંખરું શિલ્પની પેઠે જ પોતાને અનુરૂપ આકાશ રોકીને અવસ્થાન કરે છે અને આકાશની પટભૂમિકા (back-ground)માં પોતાની છાયાનું રેખારૂપ (sky-line) ચિત્રિત કરે છે આમ હોવાથી, કોઇ પણ મકાનની રચના વખતે, તેનાં અંગપ્રત્યંગોની ઝીણી વિગતોનો વિચાર કરતાં અગાઉ પ્રથમ તો એ વિચાર કરવો જોઇએ કે તેની સમગ્ર છાયામૂર્તિ (silhoutte) કેવી આકૃતિ ગ્રહણ કરશે. આથી, વિચક્ષણ સ્થપતિ હમેશાં પોતે રચવાના મકાનની પ્રતિમૂર્તિ એ આકાશના રેખારૂપ (sky-line)માં બને તેટલી સુંદરરીતે ખીલી રહે એવો પ્રયત્ન કરે છે. કોઈ પણ મકાનને જોવા જતાં પહેલાં તો દૂરથી તેનું આકાશમાં ચીતરાએલું આ રેખારૂપ જ આપણી નજરે પડે છે. મકાન અથવા મંદિરોનાં અંગપ્રત્યંગોના શોભા-શણગારની ઝીણી વિગતો તો પાસે જઇએ ત્યારે જ નજરે પડે.

માણસનો નગ્ન દેહ જેમ વસ્ત્ર અને અલંકારના ભૂષણથી ઢંકાય છે, તેમ મકાનનો મુખપાત–મોરો (facade), તેનું વક્ષઃસ્થલ, તેની જાંઘ, પાદદેશ વગેરેને તેના ગઠનની વિધવિધ આકૃતિઓની બંધાએલી રેખાનું અનુસરણ કરીને ભૂષણ ને અલંકાર વડે પ્રસ્ફુટિત તથા આક-




ષૅક કરવાની પ્રથા છે. પણ આ રીતનાં અલંકરણ કરતાં પહેલાં ખાસ વિચાર કરીને, રુચિ (taste) અને પ્રમાણ (proportion)નું સન્માન રાખીને યોજના કરવી પડે છે. અલંકારોનો અતિરેક કરી દેવાથી મકાનનો મોરો (facade) ભારે થઈ જાય છે; જ્યારે અતિ અલ્પ ભૂષણ રાખવાથી મકાનનો નગ્ન દેહ નગ્નતા અને દીનતાથી શુષ્ક લાગે છે. (જુઓ ઉપર ચિત્ર નં. ૨૫) આ ભૂષણયોજનાની ઘણી ભિન્નભિન્ન રીતિઓ અને પદ્ધતિઓ છે. કેટલાક સ્થપતિઓ લતાપલ્લવ અથવા ભૂમિતિની આકૃતિઓનાં આભૂષણો વડે મકાનને અલંકૃત કરે છે, જ્યારે કેટલાક વળી સાધુ–સંતો, ઋષિ અથવા 'આવરણ–દેવતા'-ની પ્રતિમાઓ વગેરે મૂકીને મંદિરનો દેહ એ અલૌકિક સાજ વડે ઝળકાવે છે. ફ્રાન્સના આમીએન્સ, નોત્રદામ, રાઉએન વગેરેનાં પ્રખ્યાત દેવળોના વક્ષઃપ્રદેશ ને પાદદેશ આ રીતે અસંખ્ય સાધુ-સંતો, ધનપતિઓ ને ભક્તોની ઉજ્જ્વલ પ્રતિમાઓથી વિભૂષિત થયાં છે. આપણા દેશમાં ભુવનેશ્વરના અને દક્ષિણ હિંદનાં કેટલાંક મંદિરોમાં પણ એ પ્રકારના શિલ્પના અલંકારો છે. કોઈપણ મંદિર કે ગૃહનો ગાત્રદેશ જો કેવળ નગ્ન અથવા આભરણશૂન્ય, કાંઇપણ શોભા-અલંકાર વિનાનો કરવામાં આવે તો પ્રકાશ અને છાયાના ચિત્રમય રસના ઉપભોગનો યોગ થાય નહિ. (ચિત્ર નં. ૨૫) ફ્રચ્ચ અંગોવાળાં—ઊંચાં અને ભવ્ય સ્થાપત્યોમાં તેના સપાટ પૃષ્ઠદેશ અને પાર્શ્વદેશ ઉપર

ઉપર–ચિત્ર નં. ૨૫; નીચે–ચિત્ર નં. ૨૬; ડાબી બાજુ–ચિત્ર નં. ૨૭



ચિત્ર નં. ૨૮




કરેલાં આભૂષણોને લીધે એ કોતરણી તથા શણગારથી રચાએલી ઊંચીનીચી ક્ષેત્રભૂમિમાં છાયા પ્રકાશની જે છન્દલીલા રમી રહે છે તેનો આસ્વાદ તદ્દન નિરાભરણ (plane) સાદી સપાટ ભીંતોવાળાં સ્થાપત્યોમાં મળતો નથી (ચિત્ર નં. ૨૬). એટલા માટે જ્યાં એવાં આભૂષણો કે અલંકરણો કરવાનો અવકાશ નથી હોતો ત્યાં દક્ષ સ્થપતિ (architect) મકાનના આગળના ભાગ–મુખપાત (facade)–ના સપાટ સમતલ ક્ષેત્રમાં વિવિધ પ્રકારના ઊંચાનીચા ખાંચા લાવીને, કોતરણીના ખાડાટેકરા રચીને, વિભાગો રચીને, થોડોક ભાગ આગળ લાવીને તો થોડોક ભાગને પાછળ રાખીને, એમ વિવિધ પ્રકારની પદ્ધતિઓ વડે એ સપાટ ક્ષેત્રભૂમિને ભાંગી નાખે છે (breaking the area) અને એ રીતે છાયા–પડછાયાની સૃષ્ટિ રચાય એવો યોગ ઊભો કરે છે (ચિત્ર નં. ૨૭). આવા ક્ષેત્રવિભાગ (division of space)થી અને છાયાપ્રકાશની રચાએલી લીલાથી તથા વિવિધ અલંકરણથી સર્જાં થવાને લીધે મકાનના અવયવો આંખને તૃપ્તિદાયક એવા રમણીય રૂપમાં પ્રકાશી ઊઠે છે. (ચિત્ર નં. ૨૮).

ચિત્ર : ૨૯




ચિત્ર : ૩૦




કેટલાકનો મત એવો છે કે સ્થાપત્ય એ માત્ર અર્થસાધક શિલ્પ (utilitarian art) પ્રયોજન પૂરતી–આપણો રહેવાનો હેતુ સાધવા પૂરતી જ કળા છે. એમાં વળી રસપરિપોષણનો યોગ કેવો?

મકાનની શિલ્પરચના મુખ્યત્વે તો, ભાર (weight) અને માધ્યાકર્ષણ (gravitation)ની શક્તિઓને પરાજિત કરી શકે એવી કાર્યક્ષમ મૂળ–આકૃતિ રચવા ઉપર ઉદ્ભવે છે. ત્યાર બાદ, તેના દર્શનપ્રદેશ ઉપર છાયા અને પ્રકાશનું લીલાક્ષેત્ર રચીને ત્યાં એક અતિરિક્ત રસ પીરસવાની વ્યવસ્થા એ કરે છે. આ પ્રકાશ અને છાયાનું રસરૂપ એ, તે મકાનની મૂળ હેતુઆકૃતિનો કોઇ જરૂરી અંશ નથી. એ તો તે શિલ્પીનું પોતા તરફનું વિશિષ્ટ, અતિરિક્ત દાન છે. એનો હેતુ છે મકાનની રચનાને છાયા ને પ્રકાશના આકર્ષણ વડે ચિત્તહારી કરવાનો. મકાનના એ આગલા ભાગના દર્શનપ્રદેશ પરના છાયા–પ્રકાશના લીલાક્ષેત્રમાં શિલ્પી પછી વિવિધ પ્રકારના રસનું અવતરણ કરે છે: પાવિત્ર્યનું ગાંભીર્ય, જયોલ્લાસનો ગર્વ, ભક્તિનો ઉલ્લાસ, શોકનું વિનય-નમ્ર રૂપ વગેરે. જુદાજુદા હેતુથી રચાનારા કીર્તિસ્તંભો (monuments)માં જુદાજુદા વિભિન્ન રસનો પ્રકાશ કરવાનું સાધન અથવા શબ્દમાળા શિલ્પીના શબ્દકોષમાં હોય છે. પરંતુ એ રસનો પ્રકાશ સ્થાપત્યકળામાં વાસ્તવવાદી રીતે કરવાનું શક્ય નથી. એનો પ્રકાશ તો થાય છે સંકેતની ભાષામાં, પ્રતીકરૂપની (symbolની) અસ્પષ્ટ આછી કથામાં. ખ્રિસ્તીઓનાં દેવળો તેના શિરોદેશની બે બાજુ કોઇ વખત નાતિદીર્ઘ તો કોઇ વખત અતિદીર્ઘ શિખરમંદિર (tower)ના મિનારાના બે હાથ પસારીને ભક્તની આરાધનાની શ્રદ્ધાથી આકાશમાં ઊંચા કરે છે (જુઓ પાછળનું ચિત્ર નં ૨૩). ઇસ્લામની મસ્જિદ તેના મિનારાના છદ્મવેશમાં એક હાથનો વિશાળ બાહુ ઊંચો કરી એકેશ્વર જગદીશ્વરની જયઘોષણા કરે છે (જુઓ પાછળનું ચિત્ર નં. ૨૪). બૌદ્ધ યુગના ચૈત્યકારી ભક્તો બુદ્ધભગવાનના અસ્થિના પવિત્ર અવશેષ બહુ જ આયાસથી સંઘરીને, તેની ધાતુગર્ભ ગોળાકૃતિ ચૈત્યમાં ગુપ્તરીતે સંતાડી રાખે છે. એ ચૈત્યની આકૃતિ એવી છે કે જાણે કોઈ સાપ રત્નાધાર ઉપર ગૂંચળું વળીને રાતદિવસ નિદ્રાહીન અને નિષ્પલનેત્રે તેનું રક્ષણ કરતો ન હોય! (ચિત્ર નં. ૨૯). ભુવનેશ્વરનું લિંગેશ્વરનું મંદિર ભગવાન શિવનું પ્રત્યક્ષ પ્રતીક હોય તેવું, એક જરાસરખી વાંકી આકૃતિમાં વસી રહેલી સીધી રેખાના કડક ગાંભીર્ય, ધૈર્ય અને સ્થૈર્યની ચાક્ષુષ પ્રતિમારૂપ ઊભું છે (ચિત્ર નં ૩૦). યવદ્વીપ(જાવા)નું બરોબુદરનું મંદિર (જુઓ નીચે)



સમાધિગમ્ય બોધિસત્વની પેઠે નિર્વાક આરાધનાના પ્રતીકરૂપ, વજ્રાસનનું નિશ્ચલ આસન જમાવીને બેઠું છે –ચાલુ (ઉપરઃ બરોબુદરનું મંદિર)

ઇન્કિલાબની ઇતિહાસરેખા



હિંદુસ્તાનની વૈભવગાથાઓ સાંભળીને વેપાર કરવાને બહાને એક દિવસ ઇંગ્લંડનો સાહેબ હિંદને કિનારે ઊતર્યો. તેણે વેપાર માટે સગવડો મેળવી ઠેરઠેર પોતાની કોઠીઓ નાખી. એ વેપાર કરતાં કરતાં તેણે દેશનો કુસંપ જોયો, માંહોમાંહેના ઝગડા જોયા, લોકોની ઉદારતા જોઇ અને તેની દાઢ સળકી. ધીરેધીરે તેણે પોતાનો પગ પસારવા માંડ્યો, કાવાદાવા, વિશ્વાસઘાત, શામ, દામ, દંડ અને ભેદ ઇત્યાદિ સર્વ ઉપાયોનું અવલંબન લઇ તેણે પોતાની સત્તા જમાવવી શરૂ કરી. આ દેશના જ લોકોનાં લશ્કર અને આ દેશના જ પૈસા વડે તેણે રાજ્ય મેળવવા માંડ્યું અને થોડા જ વખતમાં બંગાળથી શરૂ કરી ધીમેધીમે તેણે આખા હિંદ પર પોતાની રાહુ-છાયા પ્રસારી. કામધેનુ જેવા ગણાતા આ દેશને તેણે પોતાની લોખંડી નાગચૂડમાં જકડી દીધો.

એ નાગચૂડમાંથી છૂટીને પોતાનું ગત સ્વાતંત્ર્ય પાછું મેળવવાનો પ્રથમ સંગઠિત પ્રયત્ન થયો ૧૮૫૭માં. રાય ને રંક, હિંદુ ને મુસલમાન, લશ્કર ને પ્રજા, સર્વેએ ફિરંગીને હિંદમાંથી હાંકી કાઢવાનો ઐતિહાસિક પ્રયત્ન કર્યો. ઘડીભર તો સાહેબનું રાજ્ય જડમૂળથી ઊખડી ગયું એમ લાગ્યું. પણ અમીચંદની દેશદ્રોહી જમાતે સાહેબને સહાય કરી ને સાહેબ બચી ગયો ને એ અભૂતપૂર્વ સ્વાતંત્ર્યયુદ્ધ નિષ્ફળ ગયું.

સાહેબે હવે દેશ પરની પોતાની પકડ વધુ દૃઢ કરી. તેણે તાર, ટપાલ, ટેલીફોન, રેલવે ઈત્યાદિ વસ્તુઓ દ્વારા દેશના લોકોને આંજી નાખ્યા. અશાંતિ તથા લડાઇથી કંટાળી ગએલા લોકોને સાહેબના અમલ નીચે સ્વસ્થતા તથા શાંતિ મળવાથી સાહેબ સામેનો અસંતોષ ધીમેધીમે ઓછો થવા લાગ્યો. પણ શાંતિભર્યા એ કાળમાં પણ સાહેબ પાસેથી રાજ્ય પડાવી લેવાના બે વીરતાભર્યા પ્રયત્નો થયા. એક ૧૮૭૨માં પંજાબમાં કૂકા વિપ્લવ રૂપે. ગુરુ રામસિંહની આગેવાની નીચે દોઢસો કૂકા સશસ્ત્ર બંડ પોકારી આખર સુધી સાહેબ સામે વીરતાથી લડ્યા. પણ અંગ્રેજોએ પોતાની વિરાટ શક્તિના જોરે તે પ્રયત્નને દાબી દીધો. બીજો પ્રયત્ન કર્યો ઇ. ૧૮૭૯માં ક્રાંતિવીર વાસુદેવ બળવંત ફડકેએ મહારાષ્ટ્રમાં. શિવાજી મહારાજની માફક તે વીરે રામોશી નામની લડાયક કોમના માણસો ભેગા કરી, અંગ્રેજો સામે બંડ પોકારી, ગેરીલા પદ્ધતિથી યુદ્ધ શરૂ કર્યું. પણ આખરે બલશાળી બ્રિટિશ સલ્તનત સામે તેનો એ એકલ પ્રયત્ન ટકી ન શક્યો.

દેશમાં ધુમરાઇ રહેલા આ અસંતોષના અગ્નિને માર્ગ આપી તેની તાકાત ઓછી કરવા ૧૮૮૫માં હ્યૂમ નામના અંગ્રેજની આગેવાની નીચે આજની કૉંગ્રેસનો જન્મ થયો. પણ આમ safety valve તરીકે શરૂ કરાએલી એ કૉંગ્રેસ જ આગળ જતાં 'અંગ્રેજો, ચાલ્યા જાઓ'નો નાદ ગજવશે એ તે વખતે કોને ખબર હતી?

પછી આવ્યા 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે'ની પ્રથમ ગર્જના કરનાર લો૦ ટિળક. સ્મશાનશાંતિમાં ઘોરતી પ્રજાને જગાડવાનો તેમણે પ્રયત્ન કર્યો. તેનો પડઘો પડ્યો ૧૮૯૭માં પૂનામાં. ચાફેકર બંધુઓએ બે અંગ્રેજ અમલદારોને ગોળીથી ઠાર કર્યા. પિસ્તોલના એ પહેલા ધડાકાએ હિંદને હચમચાવી મૂક્યું.

પણ લોકો સમગ્રરીતે તો જાગૃત થયા 'બંગભંગ' વખતે. લૉર્ડ કર્ઝને બંગાળના પાડેલા ભાગલા સામે આખા હિંદમાં અંગ્રેજ વિરુદ્ધ અસંતોષનો આતશ ભભૂકી ઊઠ્યો. લાલ (લાલા લજપતરાય). બાલ (બાલ ગંગાધર ટિળક), અને પાલ (બિપિનચન્દ્ર પાલ)ની ત્રિપુટીએ આ અવસરે લોકોમાં સ્વરાજ્ય અને સ્વદેશીની ભાવના પ્રકટાવી. પ્રજાના વિરોધને કારણે સરકારને બંગભંગ પાછો ખેંચવો પડ્યો. પણ અસંતોષના એ આતશમાંથી તેજસ્વી ક્રાંતિકારીઓના જે અંગાર પેદા થયા તે કેમે બુઝાયા નહિ. ૧૯૦૪ થી ૧૯૧૪ના એ કાળમાં બારીન્દ્ર ઘોષ, ભૂપેન્દ્ર દત્ત, ખુદીરામ બોઝ ઇત્યાદિ ક્રાંતિકારીઓની જ્વલંત કતાર ચમકી ગઈ. દેશદાઝથી પ્રેરાઇ તેમણે બૉંબનો માર્ગ લીધો. ઇંગ્લંડમાં પણ શ્યામજી કૃષ્ણ વર્મા તથા સાવરકરના નેતૃત્વ નીચે ક્રાંતિકારી ચળવળ જોસમાં ચાલતી હતી. ક્યાંય પણ અંગ્રેજની સલામતી નહોતી. આ ભયંકર પ્રવૃત્તિને દાબી દેવા સરકારે અમાનુષી અત્યાચારો ગુજાર્યા. સેંકડોને ફાંસી આપી ને હજારોને કાળા પાણીએ ચક્કી પીસવા ધકેલી દીધા. 'અસંતોષના જનક' લો. ટિળકને પણ દેશનિકાલ કરી દીધા. પણ એમ કંઇ આઝાદીનો આતશ બુઝાય?

એવામાં ૧૯૧૪માં મહાયુદ્ધ શરૂ થયું. એ સુવર્ણ અવસરનો લાભ લઇ લાલા હરદયાળના 'ગદર પક્ષે' ૧૮૫૭ના યુદ્ધ જેવું બંડ જગાવવાની યોજના કરી. લશ્કરને ફોડ્યું, જર્મનીમાંથી શસ્ત્રો પણ મેળવ્યાં અને વિપ્લવનો દિવસ પણ નક્કી થયો. પણ કમનસીબે અંગ્રેજોને તેની ગંધ આવવાથી તેમણે એ યોજનાના એકે એક નેતાને વીણીવીણીને પકડી લીધા અને યોજના નિષ્ફળ ગઈ. આ અરસામાં બ્રહ્મદેશમાંથી છૂટી આવ્યા પછી લોકમાન્યે 'હોમરૂલ'નો પ્રચાર શરૂ કરી જનતાને સ્વરાજ્ય માટે તૈયાર કરવા માંડી.

મહાયુદ્ધમાં અંગ્રેજોને કરેલી પૂરા દિલની મદદના બદલામાં ઇંગ્લંડે મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ-સુધારા જેવા જે તકલાદી હક્કો આપ્યા તેથી નિરાશ થએલી પ્રજાને પોતાનો અસંતોષ વ્યક્ત કરવાનો કોઈ માર્ગ જડતો નહોતો. શસ્ત્રાસ્ત્રોથી સજ્જ બ્રિટિશ સામ્રાજ્યનો કેમ સામનો કરવો તેની સૂઝ પડતી નહોતી. દેશની એવી નિરાધાર સ્થિતિને વખતે ભારતના ક્ષિતિજ ઉપર એક નૂતન ચેતનાનો જન્મ થયો. એ ચેતના તે મહાત્મા ગાંધીજી. દક્ષિણ આફ્રિકામાં તાવી જોએલું પોતાનું અસહકારનું દિવ્ય શસ્ત્ર તેમણે પ્રજાને આપ્યું. પાશવી બળનો આત્મિક બળથી સામનો કરવાનો નવો જ રાહ

તેમણે દેખાડચો અને ૧૯૧૯ની ૬ઠ્ઠી એપ્રિલે તેમણે અસહકારની લડતની હાકલ કરી. પ્રજાએ તેનો ઉત્સાહપૂર્વક જવાબ આપ્યો. ધારાસભા, શાળાકૉલેજો ને કોર્ટકચેરીઓનો બહિષ્કાર થયો, પદવીઓ ફગાવી દેવામાં આવી અને છડેચોક સરકારનો ઈન્કાર કરવામાં આવ્યો. સરકારે પણ દમન શરૂ કર્યું. સરઘસો પર લાઠીમાર કર્યા અને ૪૫,૦૦૦ માણસોને જેલમાં ધકેલી દીધા. પણ લોકોમાંથી સરકાર વિષેનો ડર હવે નીકળી ગયો હતો. ૧૮૫૭ પછી પહેલી જ વાર જનતામાં અભિનવ જાગૃતિ દેખાઇ. લોકોની આ પ્રતિકારશક્તિ તોડી નાખવા પંજાબમાં જલિયાંવાલા બાગમાં મળેલી સભા પર સરકારે ગોળી વરસાવી હજારોના જાન લઇ રાક્ષસી અત્યાચાર કર્યો.

આ પ્રજાવ્યાપ્ત અસંતોષને શાંત પાડવાનો માર્ગ શોધવા સારૂ ઇંગ્લંડે સાઇમન કમિશન મોકલ્યું. પણ તેનો સર્વત્ર બહિષ્કાર થયો. એ દેખાવો કરવા ભેગા થએલા લોકો પર સરકારે જે બેફામ લાઠીમાર કર્યો તેમાં લાલા લજપતરાય ઘવાયા અંતે ને મૃત્યુ પામ્યા. દેશ પર ફરી નિરાશાનું મોજું ફરી વળ્યું. આ નૈરાશ્યે ફરી જુવાનોને ક્રાંતિને માર્ગે વાળ્યા. તેમણે લખનૌ પાસે કાકોરી સ્ટેશને આગગાડી લૂટવાનો હિંમતભર્યો પ્રયત્ન કર્યો. પંજાબમાં વીર ભગતસિંહની સરદારી હેઠળની ક્રાંતિકારી સંસ્થાએ પંજાબ નૅશનલ બૅંક પર ધાડ પાડી અને લાલા લજપતરાયના ખૂનીને ઠાર કર્યો. તેને અંતે ભગતસિંહ, સુખદેવ તથા રાજગુરુને ફાંસી મળી. ઈ. ૧૯૩૦ ની ૧૮ મી એપ્રિલે જગતભરમાં મશહૂર બનેલો ચિતાગૉંગ ધાડ કેસ બન્યો. સૂર્યસેનની સરદારી હેઠળ ક્રાંતિકારીઓએ ચિતાગૉંગના શસ્ત્રાગાર પર ધાડ પાડી મોટા પ્રમાણમાં હથિયારો કબજે કર્યાં. ઠેરઠેર ગોરા અમલદારોનાં ખૂન થવા લાગ્યાં. સરકારે પણ આ ક્રાંતિકારકોને પકડવા આકાશપાતાળ એક કર્યાં ને હજારોને ફાંસી તથા જન્મકેદ આપી.

બીજી તરફ કૉંગ્રેસે ૧૯૨૯ની ૩૧મી ડિસેંબરે પૂર્ણ સ્વરાજ્યની માગણી કરી અને ૧૯૩૦ની ૨૬મી જાન્યુઆરીનો દિવસ સ્વાતંત્ર્યદિન મનાવી લોકોમાં સ્વાતંત્ર્યની ભાવના સતેજ કરી. તે જ વર્ષની ૧૨મી માર્ચે ઐતિહાસિક દાંડી કૂચ કરીને ગાંધીજીએ મીઠાનો કાયદો તોડચો. ૬ઠ્ઠી એપ્રિલે તો આખા હિંદમાં મીઠા–સત્યાગ્રહનાં મંડાણ થયાં. સરકારી કાયદાના છડેચોક ભંગનું એ મોજું કાશ્મીરથી કન્યાકુમારી સુધી ફરી વળ્યું. ફરી સરઘસો, લાઠીમાર તથા ગોળીબારનો હત્યાકાંડ ભજવાઈ રહ્યા. ૧ લાખ લોકોએ જેલયાત્રા સ્વીકારી. પણ આખરે સરકારને નમતું આપવું પડચું; અને ૧૯૩૧ની ૫મી માર્ચે ગાંધી–અર્વિન કરારોની રૂએ લડતને મોકૂફ રાખીને, હિન્દી પ્રશ્નનું નિરાકરણ લાવવા સરકારે ઈંગ્લંડમાં મેળવેલી ગોળમેજી પરિષદમાં મહાસભાના પ્રતિનિધિ તરીકે ગાંધીજી ગયા. પણ તે પરિષદ નિષ્ફળ ગઈ અને ૧૯૩૨માં જનતાની ત્રીજી લડત શરૂ થઈ. આ વખતે સરકારે જ પહેલો ઘા કરી નેતાઓને જેલમાં ધકેલી દીધા અને નિર્દય દમનનીતિ શરૂ કરી, જેમાં ૧। લાખ લોકો જેલમાં ગયા. આ લડત દરમ્યાન જ ૧૯૩૨ના જૂનમાં આ દેશમાં ભેદનીતિ અજમાવતો 'કોમી ચુકાદો' સરકારે બહાર પાડચો, જેમાંનો હરિજનોવાળો ભાગ તો ગાંધીજીએ ઉપવાસ કરીને સુધરાવી લીધો.

લોકોમાં વધતી જતી સ્વાતંત્ર્યની ભૂખ સંતોષવા સરકારે અંતે ૧૯૩૫માં હિંદશાસન ધારો પસાર કરી પ્રાંતિક અધિકારો લોકોને સોંપ્યા. તે અનુસાર ૧૯૩૭ના ફેબ્રુઆરીમાં હિંદના ૧૧ પ્રાંતોમાં લોકપ્રતિનિધિ પ્રધાનમંડળો સ્થપાયાં. એવામાં ૧૯૩૯માં બીજું મહાયુદ્ધ શરૂ થયું. લોકમતને ઠોકરે મારી સરકાર હિંદને એ યુદ્ધમાં ઘસડી ગઇ, તેથી પ્રાંતમાંનાં કૉંગ્રેસ પ્રધાનમંડળોએ રાજીનામાં આપી દીધાં. ફરી દેશમાં વટહુકમોનું આપખુદ રાજ્ય શરૂ થયું. લોકોનો વિરોધ વ્યક્ત કરવા મહાત્માજીની સરદારી હેઠળ વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ થયો અને ૩૫,૦૦૦ સત્યાગ્રહીઓએ જેલ સ્વીકારી.

બીજી બાજુ યુદ્ધની વધતી જતી ભીષણતામાં ઇંગ્લંડ કટોકટીમાં ફસાયું એટલે આખરે જનતાની માગણી સંતોષવા ૧૯૪૨ના માર્ચમાં ઇંગ્લંડે સર સ્ટૅફર્ડ ક્રિપ્સને હિંદ મોકલ્યા. તેમણે આણેલી યોજનામાં આખરી સત્તા અંગ્રેજને હાથ રાખતા 'વીટો'ના મુદ્દા પર ભંગાણ પડયું. આથી જનતામાં તીવ્ર ક્ષોભ ઉત્પન્ન થયો અને હવે તો 'અંગ્રેજો, ચાલ્યા જ જાઓ' એવો આખરી નાદ ગાજી ઊઠચો. ૧૯૪૨ના ઑગસ્ટની ૮મીએ કૉંગ્રેસે એ અર્થનો ઠરાવ પસાર કરતાં જ ૯મીએ સરકારે સર્વ નેતાઓની તળિયાઝાટક ધરપકડ કરી લઇ ફરી પહેલો ઘા કર્યો. એના પ્રત્યાઘાતોમાં જનતાએ સ્વયંપ્રેરણાથી સરકાર સામે જે લડત શરૂ કરી એ '૪૨ની જબ્બર લોકક્રાંતિ તો સર્વવિદિત છે. સરકારનું તંત્ર થંભાવી દઈ જનતાએ પોતાની જ પ્રતિસરકાર શરૂ કરી. આમાં સંયુક્ત પ્રાંતનો બાલિયા જિલ્લો, બિહારનો મોટો ભાગ, બંગાળનો મિદનાપુર જિલ્લો અને મહારાષ્ટ્રનું સતારા મોખરે હતા. સરકારે ગાંડા હાથીની માફક ઉગ્ર દમન શરૂ કર્યું અને અમાનુષી અત્યાચારો કરીને માત્ર બંદુકને જોરે જ પોતાનું રાજ્ય ટકાવી રાખ્યું.

હિંદમાં જ્યારે આ અભૂતપૂર્વ ચળવળ ચાલતી હતી એ જ વખતે સરકારના સકંજામાંથી છટકી ગએલા સુભાષચન્દ્ર બોઝે, જાપાનની મદદ વડે, યુદ્ધમાં જાપાની કબજામાં ગએલી હિંદી ફોજમાં રાષ્ટ્રીય ભાવના જગવીને આઝાદ હિંદ ફોજ ઊભી કરી, અને તેની સહાયથી અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવાનો વીરતાભર્યો પ્રયત્ન કર્યો. એ પ્રયત્ન જોકે નિષ્ફળ ગયો, પણ તે ચળવળે હિંદી લશ્કરમાં જે દેશભક્તિની અપૂર્વ ભાવના જગાડી તેનાં પડઘા મુંબાઈમાં થએલા નાવિકોના 'બંડ'માં પણ પડચાં. જનતા અને લશ્કર બન્ને જ્યાં પોતાની વિરુદ્ધ થાય ત્યાં કયું પરદેશી રાજ્ય ટકી શકે ? આથી ઈંગ્લંડમાં સત્તા પર આવેલા મજૂર પક્ષને હિંદને સ્વાતંત્ર્ય આપવા સિવાય છૂટકો ન લાગ્યો. પોતાના હાથની બધી સત્તા હિંદીઓને સુપ્રત કરી દેવાની સર્વમાન્ય યોજના કરવા માટે ૧૯૪૬માં બ્રિટિશ પ્રધાનમંડળના ત્રણ મંત્રીઓ હિંદ આવ્યા. તેમણે ૧૯૪૮ની અધવચમાં હિંદને સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપતી કરેલી યોજના અનુસાર ૨જી સપ્ટેમ્બરે હિંદની વડી કામચલાઉ સરકાર રચાઈ. પણ અંગ્રેજોએ ૧૯૩૨થી કોમી મતાધિકારની શરૂ કરેલી પોતાની ભેદનીતિ દ્વારા થાબડચા કરેલી અને કૉંગ્રેસ સામે માંડેલી મુસ્લિમ લીગ રિસાઇ બેઠી. તેને સંતોષવા વાઈસરૉય માઉન્ટબૅટને તેને તેની માગણી મુજબનો પાકિસ્તાન નામનો વિભાગ હિંદમાંથી કાઢી આપતી નવી યોજના આ વર્ષની ૩જી જૂને જાહેર કરી, જે બધા પક્ષે મને–કમને માન્ય કરી. તે યોજના મુજબ લગભગ ૧૫૦ વર્ષથી ગુલામ બનેલું હિંદ ખંડિત થયા છતાં પણ આજે ૧૫મી ઑગસ્ટથી આઝાદ થાય છે અને ઈન્કિલાબની અપાર યાતનાઓ તથા કઠણ તપસ્યાનું ફળ હિંદને મળે છે.

ઈ. સ.ના પહેલા સૈકામાં થઈ ગએલો ચીની વિદ્વાન હાન–પો–યુ નાનો હતો ત્યારે તેની મા મારતી તોપણ રડતો નહિ; પણ મોટા થયા પછી તે મારથી રડવા લાગ્યો. માએ એનું કારણ પૂછતાં તેણે કહ્યું, 'પહેલાં તારા તમાચા જોરદાર ને ચમચમતા હતા, તેથી હું જાણતો કે તું તાકાતવાન ને તંદુરસ્ત છે; પણ હવે મને એ બરોબર વાગતા નથી તેથી તારી તાકાત ઓસરતી જતી હોવાનું મને દુઃખ થાય છે.'

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર: ભૂપત ન. ઓઝા, પોસ્ટ ઑફિસ, ભાવનગર—

Sheet Anchor, BERBICA, N. A. 7.
(British Guiana, South America),
4th April 1947

અય દોસ્ત!

ફરી ખબર મળતાં ખૂબ ખુશ થયો. તેં મોકલેલાં છાપાં બહુ જ રસમય છે અને બીજાં વધારે મોકલીશ તો હું સાભાર આવકારીશ ખાસ કરીને હિંદનાં મોટાં શહેરોમાંથી–કલકત્તા, મદ્રાસ, દિલ્હી, મુંબાઈથી નીકળતાં છાપાં મોકલશે તો મને ખૂબ આનંદ થશે.

હવે બ્રિટિશ ગાયાના વિષે થોડી માહિતી આપવાનો પ્રયત્ન કરું.

૮૯,૪૮૦ ચોરસ માઇલ ક્ષેત્રફળવાળો બ્રિટિશ ગાયાના દક્ષિણ અમેરિકામાં સૌથી સુંદર પ્રદેશ હોવાની ખ્યાતિ ભોગવે છે. તેની કુલ વસતિ ૩,૩૦,૦૦૦ છે, જેનો મોટો ભાગ કંઠાળના પ્રદેશમાં જ વસે છે. અંતરાળનો પ્રદેશ તો હજુ મનુષ્યનાં પગલાંથી અસ્પૃષ્ટ જ રહ્યો છે. આખો પ્રદેશ પોતાના કુદરતી સૌંદર્યથી જ સોહામણો બની રહ્યો છે. ઊંચાં વિરાટકાય વૃક્ષો, વેગવતી વહેતી નદીઓ અને ઠેકઠેકાણે આવેલા જલધોધ આખા દેશની મનોહરતામાં વધારો કરે છે. જગતનો અત્યંત સપ્રમાણ ગણાતો કાઇટ્યૂર (Kaieteur) ધોધ પણ આ અમારા જ દેશમાં આવેલો છે. ૭૦ હજારની વસતિવાળું અમારું જ્યૉર્જટાઉન શહેર પશ્ચિમનો બગીચો ગણાય છે અને એ બિરુદને તે યોગ્ય પણ છે.

લોકોનો મુખ્ય ઉદ્યોગ ખાંડ અને ચોખાની ખેતીનો છે. હિંદથી અત્રે આવેલા ઘણા ખરા હિંદીઓ તથા આફ્રિકાના હબસીઓ આ જ ધંધામાં રોકાએલા છે. અંતરાળના ભાગમાં સોનું, હીરા તથા બૉક્સાઈટની કીમતી ખાણો આવેલી છે. યુદ્ધસમયમાં એકલા બ્રિટિશ ગાયાનાએ જ બે લાખ વિમાનો બાંધી શકાય એટલું બૉક્સાઈટ પૂરું પાડ્યું હતું. ઈમારતી લાકડાના વેપાર માટે દર વર્ષે વધતી જતી સંખ્યામાં માણસો અહીં આવ્યા કરે છે. યુરોપિયનો, ચીનાઓ, હિંદીઓ તથા એશિયાના બીજા લોકો પણ અહીંના ઉદ્યોગધંધામાં સ્થાયી થયા છે.

સમાજના આમોદપ્રમોદ માટે અહિં અનેકવિધ સાધનો છે; જેમાં મુખ્યત્વે સીનેમા, હૉટેલનાં બૉલ નૃત્યો, ઉજાણી, પર્યટન ઈત્યાદિનો સમાવેશ થાય છે.

અમુક અપવાદો સિવાય છોકરીઓ અહીં ખૂબ સ્વતંત્રતા ભોગવે છે. ખાસ કરીને પૂર્વ તરફના હિંદીઓ પોતાની પુત્રીના હરવા-ફરવા પર અંકુશ રાખે છે. તેઓ એમ માને છે કે જો પોતાની પુત્રી કોઇ યુવક સાથે સીનેમા આદિ સ્થાનોએ ફરતી દેખાય તો તેની બીજા યુવક સાથે લગ્ન થવાની શક્યતા ઓછી થાય છે. શું હિંદમાં પણ એ જ સ્થિતિ છે? હું કેટલાક હિંદીઓના સારા પરિચયમાં આવ્યો હોવાથી તેમની સ્થિતિ વિષે હું ઘણુંઘણું લખી શકું એમ છું. તારે વધારે કંઈ જાણવાની ઇચ્છા હોય તો મને લખજે.

હમણાં હું રજાઓમાં ઘેર આવ્યો છું. ઘણા સમયથી હું દલિનને મળ્યો નહિ હોવાથી આવતાંવેંત જ તેની તપાસ કરી. અમે મામડાંની સફરે જવાનો કાર્યક્રમ ગોઠવ્યો છે.

ઘણા વખત પર મેં કુ. મેઘાણીને એક પત્ર લખેલો, પણ તેમનો કંઈ જવાબ નથી. તો મારાવતી તેમને પત્ર લખવાનું ના કહે? હિંદી કુમારીનો પત્ર મળશે તો મને ખૂબ આનંદ થશે. પરીક્ષામાં તું પાસ થઈ ગયો હોઈશ મારી પરીક્ષા તો ડિસેમ્બરમાં છે.

તારા તરફથી ફરી પત્ર આવે ત્યાં સુધી સલામ.

તારો પરમ મિત્ર, સીરિલ કુનર (Cyril Kunar)

પત્રમિત્રો તથા વાચકોને સૂચના

કચ્છના એક ભાઇ પોતાની પાસેની ટપાલમાં વપરાએલી ટિકિટોના સંગ્રહમાંથી 'કુમાર'ના વાચક પૈકી જેમને જોઇતી હોય તેમને ૧૦ થી ૧૫ ટિકિટો મફત આપવા ઈચ્છે છે. માગણી કરનારે સાથે પોતાના સરનામાવાળું પોસ્ટનું કવર મોકલવું આવશ્યક છે. તે ભાઈનું સરનામું: વી. કે. ઠક્કર વોકલા ફળિયા, ભૂજ (કચ્છ).

ગયા અંકમાં 'એક શરમાવનારી બીનાના અનુસંધાનમાં' એ શિર્ષક હેઠળ અમે કેટલાક પત્રમિત્રોએ મોકલેલી ખોટી માહિતી ઉઘાડી પાડતા પત્રો પ્રસિદ્ધ કરેલા તથા સત્ત્વશીલ પ્રામાણિક પત્રમિત્રોને એવા બીજા દાખલાઓને ઉઘાડા પાડવાની વિનંતિ પણ કરી હતી. ત્યારપછી (અને ત્યાર પહેલાં પણ) અમારી પર એવા બનાવોની જાણ કરતા કેટલાક પત્રો આવ્યા છે; પણ તે લખનારાઓએ તેમાં પોતાના પૂરાં નામ તથા સરનામાં જણાવેલાં નહિ હોવાથી તેમના પત્રોને પ્રસિદ્ધિ આપવામાં આવી નથી. જો પોતે મોકલેલી માહિતી તદ્દન સત્ય હોય તો એવા લોકોએ પોતાનું નામ તથા સરનામું જણાવવા જેટલી નૈતિક હિંમત બતાવવી જ જોઇએ. જો પોતાનું નામ પ્રસિદ્ધ ન કરવું હોય તો તેમ જણાવે. પણ અમારી જાણ માટે તો પૂરું નામ સરનામું લખવું આવશ્યક છે, જેથી અમે યોગ્ય તપાસ કરી શકીએ.

પરદેશનાં પત્રમિત્રો

ગયા અંકમાં (૧) નંબરનું સરનામું આ પ્રમાણે જોઇએ: Mohmond Moh. Orfi, P. B. No. 13, Damietta (Egypt).

ઑસ્ટ્રેલિયાનાં વધુ સરનામાં

(1) Miss Margaret Purton, P.O. Box-48, Devonport, Tasmania, Australia—Age: 17, Interest: Films, photography, swimming; (2) Miss Daphne Knight, 28 South Punch Bowl Road, Launceston, Tasmania, Australia—19, photography, dressmaking, correspondence; (3) Miss Shirley Harris, Box-11, Naracoorte, South Australia, Australia—19, Views, filmstars, photography, & sports; (4) Miss Mabel Mefroge, 5 Walkeg Avenue, Preston, N. 18, Victoria, Australia—19, Photography, horse-riding & swimming; (5) Miss Marjorie Meintosh, 80 Hunter Street, Richmond E. 1., Victoria, Australia—16, Chemistry, nursing & sports; (6) Clare MeDonnell, 59 Hastings Parade, Bondi Beach, sydney, New South Wales, Australia—17, Surfing, football, films; (7) Miss Roma M. Richards, 51 Main Street, stawell Victoria, Australia—17, Hiking & climbing, sports, photography; (8) Ellen MeBridle, 101 Nebo Road, Mackay, Queensland, Australia—17, Dancing, basketball & sports; (9) Clare Haydon, 10 Homer Street, Moonee Ponds,

Melbourne, Victoria, Australia—16, dress-making, horse-riding & sports; (10) Marg Taylor, C/o Ozon Theatre, Victor Harbour, South Australia, Australia—20; (11) Don Campbell, P.O. Box 18, Nowra, New South Wales, Australia—17, Views, photography, dancing, sports & films-; (12) Kathleen Killeen, 3 Elizabeth Street, gymple, Queensland, Australia—16,- Stamps, sports, dancing. (ઉલ્લેખ : હરસુખ મોદી)

નવાં હિંદી પત્રમિત્રો

(૩૩૫) નવનીત દોશી, કાંદાવાડી, શાંતિનિવાસ નં. ૨, બીજે માળે, મુંબાઈ-૪—૧૮, ટિકિટસંગ્રહ; (૩૩૬) યુસુફઅલી કા. નૂરાની, ખોજાવાડ, ભાવનગર—૨૨, ટિકિટ-સિક્કાસંગ્રહ; (૩૩૭) ઉત્તમરામ દયારામ મિસ્ત્રી, મતારપાંખડીરોડ મઝગામ, મુંબાઇ-૧૦—૧૯, ચિત્રકળા, હુન્નરકળા; (૩૩૮) નૌતમલાલ ગુલાબચંદ વખારિયા, તલાવસ્ટ્રીટ જૂનાગઢ—૧૭, ટિકિટ-સિક્કા-મેચલેબલ સંગ્રહ, ચિત્રકળા; (૩૩૯) નંદકુમાર મણીભાઈ પટેલ, ૫૨૮ દાણાપીઠ, નવો વાસ, અમદાવાદ—૧૯, ચિત્રકળા, ફોટોગ્રાફી. ટિકિટ-મેચલેબલ સંગ્રહ; (૩૪૦) હસમુખ ગોરધનદાસ દેસાઈ, ઠે. ગોરધનદાસ મગનલાલ દેસાઈ, કાપડના વેપારી, કાલોલ (પંચમહાલ)—૧૮, ક્રિકેટ, સંગીત; (૩૪૧) અયુબ અહમદ અયુબ, ૫૭૧ બાધાની સ્ટ્રીટ, ઝાંઝીબાર (બી. ઈ. એ.)—૧૮, ટિકિટસંગ્રહ; સરનામું અંગ્રેજીમાં; (૩૪૨) કનૈયાલાલ શાહ, પો. બો. નં. ૧૮૯૧, નાઇરોબી, કેન્યા કૉલની (બી.ઈ. એ)—૧૯, ટિકિટસંગ્રહ; સરનામું અંગ્રેજીમાં; (૩૪૩) સૂર્યકાન્ત ડગલી, જૈનમંદિર પાસે, ધાંગધ્રા—૨૦, સંગીત. ફોટોગ્રાફી; (૩૪૪) ગોવિંદ કે. પટેલ, સુનાવ (વાયા આણંદ)—૨૫, ક્રેટવર્ક, મેચલેબલસંગ્રહ; (૩૪૫) દેવેન્દ્ર માણેકલાલ ઝવેરી, ઠે માણેકલાલ મોહનલાલ ઝવેરી, ૭૯ ધનજી સ્ટ્રીટ, મુંબાઈ-૩—૧૮, સિક્કા-ટિકિટસંગ્રહ, ફોટોગ્રાફી; (૩૪૬) રતિલાલ જોષી, પોસ્ટઑફિસ, બોટાદ—૧૮, વિજ્ઞાન, રમતો; (૩૪૭) મથુરદાસ મગનલાલ, ઠે. મગનલાલ શામજી, પોસ્ટઑફિસ પાસે, જામ ખંભાળીઆ (કાઠિયાવાડ)—૧૯, ચિત્રકળા, ટિકિટસંગ્રહ. સિક્કાસંગ્રહ; (૩૪૮) બાલાશંકર હરિશંકર જોષી, સ્ટેશન રોડ, પરા, બોટાદ—૧૬, ટિકિટસંગ્રહ, વિજ્ઞાન; (૩૪૯) નિલકંઠ રામજી પૂજારા, ૧૨ રંભા નિવાસ, ત્રીજે માળ, લૉરેન્સ રોડ, કરાચી (સિંધ)—૧૪, સંગીત, ટિકિટસંગ્રહ, ઑટોગ્રાફસંગ્રહ; (૩૫૦) વિજયચંદ મંગળદાસ, નાનો નાગરવાડો, પોરબંદર (કાઠિયાવાડ)—૧૮, વ્યાયામ, ક્રિકેટ; (૩૫૧) જયસુખલાલ દોશી, ૪૨ આર. એન. ઇબ્રાહીમજી સુલેમાનજી કૅંપ નં ૧, એસાયલમ રોડ, કરાચી-૧ (સિંધ)—૧૭, ટિકિટસંગ્રહ. પત્રકારત્વ; (૩૫૨) સુધીરકુમાર શાહ, મેઘાણી રોડ, બોટાદ (કાઠિયાવાડ)—૧૬, ટિકિટસંગ્રહ; (૩૫૩) કલ્યાણ ધરમશીભાઈ પટેલ, ઠે ગોવિંદભાઇ વરમાભાઈ પટેલ, બોટાદ—૧૬, ટિકિટ-સિક્કા-સંગ્રહ; (૩૫૪) હરગોવિંદ જસાપરા, કમળ સાહિત્ય મંદિર ઇસ્માઈલ ટૉકીઝ સામે, પો. ઓ. મટાનચેરી, કોચીન—૧૬, ચિત્રકલા; (૩૫૫) મોગન ખત્રી, ગઢ (ઉ. ગુજરાત)—૨૦, ટિકિટ-સિક્કા-મેચલેબલસંગ્રહ; (૩૫૬) અરવિંદ ઝીણાભાઈ દિવાન, ઠે. કિશોર ઝેડ. દિવાન, ફીરપારામ મહેતાનો ખાંચો, ગોપીપુરા, સુરત—ચીત્રકળા, સંગીત, કાવ્ય; (૩૫૭) શાહ કાન્તિલાલ મણીલાલ. ઠે. શ્રી સરસ્વતી એજ્યુકેશન સોસાઍટી છાત્રાલય, સરખેજ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ—૧૬, સંગીત, ચિત્રકળા, ટિકિટસંગ્રહ; (૩૫૮) કાન્તકુમાર, અભેચંદ ભોડિયા, ઠે. કમરીબાઈ હાઈસ્કૂલ, પો. ઇંડું. જેતપુર (કાઠિયાવાડ)—૧૬, ફોટોગ્રાફી, સંગીત, ટિકિટ-પીંછાં-સંગ્રહ; (૩૫૯) જેકીશનદાસ તુલસીદાસ ગાંધી, ઠે. નાગરદાસ નાનજી બખાઈ, મોરિસન રોડ, પાણીની ટાંકી પાસે, પોરબંદર (કાઠિયાવાડ)—૧૭ ક્રિકેટ અને તેના ફોટાઓનો સંગ્રહ; (૩૬૦) વાલેમભાઈ અમરાભાઇ ધાધલ, વાયા લુશાળા, પોસ્ટ ગેંદરડા, માનપુર (કાઠિયાવાડ)—૨૧, ચિત્રકળા, ખેતીવાડી, પશુપાલન, શિકાર; (૩૬૧) ચન્દ્રકાન્ત વોરા, ઠે. હરિશંકર ક. વોરા, ધનબાદ, માનભૂમ—૧૮, ઑટોગ્રાફસંગ્રહ, ચિત્રકળા. ફોટોગ્રાફી; (૩૬૨) ભૂપેન્દ્રકુમાર એલ. દેશાઈ ૧/૪૩ કલ્યાણ બિલ્ડિંગ, કાંદાવાડી, ગિરગામ, મુંબાઈ-૪—૧૬. ટિકિટસંગ્રહ, સંગીત, ચિત્રસંગ્રહ; (૩૬૩) અમૃતલાલ એન. મિસ્ત્રી, મઝગામ, તુળશીવાડી. મુંબાઇ-૧૦—૨૩, લલિતકળા, સંગીત; (૩૬૪) જમનાદાસ એલ. કારીઆ, ૫૩/૨૨, શીવજી વેલજી કોઠારી બિલ્ડિંગ કચ્છી ગલી નં ૩, કરાચી—૨૫, સાહિત્ય; (૩૬૫) અનિલ રસિકલાલ વકીલ, રાવળ બિલ્ડિંગ-૨, ૪૧૮ લૅમિંગ્ટન રોડ, મુંબાઈ ૪—૧૬, ટિકિટસંગ્રહ, મેચલેબલસંગ્રહ, ફોટોગ્રાફી; (૩૬૬) મીનોચ કાન્તિલાલ રાવળ, ૫૩/૯ કાચા બિલ્ડિંગ, કલેકટર ગંજ, કાનપુર—૧૩, ટિકિટસંગ્રહ, બાળગીતો; (૩૬૭) ઈશ્વરચન્દ્ર ભ. ભટ્ટ. લક્ષ્મીશેરી, વલસાડ—૨૫, સાહિત્ય, સંગીત, હિંદના દૃશ્યચિત્રોનો સંગ્રહ; (૩૬૮) ધાધલ જીલુભાઇ વિસામણભાઇ, માનપુર, વાયા-લુશાળ, પોસ્ટ-ગેંદરડા—૧૯, મોનોગ્રામસંગ્રહ; (૩૬૯) રમણિક અ. શેઠ બી. એસસી. પારેખમહાલ, ૧ લે માળ, રૂમ, ૩૬, લેડી જમશેદજી રોડ, મુંબાઇ-૧૬—૨૨, વિજ્ઞાન; (૩૭૦) ચન્દ્રકાન્ત ભીમજી કોટક, ૨૭ ફ્રેન્ચ રોડ, ચોપાટી, મુંબાઇ-૭—૨૨, વિજ્ઞાન, નવીભાષાઓ; (૩૭૧) વિનોદચન્દ્ર ગુલાબચંદ ઢાંકી. ગોપીનાથજીની હવેલી પાસે, પોરબંદર (કાઠિયાવાડ)—૧૭, ફિલ્મસંગીત; (૩૭૨) લલિત અમૃતલાલ પંડયા, સાપલારામ બિલ્ડિંગ, ૪૮૧/૬ ફ્રિયર રોડ. પંચગની (જીલ્લો-સતારા)—૨૦, પ્રવાસ, સાહિત્ય; (૩૭૩) વિઠ્ઠલદાસ એમ. બલસારા, મહાત્મા ગાંધી રોડ, મલાવ તળાવની સામે, વલસાડ—૨૫, ટિકિટ સિક્કા સંગ્રહ; (૩૭૪) ચન્દ્રકાન્ત ફકીરભાઇ જોષીના, ઠે. શ્રી સુરત એન્જિનીઅરિંગ વર્કસ, એગમપુરા, દુધારા શેરી સુરત—૨૨, ફોટોગ્રાફી, ક્રિકેટ; (૩૭૫) હરમાનભાઇ જે પટેલ, મુ. દાવલપુરા, પો. પેટલાદ. વાયા-આણંદ—૨૩, રસાયનશાસ્ત્ર, સિક્કાસંગ્રહ; (૩૭૬) રવીન્દ્ર એન. ગાંધી, ઠે. એન. એમ. ગાંધી, દરબાર રોડ, ઝગડિયા, વાયા અંકલેશ્વર, (રાજપીપળા સ્ટેટ)—૧૭, ટિકિટસંગ્રહ, પીંછાસંગ્રહ. સંગીત; (૩૭૭) નવીનચન્દ્ર કેશવલાલ મહેતા, ઠે. રસિકલાલ દા. કોઠારી. કાશી નિવાસ, એસાયલમ રોડ, કરાચી-૧—૧૬, ટિકિટસંગ્રહ; (૩૭૮) ઈન્દ્રવદન એચ. ઝવેરી, ઠે. હસમુખલાલ ડી. ઝવેરી, સુલતાનપુરા, વડોદરા—૧૫, ક્રિકેટ, પ્રવાસ; (૩૭૯) જયન્તકુમાર અં. ભટ્ટ, ઠે. ડૉ. અંબાશંકર ના. ભટ્ટ, ૯૯૨ કૃષ્ણનગર, ભાવનગર—૨૦, વિજ્ઞાન, કુદરત; (૩૮૦) શાંતિલાલ પાનાચંદ સંઘવી, અપાસરા શેરી, વાંકાનેર (કાઠિયાવાડ)—૧૮, ટિકિટસંગ્રહ, સંગીત, ચિત્રસંગ્રહ; (૩૮૧) શાન્તિપ્રિય પી. કરમસદકર, મહેતા પોળ, વડોદરા—૧૫. ફોટોગ્રાફી ચિત્રકળા; (૩૮૨) જગદીશ અમૃતલાલ દોશી, ૨૪ ડીસોઝા સ્ટ્રીટ, બીજે માળ, વડગાદી, મુંબાઇ—૨૧. સંગીત, હસ્તરેખા વિજ્ઞાન; (૩૮૩) મધુભાઈ વી. દેસાઈ બી. એસ સી. (ઑનર્સ) મો. ઇન્સ્ટિટ્યુટ ઑવ ઍગ્રિકલ્ચર, આણંદ (બી. પી.)—૨૫, ફોટોગ્રાફી, ટિકિટસંગ્રહ, ચિત્રકલા;

જુલાઈની તવારીખ

'તવારીખ' એ ફારસી ભાષામાં 'તારીખ'ના બહુવચનનું રૂપ છે. પણ રૂઢ પ્રયોગમાં તેનો અર્થ 'ઐતિહાસિક નોંધ' એવો થાય છે. એ રીતે માસેમાસના બનાવોની તવારીખી નોંધ આ મથાળા નીચે આવશે.

તા. ૧ બૅરાન્નીકૉવ નામના હિંદી ભાષા નિષ્ણાત રશિયને સંત તુલસીદાસ કૃત રામાયણનો મૂળ હિંદી ઉપરથી રશિયન ભાષામાં કરેલો કવિતાબદ્ધ અનુવાદ બહાર પડ્યો.

તા. ૩ સત્તર વર્ષ જૂની ખાકસાર સંસ્થા તેના સ્થાપક મશરીકીએ વિખેરી નાખી.

તા. ૭ પરદેશમાંથી હિંદમાં ધોધમાર આયાત થતી સાઈકલો, મોટરો, ચા આદિ ૨૦૦ વસ્તુઓ પર સરકારે પ્રતિબંધ મૂક્યો.

તા. ૧૦ પાકિસ્તાનના ગવર્નર-જનરલ તરીકે જીન્નાહ ને હિંદના ગવર્નર-જનરલ તરીકે લૉર્ડ લૂઈ માઉન્ટબૅટન નક્કી થયા.

તા. ૧૨ હિંદી લશ્કરના પાયદળ, સશસ્ત્રદળ, તોપખાનાં, એન્જીનિયરિંગ ટુકડીઓ તથા જહાજો વગેરેના પાકિસ્તાન અને હિંદ માટે ૨ : ૧ના પ્રમાણમાં ભાગ પાડવામાં આવ્યા.

તા. ૧૩ સિલહટે ૫૫ હજાર મતની બહુમતીથી પાકિસ્તાનમાં જોડાવાનો નિર્ણય કર્યો.

તા. ૧૭ ડ૧૩ ઉતારુઓ લઈ ઊપડેલી 'રામદાસ' સ્ટીમર મુંબાઇથી ૧૩ જ માઈલ દૂર વાવાઝોડાનો ભોગ બની ડૂબી ગઈ, જેમાંથી માત્ર ૨૩૨ માણસો બચ્યાં.

તા. ૧૮ હિંદને આઝાદી આપતા શકવર્તી બિલને છેવટની મંજૂરી મળતાં હિંદની ૪૦ કરોડ પ્રજા સ્વતંત્ર થઇ તથા હિંદ અને પાકિસ્તાનના બે નવાં સ્વતંત્ર સંસ્થાનો અસ્તિત્વમાં આવ્યાં. આમ લગભગ ૧૫૦ વર્ષથી ગુલામ બનેલું હિંદ ફરી મુક્ત બન્યું.
—વચગાળાની પહેલી સરકારમાં પ્રધાન નીમાએલા રાષ્ટ્રીય મુસ્લિમ નેતા સર શફાત અહમદખાનનું ૫૪વર્ષની વયે અવસાન થયું.

તા. ૧૯ બર્મી સરકારના પ્રધાનમંડળની ચાલુ બેઠક દરમ્યાન કેટલાક કાવત્રાબાજ હુમલાખોરેઓ ગોળીબાર કરી મુખ્ય પ્રધાન આઉ સાન તથા બીજા ૬ પ્રધાનોનાં ખૂન કર્યા.

તા. ૨૦ સરહદપ્રાંતમાં પાકિસ્તાનની તરફેણમાં ૫૦.૪૯ ટકા મત પડ્યા. જોકે ૪૯.૧ ટકા લોકોએ મત નોંધાવ્યા જ નહોતા.

તા. ૨૧ ઈન્ડોનેશિયાની પ્રજાસત્તાક સરકાર સામે ડચ સત્તાએ ચાલતી વાટાઘાટે લડાઈ શરૂ કરી ત્યાંના પ્રધાનોને અટકાયતમાં લઈ જાહેર મકાનોનો કબજો લીધો. આથી જાવામાં અનેક મોરચે સખત લડાઇ ફાટી નીકળી.

તા. ૨૨ કેસરી, સફેદ અને લીલો એ ત્રણ રંગના આડા પટ્ટા, અને વચ્ચેના સફેદ પટ્ટાની મધ્યમાં એ પટ્ટાની પહોળાઈના જ કદનું તેજ વાદળી રંગનું, અશોકના સારનાથ સ્તંભ ઉપરના ચક્ર જેવું ચક્ર, એ મુજબના ધ્વજને હિંદની લોકસભાએ હિંદના રાષ્ટ્રીય ધ્વજ તરીકે સ્વીકાર્યો, જેને હિંદના સર્વ પક્ષના તથા મુસ્લિમો, ખ્રિસ્તીઓ તેમજ પછાત કોમો સુદ્ધાં સર્વ કોમોના પ્રતિનિધિએ માન્ય રાખ્યો.

તા. ૨૩ ડચ આક્રમણમાંથી ઈંડોનેશિયાને બચાવવાના કાર્યમાં જગતનો ટેકો મેળવવા નીકળેલા ઇન્ડોનેશિયાના માજી વડાપ્રધાન ડૉ. સુલતાન શહરીરને પટનાયકનામના એક હોંદી વિમાની મજબૂત ડચ નાકાબંધીમાંથી, સફળતાથી પાર કરી હિંદ લઈ આવ્યા.

તા. ૨૪ કૅનેડા ખાતે હિંદના હાઈ કમિશ્નર તરીકે સરદાર હર્દતસિંગ મલિકની નિમણૂક.

તા. ૨૮ પરદેશખાતાનાપ્રધાનપંડિત જવાહરલાલે, ઇંડોનેશિયાનો પ્રશ્ન હિંદે રાષ્ટ્રીય સંઘ આગળ મૂકવાનું જાહેર કરી ડચ વિમાનોને હિંદ પરથી પસાર થવાની બંધી કરી.

તા. ૨૯ અમુક શરતો હેઠળ ત્રાવણકોર રાજ્યે હિંદી સંઘમાં જોડાવાનો નિર્ણય જાહેર કર્યો.

તા. ૩૦ હિંદી પ્રતિનિધિમંડળે સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિ આગળ ઇન્ડોનેશિયાનો પ્રશ્ન રજૂ કર્યો. ઑસ્ટ્રેલિયાએ પણ તે પ્રશ્નની વિચારણા માટે સલામતી સમિતિની તાકીદની ખાસ સભા બોલાવવા માગણી કરી.

તા. ૩૧ હિમાલય આરોહણ કરનારી સ્વિસ ટુકડીના ચાર સભ્યો ૨૨,૫૦૦ ફૂટ ઊંચા કેદારનાથ શિખર પર પહેલવહેલા પહોંચ્યા.

વાંસળી

મૂળ લેખક · રવીન્દ્રનાથ ઠાકુર

વાંસળીની વાણી ચિરકાળની વાણી છે. જાણે શિવની જટામાંથી ગંગાની ધારા પરિચિત પૃથ્વીની છાતી પરથી વહેતી ચાલી જાય છે; જાણે અમરાવતીનો શિશુ ઊતરી આવ્યો છે મર્ત્યલોકની ધૂળ પર, સ્વર્ગના ખેલ ખેલવા.

રસ્તાને છેડે ઊભોઊભો વાંસળી સાંભળું છું, તો મન જાણે શું યે કરવા લાગે છે, કાંઈ સમજાતું નથી. પરિચિત સુખદુઃખની સાથે એ વ્યથાને સરખાવું છું, પણ મેળ નથી મળતો. જોઉં છું, પરિચિત હાસ્યથી એ ક્યાં યે ઉજ્જ્વલ છે, પરિચિત આંસુથી ક્યાં યે ગંભીર છે.

અને જણાય છે કે એ પરિચિત સત્ય નથી, અપરિચિતજ સત્ય છે. મન આવું ઊંધુંચત્તું કેમ વિચારે છે? શબ્દોમાં એનો કોઈ જવાબ નથી.

આજ ઊઠતાં જ સાંભળ્યું, 'નોબતની વાંસળી વાગે છે; કોઈનાં લગ્ન છે.'

લગ્નના આ પહેલા દિવસના તાલ સાથે દરરોજનો તાલ ક્યાં મળે છે? છુપાએલી અતૃપ્તિ; ઘેરી નિરાશા; નિરાદર, અપમાન, અવસાદ; તુચ્છ કામનાની કૃપણતા; નીરસતાનો બેહુદો કલહ; ક્ષમાહીન ક્ષુદ્રતાનો ઘાત; અભ્યસ્ત જીવનયાત્રાની ધૂળભરી દરિદ્રતા;—વાંસળીની દૈવવાણીમાં આ બધી વાતોનો આભાસ પણ ક્યાં છે?

ગીતના સ્વરે સંસાર ઉપરનો આ પરિચિત વાતોનો પરદો એક ઝટકે ફાડીને ફેંકી દીધો.

ચિરકાળની વરવધુની શુભદૃષ્ટિ (વરેચ્છા) કોઈ ચૂંદડીના સલજ્જ ઘૂંઘટની નીચે જ રહી છે,—એ વાત તો વાંસળીની તાનથી જ પ્રગટ થઇ ગઈ.

જ્યારે ત્યાં માળા-પરિવર્તનનું ગીત વાંસળીમાં વાગી ઊઠ્યું, ત્યારે અહીંની આ વધૂની તરફ નિહાળીને જોયું—એના ગળામાં સોનાનો હાર છે, પગમાં નૂપુર છે. જાણે એ ખુશાલીના સરોવરમાં આનંદના ખીલેલા કમળ પર ઊભી છે.

સ્વરલહરીની ભીતરમાંથી એ આ સંસારની નથી લાગતી. એ જ પરિચિત ઘરની કન્યા હવે અપરિચિત ઘરની વહુના રૂપમાં દેખાવા લાગી છે.

વાંસળીએ કહ્યું, 'આ જ સત્ય છે.'

અનુવાદક: **'લજ્જા'**

(મંગળ પાંડે-ચાલુ) દોર તેના ગળામાં નાખવામાં આવ્યો અને તે બહાદુર સૈનિકનો ઉમદા આત્મા તેનો દેહ છોડીને ચાલ્યો ગયો.

આમ સ્વતંત્રતાના પ્રથમ યુદ્ધમાં પહેલી અમૂલ્ય આહુતિ પડી. મંગળ પાંડે મૃત્યુ પામ્યો, પણ જે ભાવના ખાતર તેણે મૃત્યુને આમંત્ર્યું તે ભાવના તો અમર બની ગઈ. ગુલામીના ગાઢ અંધકારમાં ક્રાંતિની પ્રથમ મશાલ શહીદ મંગળ પાંડેએ પેટાવી. ત્યારથી તે યુદ્ધમાં જે જે સૈનિકો દેશને ખાતર લડ્યા તે બધા 'પાંડે'ના નામથી જ ઓળખાવા લાગ્યા.

આજે સ્વાતંત્ર્યના મંગલ દિને દેશની વેદી પર પ્રથમ બલિદાન બનનાર મંગલ પાંડેને આપણે સ્મરણાંજલિ અર્પીએ.

તમે પોતે

પોતાના ગુણાવગુણ તથા શક્તિ-અશક્તિનો દરેક વ્યક્તિ સંપૂર્ણ ખ્યાલ મેળવી શકે તથા આત્મનિરીક્ષણ દ્વારા ચારિત્ર્યઘડતર કરવાને ઉદ્યુક્ત થઇ જીવનને વધુ ઉન્નત ને સમૃદ્ધ કરી શકે એ ઉદ્દેશથી નવો શરૂ થતો આ વિભાગ હવેથી અવારનવાર આવતો રહેશે.

આત્મવિશ્વાસ એ મનુષ્યની પ્રગતિનો સાચો પાયો છે. મનુષ્યમાં બીજા અનેક ઉચ્ચ ગુણો હોય પણ જો તેનામાં આત્મવિશ્વાસ જ ન હોય તો એ ગુણોની કંઇ કિંમત નથી. તમારામાં આત્મવિશ્વાસ છે કે નહિ અને હોય તો કેટલો છે, તે તમારે જાણવું હોય તો નીચેન. પ્રશ્નોના જવાબો તમે એક કાગળ ઉપર લખી કાઢો. એ બધા પ્રશ્નોના જવાબ જો તમે હકારમાં આપ્યા હોય તો તમારામાં આત્મવિશ્વાસ પૂરેપૂરો છે; જેટલા પ્રશ્નોના જવાબ નકારમાં તેટલી તમારા આત્મવિશ્વાસમાં ખામી.

૧ તમે ચાલતી વખતે દૃઢતાથી ડગલાં ભરો છો અને મસ્તક ઊંચું રાખીને ચાલો છો ?
૨ તમારે જે કહેવાનું હોય છે તે તમે સ્પષ્ટરીતે તથા સરસરીતે કહી શકો છો ?
૩ તમે તમારી શક્તિઓને સારીરીતે ખીલવી શકશો એવી તમને ખાતરી છે ?
૪ બીજાની સલાહ લેવા જવા કરતાં તમે તમારા જ અભિપ્રાય પર આધાર રાખો છો ?
૫ આસપાસનાં બધાં જ ગમગીન થઈને બેઠાં હોય તે વખતે પણ તમે પ્રસન્ન રહી શકો ?
૬ તમારી ઑફિસનું કામ વધુ સારી રીતે થાય તે માટે તમે કંઈ સૂચનો કરી શકો છો ?
૭ અશક્ય એવાં દિવા-સ્વપ્નોને તમે કાબૂમાં રાખી શકો છો ?
૮ તમે વધુ મહેનત કરો તો પણ તમારૂં શરીર બગડશે નહિ એવી તમને પૂર્ણ શ્રદ્ધા છે ?
૯ તમારી ચિંતાઓને દૂર કરવા તમે રોજ ને રોજ કંઇક (સક્રિય કાર્ય) કરો છો ?
૧૦ તમારા ક્ષેત્રમાં તમારી પ્રગતિ થાય તે માટે તમે કોઈ યોજના તૈયાર કરી રાખી છે ?
૧૧ ગમે તેવા સંજોગોમાં પણ માનસિક શાંતિ મેળવવાની કળા તમે હસ્તગત કરી છે ?
૧૨ કાર્યમાં નિષ્ફળતા મળતાં નિરાશ થઈ પાછા ન પડતાં તમે ફરી પ્રયત્ન કરો છો ?
૧૩ તમારી કૃતિ કે કામગીરી દ્વારા તમે તમારા સમાજની-દેશની-જગતની પ્રગતિ કરાવી શકશો એમ તમે માનો છો ?
૧૪ લોકો શું કહેશે તેની દરકાર ન કરતાં તમને પોતાને આરોગ્ય અને કરકસરની દૃષ્ટિએ યોગ્ય લાગે તેવાં કપડાં તમે પહેરો છો ?
૧૫ તમારી હાલની નોકરી કરતાં શરૂઆતમાં ઓછા પગારવાળી પણ ભવિષ્યમાં વધારે કમાણીવાળી નોકરી તમને મળે તો તે તમે પસંદ કરો ખરા ?

શ્રી વિદ્યાવિજયજી હીરકમહોત્સવ

પારિતોષકના ઇનામી નિબંધો

ગદ્યવિભાગ (૧) ગુજરાતનો ભૌગોલિક ઇતિહાસ (૨) ગુજરાતી ગદ્યસાહિત્યની ઉત્પત્તિ તથા પ્રગતિ; **પદ્ય વિભાગ** (૧) આપણું કવિતાસાહિત્ય (૨) આપણું પ્રાચીન ને અર્વાચીન રાસસાહિત્ય. ઉપરના કોઇ પણ એક વિષય પર ફુલ્સકેપનાં ૩૦ થી ૫૦ પાનાનો નિબંધ લખીને ૧૯૪૭ના નવેમ્બર માસના છેલ્લા અઠવાડિયામાં મળી જાય તેમ મોકલવો. દરેક વિભાગના સર્વશ્રેષ્ઠ નીવડનાર દરેક નિબંધને રૂ.૨૫૦નું અલગઅલગ પારિતોષિક આપવામાં આવશે. વધુ વિગતો મંગાવવાનું તથા નિબંધ મોકલવાનું સરનામું : સત્યનારાયણ પંડયા, સુપરિન્ટેન્ડેન્ટ, જૈન સંસ્કૃત મહાવિદ્યાલય, શિવપુરી (ગ્વાલિયર).

સર મનુભાઈ દીવાન ઇનામી નિબંધ હરીફાઈ

વડોદરાની શ્રી પ્રેમાનંદ સાહિત્ય સભા તરફથી જાહેર થએલા: (૧) અખો, પ્રેમાનંદ અને શામળ તથા તેમના સમકાલીનોના સાહિત્યમાં પ્રતિબિંબિત થતું ગુજરાતનું આર્થિક દર્શન; અથવા (૨) સામ્યવાદની દૃષ્ટિએ હિંદના આર્થિક ઘડતરની શક્યતા; એ બે પૈકી એક વિષય પર આ હરીફાઈ માટે ફાફ ફુલ્સકેપના ૭૫ થી ૧૦૦ પાનાંનો નિબંધ ગુજરાતી ભાષામાં લખીને ઑક્ટોબર ૧૯૪૭ પહેલાં મોકલવો. શ્રેષ્ઠ નિબંધ લેખકને ૧૦૦ રૂપિયાનું ઇનામ અપાશે. પત્રવ્યવહારનું સરનામું: શ્રી કુસુમ બહેન દેસાઇ, (મંત્રી) મહેતા પોળ, વડોદરા.

કસોટી (ઉત્તરો નીચે અવળા છાપ્યા છે)

(૧) ૧૨ વર્ષનો સુરેશ તેના પિતાજી પાસે સાઈકલ માગવા લાગ્યો. પિતાજીએ વચન આપ્યું કે, 'જ્યારે તારી ઉમર મારી ઉમરના ત્રીજા ભાગની થશે ત્યારે તને સાઈકલ લઈ આપીશ.' જો પિતાજીની ઉંમર હાલ ૫૬ વર્ષની હોય તો સુરેશને સાઈકલ ક્યારે મળશે?

(૨) મારા રસોડામાં બે કપ અને એક રકાબી છે. એ ત્રણેનું વજન ૧૨ ઔંસ છે. પણ મોટો કપ અને રકાબી બંને મળીને નાના કપથી બમણાં થાય છે; જ્યારે નાનો કપ અને રકાબી બંને મળી મોટા કપની બરાબર થાય છે. તો દરેકનું વજન કેટલું ?

(૩) વિદ્યમાન ગુજરાતી કવિઓમાં સૌથી વૃદ્ધ કવિ કયા અને સૌથી યુવાન કવિ કયા ?



(૪) આ શું છે તે ઓળખી શકો છો ?

(૫) આ પ્રશ્નોના જવાબો આપી શકશો? (૧) હિંદમાં સૌથી વધુ અને સૌથી ઓછી વસતિ કયા પ્રાંતમાં છે ? (૨) ૧૦ હજાર ટન વજનનું જહાજ કેટલું વજન ઝીલી શકે ? (૩) પૃથ્વી પર દરિયાઇ ઊંડાઇ વધારે છે કે પર્વતીય ઊંચાઈ? (૪) તાજમહાલ ક્યારે બંધાયો અને તેને બંધાતા કેટલા વર્ષો થયાં હતાં ? (૫) દુનિયાનું સૌથી મોટું મકાન કેટલું ઊંચું છે અને ક્યાં આવેલું છે ?

(૧) ૧૦ વર્ષ પછી જ્યારે સુરેશની ઉમર ૨૨ હશે અને પિતાજીની ૬૬ (૨) મોટો કપ=૬ ઔંસ, નાનો કપ=૪ ઔંસ, રકાબી=૨ ઔંસ. (૩) સૌથી વૃદ્ધ બ. ક. ઠાકોર, ઉ. ૭૮; સૌથી યુવાન કૃષ્ણલાલ શ્રીધરાણી, ઉં. ૩૬ (૪) 'કુમાર' અક્ષરો (૫) ૧-સૌથી વધુ બંગાળમાં: ૬ કરોડ; સૌથી ઓછી સરહદ પ્રાંતમાં : ૩૦ લાખ; ૨-૧૮ હજાર ટન ૩-દરિયાની સૌથી વધુ ઊંડાઈ ૩૫૪૧૦ ફૂટ પાસિફિકમાં; પર્વતની સૌથી વધુ ઊંચાઇ ૨૯૧૪૧ ફૂટ માઉન્ટ એવરેસ્ટ; ૪-ઈ.૧૬૫૦માં વીસ વર્ષે બંધાઇને પૂરો થયો. ૫-મૉસ્કોમાં આવેલો રશિયાનો રાજમહેલ ૧૩૦૦ ફૂટ ઊંચો.

પ્રાચીન નાટ્યશાસ્ત્ર

તથા તેની અનુષંગી નૃત્યાદિ કળાઓનો પરિચય આપતી લેખમાળા [૧૨]

દર્શન-પ્રકાર

લેખક - યોગેન્દ્ર પ્રિયદર્શી

આગલા અંકમાં જોએલા જુદીજુદી દૃષ્ટિઓના ભેદો ઉપરાંત બીજા પણ અનેક પ્રકારો છે. જુદાંજુદાં નાટ્યશાસ્ત્રોમાં વિવિધ પશુ-પક્ષીઓ આદિની દૃષ્ટિઓ આપવામાં આવેલી છે: જેમકે વ્યાઘ્રદૃષ્ટિ, સર્પદૃષ્ટિ, મયુરદૃષ્ટિ વગેરે. પણ મુખ્ય છત્રીસ પ્રકારની દૃષ્ટિઓ કેળવવાથી અન્ય સર્વ દૃષ્ટિઓનું અનુકરણ સહેલાઇથી કરી શકાય.

આ ઉપરાંત દૃષ્ટિના કેટલાક નિયમો પણ છે. એમાંનો મુખ્ય નિયમ એ ગણાય છે કે 'જ્યાં હાથ હોય ત્યાં દૃષ્ટિ હોવી જોઇએ'. શ્લોક આમ છે: यथा हस्तस्ततो दृष्टिर्यथा दृष्टिस्ततो मनः ॥

यथा मनस्ततो भावो यथा भावस्ततो रसः ॥

(જ્યાં હાથ હોય ત્યાં દૃષ્ટિ હોવી જોઇએ; જ્યાં દૃષ્ટિ ત્યાં મન હોવું જોઇએ; જ્યાં મન હોય ત્યાં ભાવ હોય ને ભાવ હોય ત્યાં રસ હોય.)

હવે આપણે દર્શનના પ્રકાર જોઇએ. તે આઠ પ્રકારના છે: (૧) સમમ્ (૨) ત્ર્યસ્રમ્ (૩) અનુવૃત્તમ્ (૪) આલોકિતમ્ (૫) વિલોકિતમ્ (૬) પ્રલોકિતમ્ (૭) ઉલ્લોકિતમ્ અને (૮) અવલોકિતમ્. એ આઠ દર્શનોનાં લક્ષણ આ પ્રમાણે છે:

સમમ્: સમભાવ (કશા ભાવ વગર જોવું તે.)

ત્ર્યસ્રમ્: પાંપણોમાં દબાએલી કીકીઓ વડે એક તરફ ત્રાંસું જોવું તે.

અનુવૃત્તમ્: ચારે તરફ ધ્યાનપૂર્વક જોવું તે.

આલોકિતમ્: સહસાદર્શન (એકાએક જોવું તે).

વિલોકિતમ્: પૃષ્ઠદર્શન (પાછળ જોવું તે).

પ્રલોકિતમ્: પાર્શ્વદર્શન (પડખે જોવું તે).

ઉલ્લોકિતમ્: ઊર્ધ્વદર્શન (ઊંચે જોવું તે).

અવલોકિતમ્: ભૂમિદર્શન (નીચે જોવું તે).

આવતા લેખથી આપણે અભિનયનાં પ્રકરણોમાં પ્રવેશીશું.





ઉપર: 'યથા હસ્તસ્તતો દૃષ્ટિ'નું ઉદાહરણ તથા જમણી બાજુ: મયુરદૃષ્ટિ-મયુરની મુદ્રા અને દૃષ્ટિ દર્શાવતો લેખકનો જ ફોટોગ્રાફ.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

લગભગ ચાર મહીને પચાસ જેટલાં આવેલાં ચિત્રોમાંથી હરીફાઈમાં મૂકી શકાય તેવાં પાંચ સાત જ નીકળ્યાં છે! આજના અછત અને મોંઘવારીના કપરા સંજોગોમાં વિચારપૂર્વક અને અભ્યાસની દૃષ્ટિએ જો કૅમેરાનો ઉપયોગ કરવામાં આવે તો વ્યર્થ વ્યય અટકે.

આ વખતનું પરિણામ નીચે મુજબ છે: પહેલું ઈનામ: 'સન્ધ્યા'—શંકરલાલ દવે(મદ્રાસ); બીજું ઈનામ: 'પ્રકૃતિને ખોળે'—અનવરઅલી હેમાણી(કરાંચી); 'બેનનાં લાડ'—બી એમ. મિસ્ત્રી(અમદાવાદ). નોંધપાત્ર: 'યુગલ' તથા 'વાત્સલ્ય' દિલીપકુમાર પરીખ (અમદાવાદ).

'સંધ્યા' સમયનાં રંગ અને આભાથી દેદીપ્યમાન બનેલા આકાશનું દર્શન કૅમેરા દ્વારા છાયાસ્વરૂપમાં આબાદ રીતે રજૂ કરવા બદલ ભાઇ શંકરલાલ દવેને ધન્યવાદ ઘટે છે. તાડ વૃક્ષના યુગ્મને કેન્દ્રસ્થ રાખીને રચેલું ચિત્રસંયોજન પ્રશંસનીય છે અને જલ-સ્થલ અવકાશના વાતાવરણને વિવિધ વર્ણો દ્વારા રજૂ કરવામાં ફોટોગ્રાફી પરની તેમની હથોટી અને કુશળતા દેખાઈ આવે છે. ચિત્રને બંને બાજુથી થોડી છાંટ લેવાથી જોરદાર બનશે. ભાઇ અનવર હેમાણીનું 'પ્રકૃતિને ખોળે', સાગરતટે પ્રકૃતિનું નિરીક્ષણ કરતા સહેલાણીઓનું સુંદર ચિત્ર છે. સાગરનીરની તરંગાવલિને પડછે ઉપરના ધવલ વાદળગોટ જરા ભારે લાગે છે; પણ આગળની બે મનુષ્યાકૃતિઓ ઠીકઠીક સમતુલા જાળવી લે છે. આ જ ચિત્ર જરા ઊંચા કોણથી લેવાયું હોત તો સચોટ બની રહેત.

'બેનનાં લાડ' (બેનાણું તો એક અંગ્રેજી નામ આપ્યું છે, જે ઉચિત નથી)માં દર્શાવેલો આનંદ પ્રશંસાપાત્ર છે. ચિત્રમાં કાળો ભાગ ખૂંચે છે. 'યુગલ' અને 'વાત્સલ્ય'માં ભાઈ દિલીપકુમારે ઉમદા ચિત્રોની હાથ આવેલી તક ખામીવાળાં ફોકસિંગથી ગુમાવી છે; નહિતર 'વાત્સલ્ય' ચિત્રમાંની સ્વાભાવિકતા અને સંયોજના કેટલાં મનોરમ છે! **શ્રીરામ ભટ્ટ** (ચિત્રો માટે જુઓ પાછલા પૂઠામાં)

રોજિંદા જીવનમાં વિજ્ઞાનનો ફાળો સમજાવતી લેખમાળાનો છઠ્ઠો હપતો

બીજા સોડિયમ ક્ષારો

લેખક·ડૉ. નરસિંહ મૂ. શાહ એમ. એસસી., પીએચ. ડી.

મીઠું અને સોડા બંને સોડિયમ ધાતુના ક્ષારો છે. સોડિયમને આલ્કલી ધાતુ કહેવામાં આવે છે. આવી બીજી ધાતુઓમાં પોટાશિયમ, લીથિયમ, રુબિડિયમ અને સીઝિયમનો સમાવેશ થાય છે. આ બધી જ આલ્કલી ધાતુઓ ખૂબ પ્રક્રિયાશીલ છે, એટલે સોનારૂપાની જેમ તે સ્વતંત્ર અવસ્થામાં કુદરતમાંથી મળી શકતી નથી; પણ મીઠું, સોડા, નાઇટર તેના ક્ષારોના રૂપમાં મળી આવે છે. અને એવી જ રીતે પોટાશિયમના પણ ક્ષારો જ મળી આવે છે. કૉસ્ટિક સોડામાંથી સોડિયમ ધાતુ જુદી પાડવા વીજળીનો ઉપયોગ કરવો પડે છે. ડેવીએ સૌ પ્રથમ ૧૮૦૭માં આવી રીતે સોડિયમ ધાતુ છૂટી પાડી હતી.

સોડિયમ ધાતુ રૂપા જેવી સફેદ ને પોચી હોય છે. તેને છરીથી કાપી શકાય છે. હવામાં રાખવાથી તે એકદમ શ્યામ પડી જાય છે અને ભેજ લાગે યા પાણી સાથે સંસર્ગ થાય તો તે એકદમ સળગી ઊઠે છે, એટલે તેને કેરોસીનમાં રાખવી પડે છે. તે પાણી ઉપર તરે છે અને તેમાંથી હાઇડ્રોજન વાયુ છૂટો પડે છે. સોડિયમનો ઉપયોગ બૉમ્બની બનાવટમાં થાય છે.

પોટાશિયમ ધાતુ કાઢવાની રીત પણ સોડિયમની બનાવટને મળતી જ છે. માત્ર તેમાં કૉસ્ટિક સોડાને બદલે કૉસ્ટિક પોટાશ વાપરવામાં આવે છે. જૂના જમાનામાં તો પોટાશિયમ કાર્બોનેટ અને કોલસાને એક લોઢાની બાટલીમાં ધગધગાવીને પોટાશિયમ કાઢવામાં આવતો. પણ આ રીત જોખમકારક છે, અને હવે તો જેની વીજળીને લીધે સોડિયમની માફક તે પણ વીજળી પસાર કરીને જ તૈયાર કરવામાં આવે છે. પોટાશિયમના નાના ગોળા પણ કેરોસીનમાં જ રાખવામાં આવે છે.

લીથિયમના ક્ષારો સોડિયમ કે પોટાશિયમના જેટલા સુલભ્ય નથી: તે અત્યંત ઓછા પ્રમાણમાં મળી આવતા હોઈ લીથિયમ વિરલ ધાતુ લેખાય છે. તંબાકુના છોડમાંથી તેના ક્ષાર ઠીક પ્રમાણમાં મળી આવે છે. લીથિયમના અમુક ક્ષારો સંધીવાના ઉપાય તરીકે દવામાં વપરાય છે. સોડા વૉટરના જેવી લીથિયા વૉટરની બાટલીઓ તૈયાર મળે છે અને સંધીવાના દર્દીને તે આપવાથી ફાયદો થાય છે.

રુબિડિયમ પણ અત્યંત જૂજ પ્રમાણમાં અમુક જગ્યાઓએથી નીકળતાં ઝરણાંનાં પાણીમાંથી તેના ક્ષાર રૂપે જ મળી આવે છે.

હવે સોડિયમના બીજા ઉપયોગી ક્ષારોનો વિચાર કરીએ.

સોડિયમ સલ્ફેટ અને સોડિયમ સલ્ફાઇડ

મીઠાને સલ્ફ્યુરિક ઍસિડની સાથે ગરમ કરવાથી હાઇડ્રોક્લોરિક ઍસિડ નીકળે છે અને પાછળ રહેલો પદાર્થ સૉલ્ટ કેઈક કહેવાય છે એ આપણે જોઈ ગયા. આ કેઇકનું શુદ્ધીકરણ કરવાથી સોડિયમ સલ્ફેટ તૈયાર થાય છે. સોડિયમ સલ્ફેટ ગ્લોબર્સ સૉલ્ટ તરીકે ઓળખાય છે અને તેનો ઉપયોગ મોટે ભાગે કાચની બનાવટમાં થાય છે કાપડની મિલોમાં પણ તે વપરાય છે. તેને કોલસા સાથે ગરમ કરવાની તેમાંથી સોડિયમ સલ્ફાઇડ બને છે. આ સલ્ફાઇડ ચામડાંમાંથી વાળ કાઢવા માટે, રંગની બનાવટમાં, ખનીજમાંથી રૂપું કાઢવામાં તેમજ કાપડની મિલોમાં પુષ્કળ વપરાય છે.

સોડિયમ સિલિકેટ

સોડા-ઍશ અને રેતીને ભઠ્ઠીમાં ઓગળે ત્યાંસુધી ગરમ કરવાથી સોડિયમ સિલિકેટ બને છે. આ સિલિકેટને પાણીમાં ઓગાળવાથી જાડું દ્રાવણ તૈયાર થાય છે. એને 'પાણીનો કાચ' કહે છે. આ પારદર્શક પાણીનો કાચ ઈંડાં સાચવવા માટે, સીમેન્ટનાં ભોંયતળિયા પર ધૂળ ઓછી કરવા માટે, સાબુની બનાવટમાં, કાપડની મિલોમાં, વૉટરપ્રૂફ ચીજો બનાવવામાં એવાં અનેક કામો માટે વપરાય છે.

સોડિયમ પૅરૉકસાઈડ

સોડિયમને પુષ્કળ હવા યા ઑકિસજનમાં બાળવાથી સોડિયમ પૅરૉકસાઈડ પેદા થાય છે. આ પૅરૉકસાઈડ પર કાર્બન ડાયૉકસાઈડ જલદી અસર કરે છે ને એ ક્રિયામાં ઑક્સિજન છૂટો પડે છે, તેથી સબમરીનમાં હવા શુદ્ધ કરવા માટે આ પૅરૉકસાઇડ ખાસ વપરાય છે. તે પોતાનો ઑકસિજન સહેલાઇથી બીજા પદાર્થોને આપી દેતો હોવાથી ઑકસવતા પદાર્થ તરીકે તે બહુ ઉપયોગી થાય છે.

સોડા બાઈ કાર્બ

સોલ્વે પદ્ધતિ અનુસાર બનાવેલો સોડિયમ બાઇ કાર્બોનેટ ગરમ કરીને તેમાંથી કાર્બોનેટ બનાવવામાં આવે છે. બજારમાં મળતો સોડા બાઈ કાર્બ દવામાં, ખાવામાં વગેરે કામમાં વપરાતો હોઇ તે શુદ્ધ હોવો જોઇએ; એટલે સોડાના દ્રાવણમાં કાર્બન ડાયૉકસાઈડ વાયુ પસાર કરીને બાય કાર્બ તૈયાર કરવામાં આવે છે.

બોરૅક્સ

બોરૅક્સ (ટંકણખાર) પણ સોડિયમ અને બોરિક ઍસિડનો ક્ષાર છે. તિબેટની આજુબાજુ અને અમેરિકા વગેરે પ્રદેશોમાંથી આ પદાર્થ કુદરતીરીતે મળી આવે છે. એ કુદરતી ટંકણખારમાં માત્ર થોડો અંશ શુદ્ધ બોરૅક્સનો હોય છે. તેના અન્ય ખનિજો પણ નીકળે છે, જેમાંથી બોરૅક્સ બનાવાય છે. ઈસ્ત્રી કરતી વખતે કાપડને ચકચકિત કરવા માટે, મીના અને ઓપ ચડાવવા (ગ્લેઈઝ)ની બનાવટમાં, સોલ્ડર (રેણ) કરવામાં ફ્લક્સ તરીકે, કાચની બનાવટમાં અને ઔષધોમાં જંતુવિનાશક તરીકે બોરૅક્સનો ખૂબ ઉપયોગ થાય છે. ગરમ કરેલા થીજેલા બોરૅક્સમાં ત્રાંબુ, લોઢું, નિકલ, ક્રોમિયમ, એવી ધાતુઓના ક્ષાર ઉમેરીને ફરી ગરમ કરવાથી વિધવિધ રંગીન પદાર્થો પેદા થાય છે: જેમકે ત્રાંબુ વાદળી રંગ આપે છે, ક્રોમિયમ લીલો રંગ પેદા કરે છે, કોબાલ્ટ ઘેરો વાદળી રંગ, લોઢું આછો લીલો, એમ અનેક રંગીન પદાર્થો ઉત્પન્ન થાય છે. વળી બોરૅક્સને દારૂ સાથે મેળવી, તેમાં સલ્ફ્યુરિક ઍસિડ નાખી, દારૂને સળગાવવાથી લીલી જ્યોત દેખાય છે. બોરૅક્સનો આ એક અતિ લાક્ષણિક પ્રયોગ ગણાય છે.

બીજા ક્ષારો

સોડિયમ સલ્ફાઇટ, સોડિયમ મેટા બાઈ સલ્ફાઈટ, સોડિયમ થાયો સલ્ફેટ (હાઈપો), સોડિયમ હાઇપો સલ્ફાઈટ (હાઇડ્રો) એ બધા પણ સોડિયમના ઉપયોગી ક્ષારો છે અને વિવિધ ઉદ્યોગોમાં તે પુષ્કળ વપરાય છે. મેટા બાઈ સલ્ફાઈટ અને હાઇપો ફોટોગ્રાફીમાં વપરાય છે; હાઇડ્રો કાપડની મિલોમાં પુષ્કળ વપરાય છે. કૉસ્ટિક સોડાના ઠંડા દ્રાવણમાં ક્લૉરિન વાયુ પસાર કરવાથી બનતો સોડિયમ હાઇપો ક્લોરાઈટ બ્લીચિંગમાં વપરાય છે. સમુદ્રના પાણીમાં વીજળી પસાર કરીને તૈયાર કરેલું હાઇપો ક્લોરાઈટનું દ્રાવણ જંતુવિનાશક પ્રવાહી તરીકે પુષ્કળ ઉપયોગમાં લેવાય છે.

સોડિયમ અને તેના ક્ષારો વર્ણપટમાં સોનેરી પીળો રંગ આપે

છે, એટલે બુન્સેન બર્નરની જ્યોતમાં કોઈપણ પદાર્થ રાખવાથી જો પીળો રંગ પેદા થાય તો તે સોડિયમનો ક્ષાર સમજવો. એ ખૂબીની વાત છે કે સોડિયમના બધા ક્ષારો પાણીમાં દ્રાવ્ય છે.

બોરૅક્સ (ટંકણખાર)ના વીજળિક ઑક્સિડેશનથી બનતો સોડિયમ પરબોરેટ જુદીજુદી રીતે અનેક ઉપયોગોમાં આવે છે. તેનું દ્રાવણ બ્લીચિંગમાં વપરાય છે અને વૉશિંગ કંપનીઓ કપડાં ધોવામાં પણ વાપરે છે. તે પ્રબળ જંતુવિનાશક છે.

સોડિયમ નાઇટ્રેટ (સુરોખાર)ને સીસાની સાથે ગરમ કરવાથી બનતો સોડિયમ નાઇટ્રાઇટ રંગની બનાવટમાં પુષ્કળ વપરાય છે.

સોડિયમ સાયેનાઇડ: આ ક્ષાર સોનાનાં ખનિજમાંથી સોનું કાઢવામાં ખૂબ વપરાય છે. ટ્રાઈ સોડિયમ ફૉસ્ફેટના સ્ફટિકો ત્રિપ્સા નામથી વેચાય છે. ભારે પાણીને હલકું બનાવવા તે વપરાય છે.

બોરસલી

દરમાસે એકએક વનસ્પતિનો પરિચય આપતી લેખમાળા
'આપણી વનસ્પતિ'નો છઠ્ઠો હપતો

લેખક
જયંતીલાલ દેવશંકર ઓઝા
એમ. એસસી.

સુકાયા પછી પણ પોતાની એ જ આછીમધુરી મોહક ગંધ ભભક ફેલાવનાર ઝીણાં નાજુક ફૂલના આ વૃક્ષને નામથી નહિ ઓળખનાર તો ભાગ્યે જ હશે; ને ઘણાખરાએ તો એ જોયું પણ હશે. પોતાનાં પાન તદ્દન ખેરવીને ઉઘાડાં નહિ થનારાં આપણાં જે થોડાં વૃક્ષો છે, તેમાં બોરસલીનું સ્થાન કદાચ આગળ આવે. એની ઘેરી લીલી પર્ણઘટા સદા કાયમ રહે છે.

લોકોમાં ક્વચિત'બોલસરી'ના નામે બોલાતા આ વૃક્ષને બકુલી પણ કહે છે, એ તો એના મૂળ સંસ્કૃત નામ 'બકુલ' ઉપરથી. આપણા પ્રાચીન તેમજ અર્વાચીન કાવ્ય-સાહિત્યમાં બકુલનું સ્થાન ઊંચું છે.

મૂળ તો આ વૃક્ષ મલાયા દ્વિપકલ્પો અને દક્ષિણ દેશોનું વતની. આપણે ત્યાં મુંબાઈથી દક્ષિણ બાજુએ પશ્ચિમ ઘાટ ઉપરનો હિંદી દ્વિપકલ્પનો પ્રદેશ, દક્ષિણ કોંકણ અને પૂર્વમાં છેક આંદામાન ટાપુઓ અને બ્રહ્મદેશ માર્તાબાન, તેનાસરીમ તથા સીલોનમાં આ વૃક્ષ ખૂબ જોવામાં આવે છે. એની અખંડ ઘેરી ઘટાને લીધે શોભાવૃક્ષ તરીકે તેમજ તેનાં ફૂલોની મનોહર વાસને કારણે બગીચાઓમાં તે આખા હિંદમાં ઉગાડવામાં આવે છે.

એનું શાસ્ત્રીય નામ મીમુસોપ્સ ઇલેંગી (Mimusops Elengi Linn.)છે. સ્વીડિશ વનસ્પતિશાસ્ત્રી લીનિયસે નામ પાડેલું.

બોરસલીનું વૃક્ષ મોટું થાય છે અને વધુમાં વધુ ૪૦થી૬૦ ફીટ સુધી પણ ઊંચું જાય છે. તેની ઘેઘૂર શાખાઓ ચોતરફ ફેલાએલી હોય છે. તેની છાલ બહારથી લીસી અને ભૂખરા કે કાળાશપડતા રંગની હોય છે. શાખાઓ પર આંતરે આવેલાં તેનાં પાન ચળકતાં ઘેરાં લીલાં હોય છે. દરેક પાન સાદું, દાંડીવાળું ને ૩ થી ૬ ઇંચ લાંબું તથા ૧॥ થી ૨ ઇંચ પહોળું હોય છે. આકારમાં તે લંબગોળ અને ટોચના ભાગે અણીદાર હોય છે.

બકુલનાં ફૂલોનો ઉદ્‌ભવકાળ સામાન્ય રીતે તો જાન્યુઆરીથી માર્ચ ગણાય છે, પરંતુ જુલાઇથી ડીસેમ્બર દરમ્યાનમાં પણ તેને ફૂલ બેસે છે. એનાં ફૂલો પુષ્કળ થાય છે અને ધીમેધીમે વરસાદનાં ફોરાં પેઠે જમીન પર નીચે ગરી પડતાં હોય છે. કદમાં એ નાનાં, સફેદ, ચક્રાકાર હોય છે અને તેની બહારની પાંખડીઓમાં તપખીરિયા રંગની રૂંવાટી હોય છે. ફૂલ એકલાં અગર ૨થી ૬નાં ઝુમખાંમાં ઊગે છે. એની અત્યન્ત મધુર વાસનું તો કહેવું જ શું? સુકાયા પછી પણ તેની સુવાસ લાંબા વખત સુધી ટકે છે. આથી માળાઓ તથા સ્ત્રીવર્ગની વેણીને માટે તો એ અત્યન્ત પ્રિય પુષ્પ છે.



પાન, કળીઓ તથા ફૂલ
સાથે બકુલની ડાળી

બોરસલી મધૂકાદિ (મહુડા, રાયણ અને ચીકુના) વર્ગની વનસ્પતિ છે. તેનું ફળ ઇંડા આકારનું, લીસું, ચળકતું અને ૦॥ થી ૧ ઇંચ લાંબું હોય છે અને પાકે છે ત્યારે પીળાશ પડતું તથા પાછળથી સિંદૂરિયા રંગનું થાય છે. તેમાં એક (ભાગ્યે જ બે) બીજ હોય છે. એ બીજ વડે જ બોરસલી ઊગે છે.

બોરસલી પણ ઘણું ઉપયોગી વૃક્ષ છે. તેમાંથી એક જાતનો ગુંદર નીકળે છે અને તે મદ્રાસમાં 'પોગાડા ગમ'ના નામથી ઓળખાય છે. બંગાળમાં તેની છાલ રંગવાના કામમાં વપરાય છે. ફૂલોમાં એક જાતનું ઊડણ તેલ હોય છે અને તેમાંથી વરાળ રૂપે સુગંધી અત્તર કાઢવામાં આવે છે. દાંતને મજબૂત કરનાર તરીકે તો બોરસલી પ્રખ્યાત છે. તેનાં ફૂલ, ફળ અને છાલ બધાંમાં બાધક ગુણો રહેલા છે. તેની છાલ તેમજ કાચાં ફળ દાંતે ચાવવાથી હલતા દાંત મજબૂત થાય છે. પેઢાં તથા દાંતનાં દર્દો માટે તેની છાલનો ઉકાળો કોગળા કરવા માટે વપરાય છે. તેનાં બીજમાંથી કાઢવામાં આવતું તેલ મીઠા તેલની જગ્યાએ રાંધવામાં, બાળવામાં અને દવા તરીકે પણ વપરાય છે. તેના ફળમાં મીઠો ગર્ભ હોય છે તેથી કેટલાક લોકો તેનો મુરબ્બો પણ બનાવે છે. બોરસલીનું બહારનું લાકડું સફેદ અને અંદરનું લાકડું રાતું હોય છે અને તે ઈમારતી બાંધકામ, ગાડાની ધૂંસરી તથા કબાટો વગેરેની બનાવટમાં વપરાય છે. દક્ષિણ હિંદમાં મુસ્લિમોની કબરો આસપાસ આ વૃક્ષ બહુ ઉગાડવામાં આવે છે.

વિટામિન વિષે

૭-વિટામિન 'કે'

આપણને અપરિચિત આ વિટામિન શરીરને બહુ અગત્યનું છે. ઘામાંથી વહેતું લોહી બંધ થવા માટે તથા લીવર (યકૃત-કાળજા)નું કાર્ય સરળરીતે ચાલવા માટે એ જરૂરનું છે ભાજીઓ,કોબીજ,ગાજર,ટમેટાં, ખાદ્ય પ્રાણીઓનાં કલેજાં, (લીવર), બટાટા તથા વટાણામાં તે રહેલું છે. આને વિષે નવાઈની વાત એ છે કે કહોવાએલી માછલી તથા કહોવડાવેલા ચોખામાંના બેકટીરિયા(જીવાણુઓ)ને લીધે તે ઉત્પન્ન થાય છે અને દવા માટે તેમાંથી જ તે એકઠું કરવામાં આવે છે.

માણસના ખોરાકમાં તે પૂરતા પ્રમાણમાં હોતું નથી ને વળી તે આંતરડાંમાં જ શોષાવું જોઇએ; એટલે આંતરડાંમાં જો પિત્તરસની હાજરી હોય તો જ તે શોષાય. કમળાના રોગમાં પિત્તરસ આંતરડામાં જઈ નથી શકતો, તેથી તેમજ લીવર(યકૃત)નાં દરદોમાં, તથા કૅન્સર અને મરડાના વ્યાધિમાં તેનું શોષણ થતું નથી. મોટા આંતરડામાં જીવાણુઓને લીધે થતા કહોવાણમાંથી તે આપોઆપ પેદા થાય છે, એટલે વારંવાર જુલાબ લઇ આંતરડાંનો મળ ધોઈ નાખનારાઓમાં પણ આ વિટામિનની ઊણપ ઊભી થવા સંભવ છે.

વિટામિન 'કે'થી લોહીમાં પ્રોથ્રોમ્બીન નામનું તત્ત્વ પેદા થાય છે,જેને કારણે ઘામાંથી વહેતું લોહી આપોઆપ બંધ થવાની શક્તિ શરીરને મળે છે.આથી આ વિટામિનની ન્યૂનતાવાળાઓના જખમમાંથી વહેતું લોહી જલદી બંધ થતું નથી.

૮-વિટામિન 'પી'

ખાસ કરીને લીંબુના રસમાં રહેલા આ વિટામિનના ગુણો વિટામિન 'સી'ના ગુણો સાથે સંકળાએલા છે. લોહીને શરીરના સર્વ ભાગોમાં લઈ જનારી સૂક્ષ્મ રક્તવાહિનીઓની દીવાલના ઘડતરમાં આ વિટામિન ઘણો જ અગત્યનો ભાગ ભજવતું હોવાથી તેના અભાવથી તે રક્તવાહિનીઓ ઢીલી પડી જાય છે એમ કેટલાક વૈજ્ઞાનિકો માને છે; ત્યારે કેટલાક વૈજ્ઞાનિકો એમ માને છે કે વિટામિન 'સી'ના અભાવથી આમ થાય છે. મનુષ્યના બીજા પણ કેટલાક રોગોમાં વિટામિન 'પી'નો ઉપયોગ થાય છે, પરંતુ હજુ આ વિટામિન પ્રયોગાવસ્થામાં છે

નટવરલાલ શાહ

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં

તા. ૧ આજે જગતનો અગ્રણી બનેલો અમેરિકા ખંડ કોલંબસે શોધી કાઢ્યો, ૧૫૦૨.

તા. ૨ ઇસ્ટ ઇંડિયા કંપની પાસેથી ઇંગ્લંડની સરકારે હિંદની હકુમત પોતાને હાથ લીધી, ૧૮૫૮ (અને આ જ મહીનાની ૧૫મી તારીખે-બરોબર ૮૯ વર્ષે તે હિંદને પાછી સોંપશે).

તા. ૪ મુંબાઇના 'બેતાજ બાદશાહ' વિનીત નેતા સર ફિરોજશાહ મહેતાનો જન્મ, ૧૮૪૫.

તા. ૫ લાખો માણસોનો ભોગ લેનારું જગતનું પહેલું મહાયુદ્ધ શરૂ થયું, ૧૯૧૪.

તા. ૯ દેશભરમાં 'ક્વિટ ઇન્ડિયા'નો બુલંદ નાદ ગાજી ઊઠ્યો, ૧૯૪૨.

તા. ૧૬ હિંદમાં નિરીશ્વવાદની ફેલાતી જતી છાયા સમયે ભારતના પુરાણા અધ્યાત્મવાદને સજીવન કરનાર સ્વામી રામકૃષ્ણ પરમહંસનું અવસાન, ૧૮૮૬.

તા. ૧૭ હિંદમાં કોમી ચુકાદાનું પહેલું બી વવાયું, ૧૯૩૨. જેમાંથી વિષવૃક્ષ ફૂલી ફાલીને આજે પાકીસ્તાનરૂપી કટુ ફળો આપણને ચાખવા મળ્યાં છે.

તા. ૨૨ ગયા મહાયુદ્ધમાં જર્મનીએ રશિયા સાથે અનાક્રમણના કરારો કર્યા, ૧૯૩૯. (આમ પોતાનો પૂર્વ મોરચો સુરક્ષિત કર્યા પછી એક જ અઠવાડિયા બાદ જર્મની પશ્ચિમ યુરોપ ઉપર પોતાના સંપૂર્ણ બળથી ત્રાટક્યું)

તા. ૨૭ જાવા તથા સુમાત્રા વચ્ચે આવેલા ક્રેકાટુઆ ટાપુનો જ્વાળામુખી ફાટ્યો, ૧૮૮૩. તેનો ધડાકો ૩૦૦૦ માઇલ સુધી સંભળાએલો અને ૩૫૧૪૭ જાનની ખુવારી થએલી.



આ માસની વ્યક્તિવિશેષ

અવનીન્દ્રનાથ ટાગોર

હિંદમાં જે કાળે પશ્ચિમી ચિત્રકળાની જ બોલબાલા હતી અને હિંદની પ્રાચીન કલાસમૃદ્ધિ અનાદરથી મૃતપ્રાય થઈ હતી તે કાળે ભારતીય કળાલક્ષ્મીની પુનઃ પ્રતિષ્ઠા કરી તેને જગતભરમાં માનભર્યું સ્થાન અપાવનાર હિંદના સર્વશ્રેષ્ઠ ચિત્રકાર શ્રી અવનીન્દ્રનાથ ટાગોરનું નામ હિંદી કલાના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે. તેમનો જન્મ ગર્ભશ્રીમંત જમીનદાર ટાગોર કુટુંબમાં ગુણેન્દ્રનાથ ટાગોરને ત્યાં ૧૮૭૧ની ૭મી ઑગસ્ટે થયો હતો. કવિવર રવીન્દ્રનાથના તે ભત્રીજા (કાકાના દીકરાના દીકરા) થાય; અને રવિબાબુની માફક આમની પણ કલાપ્રતિભા સ્વયંભૂ હતી. એટલે મેટ્રિક પછી તેમને કલકત્તા કળાશાળામાં અભ્યાસ શરૂ કર્યો જ્યાં પશ્ચિમી ઢબે તે કલાશિક્ષણ પામ્યા. પણ એ વાસ્તવદર્શી જ લાગતી કલામાં તેમનો જીવ બેસતો નહિ. એવામાં ઘરમાંનાં કેટલાંક જૂનાં મુઘલ ચિત્રો તેમના જોવામાં આવતાં તેમને ભારતીય કલા વિષે એવો તો તીવ્ર પ્રેમ પ્રકટ્યો કે યુરોપની કલાનો મોહ ફેંકી દઇ તેમણે દેશજ કલાની ઉપાસના શરૂ કરી. તેમણે અજંતાની પ્રાણવાન પ્રેરણા લીધી, રાજપૂત કલમનું લાલિત્ય પકડ્યું, મુઘલ કલાની સુકુમારતા હાથ કરી, બૌદ્ધ શિલ્પનું ભાવનિરૂપણ કેળવ્યું અને યુરોપીય કળાના સંવિધાનની તેમાં મિલાવટ કરીને કલાનો અદ્ભુત સુમેળ રચ્યો. આમ સ્વયંભૂ પ્રેરણાથી તેમણે દોરેલાં ચિત્રો જોઈ કલકત્તાની સરકારી કલાશાળાના પ્રિન્સિપલ અને ભારતીય કલાના ચાહક તથા પુરસ્કર્તા મિ. હૅવેલ તો મુગ્ધ થઈ ગયા અને તેમને પોતાની પાસે વાઈસ પ્રિન્સિપાલ નીમ્યા. ત્યાં ભારતીય શિક્ષણપ્રણાલીને અનુરૂપ કલાશાળાની પુનર્ઘટના કરી અને તેમાંથી નંદલાલ બોઝ, અસીતકુમાર હલધર, ઈત્યાદિ સમર્થ શિષ્યસમુદાય ઉત્પન્ન કરી ભારતીય કલાને જગમાન્ય બનાવી. તેમનાં અનેક ચિત્રો ઉપરાંત 'કલાનાં ષડંગ' અને 'ભારત શિલ્પની ઍનેટમી' એ તેમના ભારતીય ચિત્રકળા પરના ગ્રંથો અમૂલ્ય છે. કલકત્તાની વિખ્યાત 'ઈન્ડિયન સોસાએટી ઑવ ઓરીએન્ટલ આર્ટ'ની સ્થાપના કરી તેને વિકસાવવામાં તેમનો જ મોટો હિસ્સો છે. કલાના ક્ષેત્રમાં તેમણે જે અદ્વિતીય કાર્ય કર્યું છે તેની કદર તરીકે કલકત્તા યુનિવર્સિટીએ તેમને ડૉકટરેટની પદવી તથા સરકારે સી.આઈ.ઇ. નો ઈલ્કાબ આપ્યાં છે.

પ્રથમ પંક્તિના કલાકાર હોવા ઉપરાંત સરળ અને રંગપ્રધાન શૈલીથી તેમણે બાળસાહિત્ય પણ ખીલવ્યું છે. તેમનું 'રાજકહાની' 'ખીરની પુતલી' આદિ પુસ્તકો તથા બંગાળી બાલ માસિક 'રંગમસાલા'માં આવતા લેખો તેમની વિશિષ્ટ શૈલીના નમૂના છે.

હરિ નારાયણ આપ્ટે (અનુસંધાન પાછળના પૃ. ૨૩૦થી)

ટીઓ થઈ અને તેઓ બેભાન થયા. થોડી વારે પાછા સાવધાન થયા ત્યાં એમને એક કર્તવ્ય સાંભર્યું. પોતાનું વસિયતનામું એમણે લખાવ્યું, સહી કરી અને પત્નીને કહ્યું : 'મારાથી બની શકે તેટલું મેં કર્યું. મૃત્યુ મારા હાથની વાત નથી.' અને સાંજના આશરે સાત વાગ્યે એમનું મૃત્યુ થયું. રમાબાઇ કેટલા યે કલાક બેભાન પડી રહ્યાં.

યુનિવર્સિટીની પરીક્ષામાં નિષ્ફળ નીવડ્યા તોપણ હરિભાઉ આમરણ વિદ્યાર્થી જ રહ્યા. એમને પુસ્તકોનો ખૂબ શોખ હતો. નવું સારું પુસ્તક પ્રકટ થાય કે તરત તે મંગાવી લેતા. એમને સુંદર પુસ્તકો ગમતાં–એટલે કે બીબાં, છપાઇ કે બાંધણી–બાઇડિંગ સુંદર હોય તો પણ તે મંગાવી લેતા. આમ હજારો પુસ્તકો એમણે શોખથી ખરીદ્યાં હશે. એમણે ફ્રેંચ અને જર્મન ભાષાઓ પણ શીખી લીધી હતી. મહારાષ્ટ્રમાં એમના જેટલા અભ્યાસી લેખકો બહુ થોડા પાક્યા છે. પણ લખાણ એટલું સાદું અને સરળ લખતા કે આનો લેખક વિદ્વાન હશે એમ કોઇને લાગે પણ નહિ. સ્વભાવે તેઓ લાગણીપ્રધાન હતા, એટલા બધા કે એકવાર 'હરિશ્ચંદ્ર' નાટક જોવા એમના મિત્રે બોલાવ્યા ત્યારે કહેલું: 'હરિશ્ચંદ્રનું દુઃખ મારાથી જોવાતું નથી, એટલે નહિ આવું.'

હરિભાઉએ દસ સામાજિક નવલકથાઓ લખી. એમાંની ત્રણ અપૂર્ણ રહી ગઇ છે. એ કથાઓમાં તત્કાલીન મહારાષ્ટ્રીય સમાજનું આબેહૂબ વર્ણન તો છે જ, પણ સાથે જ લોકોએ કેવી રીતે વર્તવું જોઈએ એનું પણ દિગ્દર્શન છે. હરિભાઉએ પોતે જ કહ્યું હતું કે નવલકથાની શરૂઆતમાં વાસ્તવવાદી વર્ણન ભલે કરવું જોઇએ, પણ લોકોને વસ્તુસ્થિતિનો સચોટ ખ્યાલ આવી જાય ત્યાર પછી એમની આગળ આદર્શો મૂકવા જોઇએ. સ્ત્રીઓની ઉન્નતિ અને દેશનું કલ્યાણ એ હરિભાઉના આદર્શો હતા. એમણે એક નવલકથામાં બતાવેલા આદર્શને સત્ય સૃષ્ટિમાં ઊતરતો જોયો હતો. 'मी' ('હું')નો નાયક પ્રેમનો ત્યાગ કરી દેશસેવા ખાતર મઠની સ્થાપના કરે છે. ગોખલેએ આ જ આદર્શ દૃષ્ટિ આગળ રાખી 'ભારતસેવકસમાજ' Servants of India Societyની સ્થાપના કરી હતી. એમની નવલકથાઓમાં અશ્લીલ કે બીભત્સ ભાવ કદી મળતો નથી અને બાળકથી વૃદ્ધ સુધી કોઈપણ સ્ત્રીપુરુષ એમની નવલકથાઓ વાંચી શકે છે. એમના પર ડિકન્સની અસર સ્પષ્ટ દેખાય છે. સાપ્તાહિકમાં ક્રમશઃ પ્રકટ થતી નવલકથાઓમાં જે ક્ષતિઓ હોય તે એમાં છે જ; અને ડિકન્સમાં આવે છે તેમ આત્મચરિત્રના રૂપમાં નવલકથા લખવાની પદ્ધતિ—કોઇ વાર એક પાત્ર આવે અને કેટલાંક પ્રકરણ સુધી ડુબકી મારી જાય ને લેખક વાંચક એને ભૂલી જાય,-જેને અંગ્રેજીમાં loose ends કહી શકીએ તે—પણ છે; અને સાથે જ ડિકન્સની દેવને શોભે તેવી વિશાળ સહાનુભૂતિ પણ હરિભાઉમાં દેખાય છે.

ઐતિહાસિક નવલકથાઓ એમણે અગિયાર લખી છે. એમાંની ત્રણ અપૂર્ણ છે. આ કથાઓમાં સ્કૉટ જોડે એમની સરખામણી સહેલાઇથી થઈ શકે છે. લોકોને પોતાના ઉજ્જવલ ભૂતકાળ વિષે જ્ઞાન મળે તો તેઓ દિવ્ય ભવિષ્યકાળ નિર્માણ કરી શકે એમ હરિભાઉ માનતા. શિવાજીના સમયનું વર્ણન એમણે છ નવલકથાઓમાં કર્યું છે. પ્રાચીન ઈતિહાસની બે, મધ્યયુગની બે અને પેશ્વાઈની ત્રણ, એમ બાકીની કથાઓનું વર્ગીકરણ થઇ શકે. શિવકાલીન ઈતિહાસની નવલકથાઓ તો એટલી લોકપ્રિય થઈ ગઈ કે મહારાષ્ટ્રનો ઇતિહાસ નવલકથા દ્વારા લોકોને આપવાની પ્રેરણા બીજા લેખકોને એથી મળી. આ ઉપરાંત હરિભાઉએ ઘણું લખ્યું છે: નવલિકાઓ, ચરિત્રો, નાટકો–(સ્વતંત્ર અને શેક્સ્પીયર-મોલીએરના અનુવાદો), કાવ્યો, વિવેચનો. એમનાં કેટલાંક ભાષણો પણ છપાયાં છે. એમની નવલકથાઓનાં અનુવાદ ભારતની ઘણી ભાષાઓમાં તેમ ગુજરાતીમાં પણ થઇ ગયા છે.

દુકાળની પાર્શ્વભૂમિ પર લખાએલી તેમની 'કાળતર મોઠા કઠીન આલા' એ નવલકથાનું અંગ્રેજી ભાષાંતર 'રામજી' નામથી ઇંગ્લંડની પ્રખ્યાત 'મેસર્સ ફિશર અનવિન કંપની'એ પ્રસિદ્ધ કર્યું છે. આ નવલકથા ઉપર 'પાયોનિયર' પત્રે ખૂબ ક્રોધાગ્નિ વરસાવેલો. 'વજ્રાઘાત' નામની તેમની નવલકથા લખાતી હતી તે દરમિયાન જ તેમની પ્રિય પુત્રી શાન્તાનું મૃત્યુ થયું અને તેમના પર મોટો વજ્રાઘાત થયો. આ દારુણ આઘાતથી તેમના મુખ પરથી હાસ્ય સદાને માટે ચાલ્યું ગયું. ત્યાર પછી તે એક પણ નવલકથા લખી શક્યા નહિ

તેમનું મોટા ભાગનું લેખન રાત્રે કે પરોઢિયે થએલું છે. પણ તે નિયમિતરીતે કદી પણ થયું નથી. જ્યારે તેમની પ્રતિભા જાગૃત થતી અને પ્રેરણા મળતી ત્યારે તે પાનાં ને પાનાં બિલકુલ છેકછાક વિના લખી નાખતા. તે વખતે '**वाचमर्थोनुधावति**' એ કવિવચન તેમને માટે તદ્દન સત્ય હતું પણ જ્યારે પ્રેરણા ન હોય ત્યારે તેમની કલમમાંથી એકાદ અક્ષર પણ ઊતરતો નહિ. વજ્રાઘાતનું પ્રથમ પ્રકરણ તેમણે અત્યંત સુંદરરીતે લખ્યું છે. તે લખવા માટે તે પાંચ વખત બેઠેલા. પણ પાંચે વખત ૮-૧૦ લીટીઓ લખીને કાગળો તેમણે ફાડી નાખેલા. છેવટે એક પરોઢિયે તેમણે તે સુંદર પ્રકરણ લખ્યું અને તેની આગળનાં પણ બે પ્રકરણો એક જ બેઠકે લખી નાખ્યા. તેમણે આટઆટલી નવલકથાઓ લખી, પણ પહેલાં આખી નવલકથા તો શું પણ અરધી યે લખી નાખી પછી છપાવવાની શરૂઆત કરી હોય એવું કદી જ બન્યું નથી. 'કરમણૂક'નો અંક નીકળવાને એકાદ બે દિવસની વાર હોય ત્યારે જ તે પછીનું પ્રકરણ લખવા બેસતા. પણ તે એવી તો કુશળતાથી તથા સુસંબદ્ધરીતે લખતા કે વાચકના મનની તે અદ્ભુતરીતે પકડ લેતું અને તે આતુર નયને આવતા અંકની વાટ જોતો બેસતો. આ રીતે પૂરાં અઠ્ઠાવીસ વર્ષ સુધી આ અભિજાત સાહિત્યકારે મરાઠી વાચકો ઉપર આશ્ચર્યકારક વશીકરણ કરેલું.

એક અંગ્રેજ લેખક લખે છે કે કોઈ વખત પ્રલય થાય અને આખી દુનિયા ડૂબી જાય, પણ સદ્ભાગ્યે ડિકન્સની નવલકથાઓ બચી જાય, તો નવી દુનિયાને સંસ્કૃતિના વારસાની જરૂર નથી ડિકન્સની નવલકથાઓમાં વાચકને એટલી માનવતા અને સહાનુભૂતિ દેખાય છે કે એના હૃદયને કેળવવા માટે બીજા કોઈ લેખકની જરૂર નથી. હરિભાઉની નવલકથાઓ માટે એ જ શબ્દો વાપરી શકાય. એમની નવલકથાઓમાં–અને ડિકન્સની નવલકથાઓમાં પણ–ઘણી ક્ષતિઓ છે, છતાં પણ મહારાષ્ટ્ર આજે નવલકથાકારોમાં એમને અગ્ર અને એકલા જ ગણે છે એનું કારણ એમની સહાનુભૂતિ અને માનવતા. મહારાષ્ટ્રનું હૃદય હરિભાઉની નવલકથાઓમાં જેટલું દેખાય છે એટલું આજકાલના કોઇપણ લોકપ્રિય લેખકમાં દેખાતું નથી, એમ બધા સ્વીકારે છે. એટલે નવલકથાકારોમાં હરિભાઉ મહારાષ્ટ્રના અદ્વિતીય પ્રતિનિધિ તો છે જ, પણ સાથે સાથે આધુનિક ભારતના ઘડવૈયાઓમાં પણ એમનું સ્થાન ઊંચું છે.

વસન્ત જોષી

હરિભાઉની શ્રેષ્ઠ કૃતિઓ—સામાજિક : **पण लक्षांत कोण घेतो ?** (૧૮૯૦-૯૩); **मी** (૧૮૯૩-૯૫); **यशवन्तराव खरे** (૧૮૯૨-૧૮૯૫); **भयंकर दिव्य**(૧૯૦૧-૧૯૦૩); ઐતિહાસિક: **चंद्रगुप्त**(૧૯૦૨-૧૯૦૪); **उषःकाल** (૧૮૯૫-૯૭); **गड आला पण सिंह गेला** (૧૯૦૩); **वज्राघात**.

(આ ચરિત્રલેખન માટે જરૂરી ગ્રંથો આપી કરેલી મદદ માટે લેખક 'કેસરી-મરાઠા ગ્રંથશાલા, પુના'નો આભારી છે)



માધુકરી



ચાળીસે કોટિ મુખોથી એક મુખ ખુલી રહો,
પૂર્ણ સ્વાતંત્ર્યનો આજે મહા સૂર્ય ઝગી રહ્યો!
ચાલીસે કોટિ ફૂલોથી એક, ગંધ વહી રહો,
ચાલીસે કોટિ કાયાથી એક પ્રાણ બઢી રહો;
ચાલીસે કોટિ વાહિની એક સિન્ધુ પ્રતિ વહો!
પૌરુષે પાંગર્યાં પ્રેમે એક ઘોષ ગુંજી રહો. —મોહિનીચન્દ્ર

બ્રહ્મદેશનો ઈન્કિલાબી નેતા સ્વ. આઉં સાન

લો૦ ટિળકના મૃત્યુના સમાચાર સાંભળીને હિંદની જનતાએ જે ભીષણ દુઃખાઘાત અનુભવ્યો હતો એવો જ ભીષણ આઘાત ગઈ તા. ૧૯ના રોજ થએલા બ્રહ્મદેશના લોકપ્રિય નેતા યુ આઉં સાનના ખૂનના સમાચાર સાંભળીને બ્રહ્મી જનતા આજે અનુભવી રહી છે. બ્રહ્મદેશના 'જવાહર' ગણાતા આઉં સાન ત્યાંની જનતાના એકમેવ લાડીલા નેતા હતા. બ્રહ્મદેશના ઇતિહાસમાં કોઈ પણ નેતાએ એમના જેટલી લોકપ્રિયતા મેળવી નહોતી.

માત્ર ૩૨ વર્ષ જેટલી નાની ઉમરે બ્રહ્મી જનતાના આરાધ્ય દેવ બનનાર, બ્રહ્મદેશની સ્વાતંત્ર્યપ્રવૃત્તિના આ સમર્થ નેતાનો જન્મ ઈ. ૧૯૧૫માં મધ્ય બ્રહ્મદેશમાં યેનાન્માંગ ગામે એક ખેડૂત કુટુંબમાં થયો હતો. બાળપણમાં ત્યાંની જ શાળામાં શિક્ષણ લીધા પછી ૧૮ વર્ષની વયે તે રંગૂન યુનિવર્સિટીમાં દાખલ થયા. પણ ત્યાં અભ્યાસમાં આગળ આવવાને બદલે તે જાહેર પ્રવૃત્તિમાં જ મોખરે રહ્યા. ૧૯૩૬માં કેળવણી ખાતાએ ઘડેલા અન્યાય કર્તા કેટલાક જોહુકમી કાયદાઓ સામે બ્રહ્મી વિદ્યાર્થીઓએ જે પ્રચંડ વિરોધ ઉઠાવેલો તેની નેતાગીરી ૨૧ વર્ષના દુબળાપાતળા દેખાતા પણ ચંચળ અને તેજસ્વી નયનોવાળા આઉં સાને જ લીધેલી. તેમની સરદારી હેઠળ સરઘસો નીકળ્યાં તેના પર લાઠીમાર થયો અને ગોળીઓ પણ વરસી. સરકારના આ દમનના જવાબ રૂપે આઉં સાને જે જબ્બર હડતાળ પડાવી તે શિસ્ત, સંપૂર્ણતા તથા દૃઢતા માટે અદ્‌ભુત અને અજોડ હતી. એ પ્રચંડ હડતાળ આગળ અંતે સત્તાવાળાઓને નમતું જોખવું પડ્યું અને વિદ્યાર્થીઓની માગણી માન્ય રાખવી પડી. ત્યારથી આઉં સાન વિદ્યાર્થીઓના માનીતા નેતા બની ગયા અને રંગૂન વિદ્યાર્થી સંઘના પ્રમુખ તરીકે ચુંટાયા.

રંગૂન યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટ થયા પછી તેમણે કાયદાનો અભ્યાસ કરી તેમાં પણ ઉપાધિ મેળવી લીધી અને કૉલેજનું શિક્ષણ પૂરું થયા પછી બ્રહ્મદેશને બ્રિટિશ નાગચૂડમાંથી છોડાવવાના દૃઢનિર્ધારસાથે તે જાહેરજીવનમાં પડ્યા.


એક ઇજિપ્તનો અપવાદ છોડી દઇએ તો બ્રહ્મદેશના વિદ્યાર્થીઓએ પોતાના દેશની રાષ્ટ્રીય ચળવળોમાં જેટલો પ્રભાવી તથા પ્રમુખ ભાગ લીધો છે તેટલો જગતના કોઈ પણ દેશના વિદ્યાર્થીઓએ લીધો નથી. બ્રહ્મી વિદ્યાર્થીઓમાં આવી ઉગ્ર અને સર્વતોમુખી રાજકીય જાગૃતિ લાવવાનું સર્વ શ્રેય આઉં સાનને ફાળે જાય છે. જ્યારે બ્રહ્મદેશના રાજકીય ક્ષેત્રમાં વડીલ નેતાઓ સ્વાર્થપરાયણ તથા તકવાદી રાજકારણમાં મગ્ન હતા ત્યારે આઉં સાન તથા તેના જોડીદારોએ દેશભરમાં વિદ્યાર્થી સંઘો

માસમાસનાં પંખી : ૨૦ – કાકડિયો કુંભાર

સીમ-ખેતરમાં બપોરની નીરવ શાંતિને ભેદતો અચાનક હુક.... હુક... હુક એવો અવિરત ઉચ્ચ સ્વર ઘણીવાર સંભળાય છે, તે આ કાકડિયા કુંભારનો. એવી ખૂબીથી એ અવાજ કાઢે છે કે તમારી તદ્દન પાસેથી જ બોલતો હોય છતાં જાણે ઘણે દૂરથી આવતો હોય એમ લાગે અને તે ક્યાં બેઠો છે તેનો પત્તો જ તમને ન લાગે. તેનો આ અવાજ કુમ્મ્‌...કુમ્મ્‌...કુમ્મ્‌... એવો લાગતો હોવાથી સંસ્કૃતમાં તે 'કુમ્ભકાર કુક્કુટ' ('કુમ્ભ' અવાજ કરનારો કૂકડો) કહેવાયો અને તે પરથી ગુજરાતીમાં થયો 'કાકડિયો કુંભાર'.

દેખાવે એ લગભગ કાગડા જેવો ને જેવડો જ હોવાથી ઘણા એને વગડાઉ કાગડો કહે છે. પણ એ છે તો કોયલના વર્ગનું પંખી. વાદળી ઝાંયવાળા ચમકતા કાળા રંગની કાયા; તેમાં પાંખો અને ખભા ચોડાના લાલ (સુરંગ) રંગનાં; આંખો લાલ; ચાંચ અને પગ કાળા; અને પગે પાયજામો પહેર્યાં જેવા સમળીની માફક સાથળ ઢાંકતાં પીછાં. પૂંછડી કાળી અને લાંબી-પહોળી, તથા ચાલે ત્યારે વારંવાર ઊંચીનીચી થતી. હિંદનું જ વતની આ પંખી ગુજરાતની સીમોમાં તો ઠેરઠેર નજરે પડે છે; માત્ર દક્ષિણ ભારતમાં એનો વાસ નથી.

માણસના રહેઠાણ નજીક વસનારું છતાં સ્વભાવે બીકણ આ પંખી એના પગની વિશિષ્ટ રચનાને લીધે ચાલવામાં અત્યંત ઝડપી હોવાથી જાળાઝાંખરાંતમાં તરત લપાઇ જાય છે. પણ તેની પાંખો ટૂંકી ને ગોળ હોવાથી તેની ઊડવાની શક્તિ ઘણી ઓછી. તેનો ઘણોખરો વ્યવહાર જમીન પર જ ચાલે છે અને તીડ, જીવાત, ઉંદર, ગરોળી, વીંછી, સાપોલિયાં વગેરે તેનો ખોરાક હોઈ વાડોનાં મૂળમાં જ તે ભટકતું હોય છે. એના માળા પણ જમીનથી દસબાર હાથ ઊંચે મળી આવે. જુલાઈ-ઑગસ્ટમાં તે ઈંડાં મૂકે છે. ['વનેચર' પરથી]



તથા યુવક સંઘો દ્વારા સ્વાતંત્ર્યસંગ્રામ માટે બ્રહ્મી જનતાનું સંગઠન કરવા 'ડોબામા એશિયોન' (હમારા બ્રહ્મદેશ) પક્ષ સ્થાપન કર્યો. આ પક્ષનું સૂત્ર, 'અમે જ બ્રહ્મદેશના માલીક (થાકીન) છીએ' એવું હોવાથી લોકોમાં તે પક્ષ 'થાકીન'ને નામે ઓળખાતો. વિદ્યાર્થીઓની આ ઉદ્દામ ચળવળના પ્રભાવને લીધે જ ગયું મહાયુદ્ધ શરૂ થતાંમાં બ્રહ્મી નેતાઓને સંપૂર્ણ સ્વરાજ્યની માગણી કરવી પડી. તે માગણી બ્રિટિશ સરકાર આગળ મૂકવા ૧૯૪૧માં તે વખતના મુખ્ય પ્રધાન યુ સો લંડન ગયા, પણ તેમની માગણી નામંજૂર કરીને અંગ્રેજ સરકારે તેમને કેદ કરી લીધા એ બીના સર્વશ્રુત છે.

યુ સોના ધરપકડ પછી બ્રહ્મી જનતા પોતાના નવા માનીતા નેતા આઉં સાનના માર્ગદર્શનની રાહ જોવા લાગી. બીજી બાજુ સરકારે પણ ક્રાંતિકારી વિચારસરણી ફેલાવતી 'થાકીન' સંસ્થાને કચડી નાખવાના તનતોડ પ્રયાસો કર્યા. આ વખતે 'થાકીન' પક્ષમાં પણ બે તડ પડયા. આઉં સાનનો પક્ષ એમ માનતો કે એકાદ પ્રબલ પરરાષ્ટ્રની સહાય વગર સ્વાતંત્ર્ય મેળવવું મુશ્કેલ હોવાથી, અને તે વખતની પરિસ્થિતિમાં તેવી મદદ જાપાન પાસેથી જ મેળવવી શક્ય હોવાથી, જાપાનની સહાય લઇ સ્વાતંત્ર્ય મેળવવું, બીજો કૉમ્યુનિસ્ટોનો પક્ષ આની વિરુદ્ધ હતો. આઉં સાને આ ધ્યેયપ્રાપ્તિ માટે એક નવી ક્રાંતિકારી સંસ્થા સ્થાપી આઝાદ-બ્રહ્મદેશ-સેના ઊભી કરી અને પોતે રંગૂનથી એકાએક અદૃશ્ય થઇ જાપાન પહોંચી જઇને એ દેશના સહકારની ખાત્રી મેળવી. તથા ત્યાં ટોકિયોની લશ્કરી શાળામાં દાખલ થઈ તેમણે ઉચ્ચ કક્ષાની લશ્કરી તાલીમ લઈ 'મેજર જનરલ'નો હોદ્દો પ્રાપ્ત કર્યો.

પછી, નિશ્ચિત કર્યા પ્રમાણે આઉં સાને અંગ્રેજોને બ્રહ્મદેશમાંથી હાંકી કાઢવામાં આઝાદ-બ્રહ્મદેશ-સેના વડે જાપાનને મદદ કરી. જાપાને પણ બ્રહ્મદેશના વહીવટ માટે ડૉ. બા મૉ ના પ્રમુખપણા નીચે એક પ્રધાનમંડળ નીમ્યું જેમાં આઉં સાન સંરક્ષણ મંત્રી નીમાયા. પણ થોડા જ વખતમાં આઉં સાન તથા બા મૉને જણાઈ આવ્યું કે પોતાનું પ્રધાનમંડળ ખાલી પૂતળાં જેવું હતું અને ખરી સત્તા બધી જાપાનીઓના હાથમાં હતી. એક પરદેશીને કાઢીને બીજાનો પગદંડો જમાવવા દેવાની તો આઉં સાનની જરાયે ઈચ્છા નહોતી, એટલે હવે તેણે જાપાનીઓને હાંકી કાઢવા માટે છૂપી તૈયારીઓ કરવા માંડી. અને દેશના સર્વ પક્ષોના સહકારથી 'ઍન્ટી ફાસિસ્ટ પીપલ્સ ફ્રીડમ લીગ'ની સ્થાપના કરી, જે બ્રહ્મદેશમાં 'ફાસાપાલા'ના ટૂંકા નામે ઓળખાય છે. આ લીગને આશ્રયે તેમણે 'બર્મા રેવોલ્યુશનરી ફોર્સ' નામનું ૫૦ હજારનું ગોરિલા દળ ઊભું કર્યું અને મિત્રરાજ્યોની લશ્કરી મદદથી ૧૯૪૫મા જાપાનીઓને બ્રહ્મદેશમાંથી હાંકી કાઢયા.

અત્યાર સુધી 'ફાસાપાલા'નું કાર્ય જે છૂપી રીતે ચાલતું હતું તે હવે જાહેર રીતે થવા લાગ્યું. આ પક્ષ આખા દેશમાં સર્વથી પ્રબલ છે. બ્રહ્મદેશભરમાં જાળની માફક તે પથરાએલો છે અને આજે તેના દસ લાખ પ્રાથમિક સભાસદો છે. આઉં સાન આ પક્ષના બિનહરીફ નેતા ચુંટાયા હતા. જાપાન સામે લડવા સ્થપાએલું ગોરિલા દળ આ પક્ષનું આજે સ્વયંસેવક દળ છે અને તે પીપલ્સ વૉલંટિયર ઑર્ગેનાઇઝેશન (પી.વી.ઓ.) કહેવાય છે. એ દળ આજે પાંચ લાખનું કહેવાય છે અને તે સંપૂર્ણરીતે શસ્ત્રસજ્જ છે. આઉં સાન આ દળના 'સુપ્રીમ કમાંડર' (બોજ્યો) હતા.

જાપાનના પરાજય પછી ફરી જ્યારે બ્રહ્મદેશનો રાજ્યવહીવટ શરૂ થયો ત્યારે આઉં સાને હિંદની મંત્રીમિશન યોજનાની માફક જ બ્રહ્મદેશને અધિકારો આપવાની માગણી કરી. પણ તે વખતના ગવર્નર મિ. ડૉર્મન સ્મિથે તે માગણીને ધુત્કારી કાઢી અને 'ફાસાપાલા' સિવાયના પક્ષોનું પ્રધાનમંડળ નીમ્યું. આથી સમસ્ત બ્રહ્મદેશમાં એવી તો વ્યાપક હડતાળ પડી કે આખું રાજ્યતંત્ર થંભી જવાની ભીતિ ઉત્પન્ન થઈ. આથી ગવર્નરને પોતાનું પૂતળાં પ્રધાનમંડળ બરખાસ્ત કરી આઉં સાનને નવું પ્રધાનમંડળ રચવા આમંત્રણ આપવું પડયું આઉં સાને પ્રધાનપદ ગ્રહણ તો કર્યાં, પણ તેમનું ધ્યેય તો હમેશાં મુકમ્મિલ આઝાદીનું જ હોવાથી તેમણે હિંદની માફક બ્રહ્મદેશને માટે લોકસભા નીમવાની તથા ૧૯૪૮ની શરૂઆત સુધીમાં બ્રહ્મદેશને સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપવાની બ્રિટિશ સરકાર આગળ માગણી મૂકી. આથી બ્રહ્મદેશના સ્વાતંત્ર્ય બાબત વાટાઘાટો કરવા તેમને લંડન બોલાવવામાં આવ્યા. લંડન જતાં પહેલાં આઉં સાન પંડિત જવાહરલાલ નેહરૂને મળીને તેમની સલાહ લઈ ગએલા.

લંડનના પોતાના નિવાસ દરમ્યાન ૩૨ વર્ષના આ જુવાન તરવરિયા નેતાએ ત્યાંના મુત્સદ્દીઓ ઉપર જબ્બર અસર પાડી હતી અને બ્રિટિશ પ્રધાનમંડળ સાથે વાટાઘાટો કર્યા પછી તે બંને પક્ષે માન્ય એવી સમજૂતી ઉપર આવ્યા, જે કંઈક અંશે હિંદના જેવી જ હતી. બ્રહ્મદેશ પાછા ફરીને તેમણે 'ફાસાપાલા' પક્ષની બેઠક બોલાવી બ્રિટન સાથે થએલી સમજૂતી વિગતવાર રજૂ કરી. 'ફાસાપાલા'એ તેમણે કરેલા સમાધાનનો ઉત્સાહથી સ્વીકાર કરી લીધો. માત્ર બ્રહ્મી કૉમ્યુનિસ્ટ પક્ષે તેનો જબ્બર વિરોધ કર્યો ને તે પક્ષના નેતા યુ સોએ આઉં સાનની વચગાળાની સરકારમાંથી રાજીનામું આપી દીધું. યુ સો આઉં સાનની નીતિના કટ્ટર વિરોધી હતા. (આઉં સાનના ખૂન માટે ગિરફ્તાર કરવામાં આવેલાઓમાં યુ સોનો પણ સમાવેશ થાય છે.)

બ્રિટન સાથે થએલા કરારો મુજબ લોકસભા માટે જે ચૂંટણીઓ થઈ તેમાં આઉં સાનની 'ફાસાપાલા' જ જબ્બર બહુમતીમાં ચુંટાઈ આવી. આ લોકસભામાં બ્રહ્મદેશનું ભાવિ ઘડવાનું કાર્ય ચાલતું હતું તેવા અગત્યના સમયે બ્રહ્મદેશના એ પ્યારા લોકનેતાનું હીચકારૂં ખૂન થયું. આઉં સાનના પ્રમુખપણા નીચે વચગાળાની સરકારના પ્રધાનમંડળની બેઠક ચાલતી હતી તે વખતે કેટલાક હુમલાખોરો સ્ટૅનગન સાથે ત્યાં ઘુસી ગયા અને ગોળીબાર કરી આઉં સાન તથા બીજા છ પ્રધાનોનાં ઘાતકીરીતે ખૂન કરી પલાયન કરી ગયા.

રાજકીય દૃષ્ટિએ તદ્દન પછાત એવા બ્રહ્મદેશને સ્વાતંત્ર્યના ઉંબર પર લાવી મૂકવાનું અદ્વિતીય કાર્ય કરનાર ૩૨ વર્ષના એ યુવાન નેતા આગળ જમાનાના ખાધેલ ભલભલા પીઢ નેતાઓ ફિક્કા પડી જતા. તેમની સ્વાતંત્ર્યની તમન્ના, લડાયક જુસ્સો, સમતોલ બુદ્ધિ; લશ્કરી મિજાજ અને રાજકીય પરિસ્થિતિનું સચોટ જ્ઞાન વગેરે અનેક ગુણોને કારણે તે બ્રહ્મદેશના અજોડ નેતા બની રહેલા અને બ્રહ્મી પ્રજા ઉપર તેમનું એટલું તો પ્રભુત્વ હતું કે તેમની નેતાગીરી નીચે પ્રજા ખુલ્લા મોતના માર્ગ ઉપર પણ ચાલવાને તૈયાર થાય. રંગૂનના રાજમાર્ગ ઉપરથી જ્યારે તેમનું શબ પસાર થયું ત્યારે આમ જનતાની જ નહિ પણ પથ્થર હૃદયના લશ્કરીઓની આંખમાંથી પણ ચોધાર આંસુ વહેવા માંડેલાં એ જ તેમની નિસ્સીમ લોકપ્રિયતાનો પુરાવો છે. ઘણાને ખબર નહિ હોય કે આઉં સાન એક બ્રહ્મી મુસલમાન હતા; પણ તેમણે પોતાના ધર્મને રાજકીય પ્રવૃત્તિમાં કદી પણ આડે આવવા દીધો નથી

બ્રહ્મદેશને સ્વાતંત્ર્યના દ્વાર સુધી વળાવી જનાર આ બહાદુર નેતાના ખૂનથી માત્ર બ્રહ્મી જનતાએ જ નહિ પણ આખા જગતે આઘાત અનુભવ્યો છે. સ્વાતંત્ર્યસિદ્ધિની મહત્ત્વની પળોએ ત્યાંના આ સમર્થ નેતાના મૃત્યુથી બ્રહ્મદેશને ન પુરાય તેવી ખોટ પડી છે.

મહા નદી પર બંધાનારો વિરાટ બંધ હીરાકુંડ

ગયા અંકમાં વર્ણવેલા હિંદની નદીઓ ઉપર બંધાનારા વિરાટ જલબંધો પૈકી ઓરિસ્સાની મહા નદી ઉપરના 'હીરાકુંડ બંધ'ની યોજના સબંધેની જે માહિતી હમણાં હિંદની સરકારે બહાર પાડી છે તેમાં વર્તમાન ઓરિસ્સાને રશિયાના નીપર નદીના બંધની રચના કર્યા પહેલાંના યુક્રેન પ્રાંત સાથે સરખાવીને જણાવ્યું છે કે એ જંગી બંધની રચના બાદ ઓરિસ્સાનો આજે દારિદ્રમય અને ખેતીમાં તદ્દન પછાત રહેલો પ્રાંત મબલખ પાક, મોંઘી ખનિજ સંપત્તિનાં ઔદ્યોગિક કારખાનાં તથા મહત્ત્વના જળમાર્ગોવાળો એક સમૃદ્ધ વિસ્તાર બની જશે.



મહા નદીનાં વેગભર્યાં પાણીનો એ સંચય બે કરોડ એકર જેટલી જમીનને ખેતી માટે પાણી પૂરું પાડશે અને ૪૦ લાખ કીલોવૉટ વિદ્યુત્-શક્તિ ઉત્પન્ન કરશે, જે ટેનેસી વૅલી ઉપરના ૨૬ બંધ દ્વારા ઉપજાવવામાં આવતી કુલ વીજળિક શક્તિ કરતાં બમણી થાય છે. વળી વહાણવ્યવહાર ચલાવી શકાય તેવો, મધ્ય પ્રાંતની સીમાથી માંડી છેક દરિયાકિનારા સુધીનો ૩૮૦ માઈલ લાંબો જળમાર્ગ પૂરો પાડશે અને લગભગ ૬૦ લાખ ટન માલની હેરફેર કરી શકે તે રીતનું ઊંડાં પાણીવાળું બંદર ઓરિસ્સામાં ચાંદબલી કે ધમ્રાખાતે વિકસાવી શકાશે. (કલકત્તાના બંદરમાં યુદ્ધ પહેલાંનાં વર્ષોમાં માલની વાર્ષિક હેરફેર લગભગ એક કરોડ ટન થતી હતી.) ઉપરાંત, દરિયાઇ વિમાનો માટેનાં મથકો તરીકે કામ આપે તથા મત્સ્ય-ઉછેર અને આનંદ વિહાર વગેરે માટે ઉપયોગી એવાં મોટાં સરોવરો રચાશે.

મહા નદીના પ્રદેશના સર્વતોમુખી વિકાસની આ યોજના ત્રણ એકમોની બનેલી છે: હીરાકુંડ-બંધ યોજના, ટીકરપરા-બંધ યોજના અને નારજ-બંધ યોજના. પ્રત્યેક બંધની પોતાની નહેર-વ્યવસ્થા તથા વિદ્યુત-ઉત્પાદન મથકો એટલાં સમર્થ હશે કે બીજાં બેની રચના કરવામાં ન આવે તો પણ એ પ્રદેશવ્યાપી યોજનાનો સળંગ ભાગ બનવાની શક્તિ ધરાવે છે. પ્રથમ હીરા-કુંડ બંધની રચના હાથ લેવાશે. મહા નદીના ઉપરવાસ પ્રદેશ પર સંબલપુર શહેરની ઉપરના ભાગમાં ૯ માઇલે એ બંધની ઘાટ તથા રચના માટેની જરૂરીઆતો સૌથી સરળ છે. એ સૌથી વહેલી તકે તેના ફાયદા આપશે અને નાણાંકીય રીતે એ સંપૂર્ણરીતે સ્વાવલંબી હશે. તેની લંબાઈ નદીના મૂળ પ્રવાહ પર ત્રણ માઈલની હશે, બંને કાંઠા પરની તેની દીવાલો ૧૭ માઇલ લાંબી હશે અને વધુમાં વધુ ઊંડાઈ ૧૫૦ ફૂટની હશે. એમાં થનાર જળ-સમુચ્ચય ૧,૩૫,૦૦૦ એકર જમીન પર થશે અને તેની સપાટી દરિયાની સપાટી કરતાં ૬૨૫ ફૂટ જેટલે થશે. તેમાંથી ઉત્પન્ન થતી વીજળી ૧૩૨ કીલોવૉટ ટ્રાન્સમીશન લાઇનો દ્વારા છેક કટક ને જમશેદપુર સુધી આપી શકાશે અને પાછળથી મુચકુન્દ પાવર સ્ટેશનને પણ જોડી દેવામાં આવશે.

કુલ ૪૭-૮૧ કરોડ રૂપિયાને ખર્ચે બંધાનારા આ બંધમાંથી લગભગ ૩,૦૦,૦૦૦ કીલોવૉટ સસ્તી વીજળી ઉત્પન્ન થશે જે વડે સંબલપુરની આસપાસ એક ઔદ્યોગિક નગર વસાવી શકાશે. આ વિસ્તારની નજદીકમાં જ કોલસા, લોઢું, ચૂનાપત્થર, બૉકસાઇટ, લાકડું, ઘાસ વગેરે કાચાં દ્રવ્યો સહેલાઇથી પ્રાપ્ત થઈ શકે તેમ હોવાથી ત્યાં સીમેન્ટ, લોઢું, પોલાદ, ઍલ્યુમીનિયમ, કાગળ, લોહમિશ્રિત ધાતુઓ, કાપડ, ખાંડ, કપાસ, ખાતર, દવાદારૂ અને અન્ય દ્રવ્યો ઉત્પન્ન કરવાનાં કારખાનાં ચાલુ કરી શકાશે.

આજની છીછરી મહા નદી વહાણ-વ્યવહારને લાયક બનશે ને દરિયાના મુખથી તે દાલાબ સુધી ૬૦૦ થી ૮૦૦ ટનની બોટો હરીફરી શકશે; તથા તેના અનુસંધાનમાં કટક, દરાપુર, સોપુરોત્પુર, કાન્તીલો, નવપારા, સાનીઆ, ટીકરપરા, કાઈન્તરાગઢ, બૌધ, બાઉન્સુની, સોનપુર અને બિન્કા આગળ આંતરદેશીય બંદરો ખીલવી શકાય એમ છે. ચંદબલી અને ધમ્રા આગળ તો ઊંડો દરિયો ધરાવતાં મોટાં બંદરો ખીલવી શકાય એમ છે અને ટીકરપરા અથવા નારાજ આગળના બાકીના બે બંધો પૈકી એક બંધ બાંધવામાં આવે ત્યાર પછી તો આ અનુકૂળતાઓનો પૂર્ણવિકાસ સાધી શકાશે.

ફાયર બ્લૅન્કેટ

કાચના કાપડમાંથી બનાવવામાં આવેલું અગ્નિ સામેનું આ નવું સાધન ખરેખર એક ઉપયોગી ચીજ છે. તેની લંબાઈ ૬૦થી૮૦ ઇંચ હોય છે. અને તેમાં કાચના કાપડની બંને બાજુએ સિન્થેટિક રબ્બરનું પડ ચડાવેલું હોય છે. આ બ્લૅંકેટ (ધાબળા)ને અગ્નિની, ગરમીની કે કોઈ રસાયણોની પણ અસર થતી નથી. ગરમી કે ઠંડી ઋતુની તથા ફૂગીની અસરથી પણ તે મુક્ત છે. મોટીમોટી હૉટેલો, લૅબોરેટરીઓ વગેરે સ્થળોએ આ સાધન ઉપયોગી છે. કદાચ કોઈ માણસનાં કપડાં સળગી ઊઠયાં હોય તો તેને આ બ્લૅંકેટમાં વીંટી લેવાથી તેને બચાવી શકાય છે. સળગતાં મકાનોમાં ભડકે બળતી જગ્યામાં પણ સલામત રીતે પહોંચવા માટે આ ધાબળો કામયાબ સાબિત થઈ ચૂકયો છે. —લલિત ભટ્ટ

જયમંગલ પ્રિય જન્મભૂમિનું ગજાવીએ
ઉરસમુદ્રને હિમાલયે ઉછાળીએ
—લાલન

સુલતાન આદિલશાહે શિવાજીને વિજાપુર નોતર્યા ત્યારે વિજાપુરમાં ગોવધ ન થાય એ શરતે તે ત્યાં ગએલા. ત્યાં તેમણે વિજાપુરની બજારમાં એક કસાઇને ગોવધ કરતાં જોયો. લાગલા જ શિવાજીએ તલવાર કાઢી કસાઇના હાથ કાપી નાખ્યો. આદિલશાહે આ સાંભળતાં શિવાજીને અભિનંદન આપ્યાં.

કહેવતોના અર્થ: 'પાઘડીનો વળ છેડે આવશે'—કોઇપણ બાબતને માટે નિરર્થક કલ્પનાઓ કરવા પાછળ વખત ન બગાડતાં, અથવા ખોટી ગુલબાંગોમાં ખેંચાઈ ન જતાં ધીરજથી પરિણામ માટે રાહ જોવાનો બોધ કરતી આ કહેવતનું રૂપક સ્પષ્ટ જ છે કે પાઘડીનો વળ સામાન્યરીતે જેટલો દેખાય છે તેના કરતાં ટે ઉકેલતી વેળા છેક છેડાના ભાગમાં તે એક સામટો જણાય છે ત્યારે જ તેનો ખરો ખ્યાલ આવે છે; તે જ રીતે કોઈ પોતાની યોજનાઓ માટે બડાશ હાંકતો હોય અગર ખ્યાલી સ્વપ્નોમાં રાચતો હોય તેને વસ્તુસ્થિતિનું ભાન તેનું દશ્ય પરિણામ આવ્યે જ થાય છે એને મળતી બીજી કહેવતો: 'વાજતું, ગાજતું માંડવે આવશે'; 'રડતું રડતું આફૂડું ગોળ થશે;' 'સૂરજ છાબડે ઢાંક્યો નહિ રહે'; 'ચંદ્ર બીજનો નહિ તો ત્રીજનો દેખાશે'; વગેરે.

અનેકાર્થી શબ્દ: રસ: દ્રવ અથવા પ્રવાહી પદાર્થ; જીભથી માલૂમ પડતો સ્વાદ; શરીરની સાત ધાતુઓમાંની પહેલી ધાતુ;—અન્ન જેમાં રૂપાંતર પામે છે તે; કાવ્ય કે નાટક જોવા સાંભળવાથી ભાવનો ઉદ્રેક થવાથી મનમાં જે આનંદ થાય છે તે; પ્રીતિ કે ઉમંગ; સરસાઇ માટેનો મગત; સાર અથવા સત્ત્વ; વનસ્પતિ કે ફળનો પ્રવાહી; પારો; પારા વગેરે ધાતુઓની ભસ્મ.

ગણિત-ગમ્મત: જેના પાસપાસેના અંકોનો સરવાળો ૯ કે ૯ થી ઓછો હોય તેવી, ગમે તેટલા અંકોની સંખ્યાવાળી કોઈ પણ રકમને ૧૧વડે ગૂણી, જે આવે તેનો ઊલટાવી ૧૧ વડે ભાગવાથી મૂળ રકમની ઊંધી રકમ આવશે. દા. ત. ૧૫૪૩×૧૧=૧૬૯૭૩· ૩૭૯૬૧÷૧૧=૩૪૫૧. —નૌતમ વખારિયા

ઘણી જ જહેમતભરી ગણતરી પછી પૃથ્વીનું વજન ૫૮૮,૫૧૬,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ ટન નક્કી કરવામાં આવ્યું છે.



સિક્કાઓમાં અવનવા પ્રકારો સર્જવા માટે પઠાણ વંશનો મુહમ્મદ તઘલખ તો ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. તેણે એક વાર રૂપા-સોનાના સિક્કાને બદલે પિત્તળના સિક્કા પણ કાઢેલા, જેનો નમૂનો ઉપર આપ્યો છે. તેના પર તેનું મૂલ્ય દર્શાવતું લખાણ છે ને પોતાની પ્રજાને બોધતું કુરાનનું વચન કોતર્યું છે કે 'રાજાજ્ઞાને માનવી તે ઈશ્વરજ્ઞાને માનવા બરાબર છે.' પરંતુ તેના આ સિક્કા નિષ્ફળ ગએલા.



આપણી સમૃદ્ધિ

મૅંગેનીઝ ધાતુનો મોટામાં મોટો જથ્થો હિંદમાં છે. દુનિયાના અબરખના જથ્થાનો પોણો ભાગ હિંદ ધરાવે છે; અને લોખંડની કાચી ધાતુનો દુનિયાનો જંગીમાં જંગી ભંડોળ પણ હિંદ જ ધરાવે છે. હિંદની ધરતીના પેટાળમાં ૬૦૦,૦૦,૦૦૦ (છ કરોડ) ટન કોલસો, ક્રોમિયમ અને ઍલ્યુમીનિયમની કાચી ધાતુના સમૃદ્ધ ભંડાર ભર્યા છે. જગતને ઇલ્મેનાઇટ, મૅનેઝાઇટ અને ઝિકન ધાતુઓ મેળવવાનું મુખ્ય સ્થાન પણ હિંદ જ છે.

દુનિયાભરમાં ખાંડ, તેલી બીઆં, તમાકુ અને શણનાં પણ જંગીમાં જંગી ઉત્પન્ન હિંદમાં જ થાય છે. લાખ અને લાખમાંથી ઉત્પન્ન થતી ચીજોનો જગતભરનો ઈજારો આજે હિંદ ધરાવે છે. આખી દુનિયાની શણની કુલ ઉપજનો ૯૯ ટકા ભાગ હિંદમાં જ પેદા થાય છે. રૂની પેદાશમાં હિંદ જગતભરમાં બીજે નંબરે આવે છે. જગતની ચામડાંની નિપજનો ત્રીજો ભાગ હિંદ ધરાવે છે. બ્રિટિશ કૉમનવેલ્થનું મોટામાં મોટું પોલાદનું કારખાનું—જમશેદપુરનું તાતાનું—હિંદ જ ધરાવે છે. દુનિયાનાં ઢોરની વસતિના ત્રીજા ભાગ જેટલી ગાયો હિંદમાં છે. અને દર દસ અંગ્રેજે બે અંગ્રેજો હિંદ પર આધાર રાખે છે. અને છતાં આજે આપણે કયાં ઊભા છીએ?



કલાકણિકા: ઈ. સ. પૂર્વેના ચોથા કે પાંચમા સૈકાનો ઈરાનનો સોનાનો બાજૂબંધ, જેની રચના, પાંખ ચાંચ અને શીંગડાવાળા એક અપરૂપ પ્રાણીના ડિઝાઈન વડે કરેલી છે. (લંડન વિક્ટોરિયા-આલ્બર્ટ મ્યૂઝિયમમાં)

દાદરઉપરથી નીચે ઊતરવું આપણને ઓછી મહેનતવાળું લાગે છે, પણ ખરૂં જોતાં તે ઘણો થાક લાગે એવી પ્રવૃત્તિ છે. સાધારણ ઝડપથી સપાટ જમીન પર ચાલીએ તેના કરતાં તેમાં આઠ ટકા વધારે મહેનત પડે છે.

જગતમાં સૌથી મોટા કદનું ચિત્ર વેનિસમાં ચિત્રકાર 'ટિન્ટોરેટો' (Tintoretto)નું 'સ્વર્ગ' નામનું છે. તે ૮૨ ફૂટ લાંબું ને ૩૩ ફૂટ ઊંચું છે બીજું પણ 'સ્વર્ગ' નામનું જંગી ચિત્ર પારીસમાં આવેલું છે. તેમાં ૩૦૦ આકૃતિઓ છે જે દરેક માનવકદથી ત્રણ ગણી મોટી છે. મ્યૂનિચમાં આવેલું પીટર કોર્નેલિયસનું 'છેલ્લો ચુકાદો' નામનું ચિત્ર ૫૯ ફૂટ ઊંચું છે.


રશિયાની ૨૦કરોડજનતાનો મુખ્યપ્રધાન ને સરમુખત્યાર સ્ટાલીન માત્ર ૧૦૦૦ રૂબલ એટલે ૪૫૦ રૂપિયા પગાર લે છે અને ફક્ત ત્રણ ઓરડીમાં રહે છે. જાપાનના મુખ્ય પ્રધાન ને સેનાપતિ બન્ને ૫૦૦જ રૂપિયા પગાર લે છે.

૧૯૪૬ની સાલમાં મુંબાઇની કાપડની મિલોમાં હડતાળને લીધે કુલ ૧૮૮૨૯૨૭૮૮ વાર કાપડ ઓછું ઉત્પન્ન થયું. માણસ દીઠ ૨૦ વાર કાપડની ગણત્રીએ ૫૦ લાખ માણસોના કાપડનું હિંદને નુકસાન થયું.

પ્રાઇમસ ઓલવી નાખ્યા પછી તેમાં પીનને ભરાવી રાખવાથી તેને ફરી સળગાવતી વખતે પીન મારવી પડશે નહિ અને પ્રાઇમસનું આયુષ્ય વધશે.


જગતનો પહોળામાં પહોળો રસ્તો દક્ષિણ અમેરિકામાં બૂએનો આયર્સમાં છે—૬૦૦ ફૂટની પહોળાઇનો!





ફો ટો ગ્રા ફી

હરીફાઈનું પરિણામ





મથાળે : ડાબી બાજુ–'સંધ્યા' (શંકરલાલ દવે–મદ્રાસ) પહેલું ઈનામ; જમણી બાજુ–'પ્રકૃતિને ખોળે' (અન્વરઅલી હેમાણી–કરાચી) બીજું ઈનામ: નીચે: ડાબી બાજુ–વાત્સલ્ય (દિલીપકુમાર પરીખ–અમદાવાદ) નોંધપાત્ર; જમણી બાજુ–બેનનાં લાડ (બી. એમ. મિસ્ત્રી–અમદાવાદ) નોંધપાત્ર.